....આયો મહાઓચ્છવ

....આયો મહાઓચ્છવ

● પ્રેરક ●

ગોસ્વામી ૧૦૮ શ્રી દેવકીનંદનાચાર્ય

શ્રીમદ્ ગોકુલ

◆ પ્રકાશક ◆

શ્રી ગોસ્વામિની શ્રીમતી પાર્વતીબહુજી
એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
અમદાવાદ

□ પ્રાપ્તિ સ્થાન □

(૧) શ્રીમદ્ ચતુર્થપીઠ, ગોકુલ.

(૨) શ્રી દિલીપભાઈ શાહ
૧૨૯/એ, આદિનાથ સોસાયટી,
વી.આઈ.પી. રોડ, કારેલીબાગ,
વડોદરા. ફોન : ૪૪૨૫૬૫

✦ મુદ્રક ✦

સ્મીરા ગ્રાફીક્સ
૨૨૯, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ. (૩૯૨ ૦૦૧)
ફોન. :- (૦૨૬૪૨) ૪૩૬૨૩-૪૪૭૩૧

* વલ્લભ વાણી *

હે મધુસૂદન ! આપની અમૃતમય મહિમા એ રસનો અનંત સમુદ્ર છે. તેના એક બૂંદનો એકવાર પણ સ્વાદ ચાખી લેવાથી હૃદયમાં નિરન્તર પરમાનન્દની ધારા વહેવા લાગે છે. એના કારણે જગતમાં જેટલાં વિષયભોગોના જે કાંઈ પણ લેશમાત્ર (આભાસરૂપ) સુખનો અનુભવ થયો છે તે અથવા પરલોક વગેરેના (સુખના) વિષયમાં શ્રવણ કરેલ છે તે બધું જ જેમણે ભુલાવી દીધેલું છે (એટલે કે ભૂલી ગયા છે તે ભક્તો), સર્વ પ્રાણીઓના પરમ પ્રિય, સુહૃદ (કૃપાળુ) અને સર્વાત્મા આપ ભગવાનમાં જ પોતાના મનને નિત્ય નિરન્તર (સતત) લગાવેલું રાખે છે તેવા આપના ભક્તો જ પોતાના પુરૂષાર્થમાં કુશલ છે. હે મધુસૂદન ! આપના તે પ્રિય અને સુહૃદ ભક્તો આપના ચરણકમળોના અનુસેવનને કેવી રીતે છોડી શકે કે જેના સેવનથી સંસારના ભ્રમણમાંથી સદાય છુટકારો મળી જાય છે.!

(શ્રીમદ્ ભાગવત, ૬/૯/૩૯)

સ્વરૂપથી, ફલથી અને મહાપુરૂષના સંબંધના કારણે ઉત્તમ વિષય હોવાના લીધે પણ ભગવદ્ ચરિત્ર પરમ (મહાન) ગણાયેલું છે.

આ ચરિત્ર (નું શ્રવણ, કીર્તન, મનન) મુક્ત થયેલ જીવનું કાર્ય છે, મોક્ષની ઈચ્છાવાળા જીવના ભવ (સંસાર)નું નાશક છે અને નિંદા ન કરી શકાય તેવા વિષયવાળું છે. તેમાં અણગમો રાખનાર જીવનું જરૂર પતન થાય.

પશુ અને સ્ત્રી જીવાત્મા વિનાનો જો કોઈ જીવ ભગવદ્ ચરિત્રમાં અણગમાવાળો હોય તો તે આત્મવાણી, કર્મમાં જડ કે સદા નિંદિત પદાર્થમાં આનંદ માનનારો હોય છે. તે સિવાયનો બીજો કોઈપણ જીવ ભગવદ્ચરિત્રમાં વિરક્ત નથી હોતો.

ભગવાનનું ચરિત્ર ફલરૂપ છે... તૃષ્ણા અંત:કરણના દોષોને જણાવનારી (ઉપલક્ષક) છે. એટલે (શ્લોકમાંનું) નિવૃત્તતર્ષૈ: પદ જેઓના સર્વે દોષો જતા રહેલા છે તેવા જીવોનું સૂચન કરે છે. કેમકે જે જીવમાં થોડા પણ દોષ હોય તો તે ભગવાનના ગુણોનું ગાન કરી શક્તો નથી. વળી નજીકમાં ભગવાનના ગુણોનું ગાન થતું હોવાથી તેનું શ્રવણ કરવા માટે કયાંય જવાના પ્રયાસની પણ જરૂર નથી. તેમજ શ્રવણ કરતાં આનંદ થતો હોવાથી વિષયના અનુભવ કરવાનો પ્રયાસ પણ જરૂરી નથી. વળી, નિવૃત્તતર્ષૈ: પદ બહુવચનમાં હોવાથી વારંવાર શ્રવણ થતું હોવાથી નિવારણ કરવા જેવાં દોષો દૂર થઈ જાય છે તેવું જણાવેલ છે અને દૂર કરવા જેવા ન હોય તેવા દોષો તો ભવિષ્યમાં થનારી લીલાઓમાં ફલિત થશે. ભગવાનનું ચરિત્ર સ્વતંત્ર ફલરૂપ હોવાથી જ નિવૃત્ત થયેલ તૃષ્ણાવાળા જીવો સર્વ સ્થળે જઈ તેનું ગાન કરે છે. ...આ ચરિત્ર ભવ એટલે કે સંસારનું ઔષધ એટલે કે (સંસારનું) નિવારણ કરનાર છે. તેથી સંસારના નિવારકરૂપ એવા ઉપકારના સ્મરણથી આ ચરિત્રનું ગાન થાય છે. શ્રવણ કરનારને તો કર્મ, જ્ઞાન કે ભક્તિ કરતાં આ ચરિત્રનું શ્રવણ એ મોક્ષનું પરમ સાધન થાય છે. કેમકે રોગના નિવારણ માટે ઔષધને (શરીરમાં) અંદર પ્રવેશ કરાવવા સિવાય બીજા કોઈ પણ કાર્યની જરૂર હોતી નથી. અને અહી ચરિત્રનો કર્ણ (કાન) દ્વારા અંદર પ્રવેશ થાય છે..... શ્રવણ કાનને તથા મનને સર્વ તરફથી આનંદ કરાવે છે. માત્ર પ્રવેશ કરીને જ તે શ્રવણ આનંદ કરાવે છે તેવું જાણવું.... જે જીવો પશુરૂપ કે સ્ત્રીરૂપ છે તેઓ ભગવાનના ગુણગાનના અધિકારી નથી. જે સ્ત્રીઓ શ્રવણ વગેરેમાં આશક્તિવાળી છે તેઓ કોઈ કર્માના લીધે જ સ્ત્રીઓ થઈ છે, પરંતુ સ્વભાવથી તેઓ પણ પુરૂષ છે. તેથી કોઈપણ પુરૂષને ભગવદ્‌ચરિત્રના શ્રવણ, ગાન વિગેરેમાં અણગમો કે અરુચિ થતા નથી.

(શ્રીમદ્ ભાગવત સુબોધિની ૧૦/૧/૪)

મુખ્ય (શ્રેષ્ઠ) એવા ભગવદ્ ભક્તોમાં ત્રણ પ્રકારના ધર્મો કે ગુણો હોય છે. પહેલાં તો તેઓ લોકનો ત્યાગ કરે છે, ત્યારબાદ તે ભગવાનના ચરણારવિંદરૂપ આતપત્ર (છત્ર કે છતરી) નો આશ્રય કરે છે અને તે પછી દેહાદી વગેરે ભૂલી જવાય તે રીતે નિરન્તર તેવા તાદશી, ભક્તો સાથે ભગવદ્ ગુણગાન કરે છે. પરન્તુ, જો આ ત્રણ ધર્મો કે ગુણોમાંથી એક પણ ધર્મ ઓછો હોય છે તો તેવો વૈષ્ણવ મુખ્ય (મહદ્) નથી હોતો.

અહીં જેમ લોકનો ત્યાગ કરવાનો છે તેમજ જો ભક્ત પણ લોકને જ અનુસરનારા હોય તો તેઓનો પણ ત્યાગ કરવો જ જોઈએ. બીજા લોકોની અપેક્ષામાં આવા (લૌકિક) ભક્તોનો ખાસ ત્યાગ કરવો જોઈએ. (કારણકે) જો આંધળો માણસ કૂવામાં પડે તે તો ઠીક છે, પરંતુ દેખતો (આંખોવાળો) માણસ કૂવામાં પડે તો તે મહાન (મોટો) આંધળો છે, તેમ જાણવું. (એટલે કે ભગવાનનો ભક્ત થઈને લોકાસક્ત થાય તો તે દેખતો છતાં આંધળો હોવાથી વધુ ગેરમાર્ગે લઈ જનારો હોય છે, માટે તેનાથી તો દુર જ રહેવું.)

આ બધાનો ત્યાગ કરીને પછી ભગવાનના ચરણની શરણાગતિ. (ત્યાર પછી) પોતાની મેળે ગુણો કહેવાથી રસનો આવિર્ભાવ નથી થતો, પરંતુ અભિમાન થાય છે. તેથી જો સમાન ભક્ત હોય તો તેમની સાથે ગુણગાન કરવા. તેમાં પણ ભગવાનના ગુણો જેમાં વર્ણવાયેલા છે તેવી વાણી સમુદ્ર જ છે. તેમાંથી (સમુદ્રમાંથી) મંથનથી ઉત્પન્ન થયેલા અમૃતને કારણે જો સારી રીતે ભૂખ, તરસ વગેરે દૂર કરેલા હોય તો મુખ્ય ભક્ત થવાય. જેઓ કથારૂપ અમૃતનું પાન કરતાં દેહ વગેરે ધર્મોથી રહિત થાય છે તેઓ જ ભગવાનના ભક્તો છે અને જે દેહ વગેરેના ધર્મોને દૂર કરે છે તે જ અમૃત છે. જેઓના આવા ધર્મો દૂર થાય છે તેઓએ જ લોકનો ત્યાગ કરેલો છે, બીજાઓમાં તો આવા ભક્તોની સરખામણીમાં લોક રહેલો છે. જો ભક્ત ભગવાનના ચરણારવિંદની છાયામાં આશ્રિત થાય તો જ ભગવાનના ગુણોની વાણી તેના અંદરના તાપને દૂર કરે છે.

(શ્રીમદ્ ભાગવત, સુબોધિની, ૩/૨૧/૧૭)

ભગવાનની કથા ભગવાનથી પણ અધિક છે.... જે લીલાઓ ભગવાને પહેલાં કરી તેનું વ્યાસજી વગેરેએ ગાન કર્યું ત્યારે તે અનુચરિત કહેવાઈ..... અહીં આ લીલાના રસપાનમાં કોઈ જ પ્રયત્ન કરવો પડતો નથી. કેમકે આ અમૃતનું પાન તો કાન વડે થાય છે, એટલે આંખ મિચેલી (બંધ) હોય તો પણ તેનું પાન થાય છે. જો અમૃતનું વિશેષ પાન કરવામાં આવે તો કોણ જાણે તેનાથી શું (ન) થાય ? (બધું જ સિદ્ધ થાય) કેમકે અમૃતના એક બૂંદનું પણ આદર સહિત મનથી ગ્રહણ કરવાથી સર્વ રાગાદિ દ્વન્દ્વ (સુખ-દુ:ખ) રૂપધર્મો નષ્ટ (દૂર) થઈ જાય છે.... જે પ્રકારે બધાને પુન: પ્રતીતિ ન થાય તે રીતે આ રાગાદિ વગેરે જતા રહે છે, કેમકે લૌકિક-વૈદિકમાર્ગથી પુષ્ટિમાર્ગમાં જ અભિનિવેશ થાય છે.

(શ્રીમદ્ ભાગવત, સુબોધિની, ૧૦/૪૪/૧૮)

જેમ ભગવાન (ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એમ) છ ગુણોવાળા, મોક્ષ આપનારા અને પરમાનન્દરૂપ છે તેમ ભગવાનની કથા પણ છ ગુણોવાળી, મોક્ષ આપનારી અને પરમાનન્દરૂપ છે..... અમૃત ભગવદ્ રસરૂપ છે. જે રૂપ બધાનાં મરણ વગેરેનો નાશ કરે છે તે અમૃત કહેવાય છે. તેથી ભગવાનની કથા પણ મોક્ષ આપનારી અને પરમાનન્દરૂપ છે તેવું સિદ્ધ થાય છે..... અમૃત તાપનો નાશ કરનાર છે તે હકીકત તો પ્રસિદ્ધ જ છે. ..... જ્યારે બ્રહ્મા વગેરે ભગવાનની પ્રાર્થના કરે છે ત્યારે ભગવાન અવતાર ધારણ કરી જગતમાં પધારે છે, પણ પછી ભગવાન તિરોધાન થઈ જાય છે, પરંતુ કથા તો આવ્યા બાદ કદી પણ તિરોહિત નથી થતી.... (પ્રવાહી) રસરૂપ અને (ઘન) પિણ્ડરૂપમાં જેટલો ભેદ છે તેટલો જ ભેદ ભગવાનના કથા અને સ્વરૂપમાં છે..... એટલે જ ભગવાનની કથા કહેનારા મુનિઓ (વક્તાઓ)એ ભગવત્કથા સંભળાવીને ખૂબ આપેલું છે અને તેથી જ અમે (ગોપીજનો) વિરહાવસ્થામાં પણ કથાથી જીવી શકીએ છીએ.

(શ્રીમદ્ ભાગવત, સુબોધિની, ૧૦/૨૮/૯)

સર્વ જીવોને પુરૂષાર્થની પ્રાપ્તિ થાય તે માટે આ એક (ભગવત્કથાનો) માર્ગ સુગમ (સરળ) અને પ્રસિદ્ધ છે..... સત્પુરૂષો (ભગવદ્ ભક્તો) ભગવાનની આજ્ઞાથી સર્વ સ્થળે પરિભ્રમણ કરે છે અને તેઓનું આ જ કર્તવ્ય છે. ભગવાનના ગુણગાન કરવામાં તેઓ મુખર (એટલે કે બહુ બોલનારા-ગુણ પરાયણ કે મગ્ન) હોય છે. તેમાં પણ ભગવત્કથા જાણીને કહેવી જોઈએ તેવો નિયમ નથી, માત્ર તે કથા ભગવાનના સંબંધવાળી કથા હોવી જોઈએ. વળી કથા યુક્તિસહિત કે યુક્તિરહિત છે તેવો પણ વિચાર જરૂરી નથી. વળી કથા કોઈપણ પ્રયાસ વિના શ્રોતાના પોતાના કર્ણમાં આવે છે. તે કથા કાયા (શરીર), વાણી અને મનથી નમન યોગ્ય છે. આ ભગવદ્વાર્તાને અનુકૂળ રહે તેમ શરીર, વાણી અને મન રાખવા જોઈએ (કે જેથી વાર્તામાં દુર્ભાવના ન આવે); પરંતુ વાર્તાની વિરૂદ્ધ વિચાર ન કરવો જોઈએ. અહીં આ જ કર્તવ્ય છે. વળી માત્ર જીવતા હોવું તે જ આ માર્ગનું સાધન છે નહીં કે કર્મ કરવાનું વગેરે..... આ જ પ્રકારે (ભગવાનની કથા-વાર્તાનું શ્રવણ કરવાથી જ) ભવિષ્યમાં થનાર (આધુનિક) જીવોનો મોક્ષ થશે.

(શ્રીમદ્ ભાગવત, સુબોધિની, પ્રક્ષિપ્ત અધ્યાય, ૧૦/૩/૩)

અનુક્રમણિકા

અનુ.	વિષય	પાના નંબર
●	શ્રી ગોકુલેશાષ્ટકમ્	૧
●	શ્રી પાદુકાષ્ટકમ્	૪
●	મહાઓચ્છવના પદ અને ધોળ	૮
૧.	માઈ આજ કછુ મંગલ હૈં	૮
૨.	શ્રી વલ્લભ પ્રગટે ભાગ્ય હમારે	૮
૩.	સુનોરી આજ આનંદ બધાયો હૈં	૮
૪.	ભયો શ્રીવિઠ્ઠલકે મન મોદ	૯
૫.	મહોત્સવ ફૂલન ફૂલે આયો	૯
૬.	આનંદ ભરિ ડોલત વ્રજબાલા	૧૦
૭.	હમારે અલૌકિક ઉત્સવ આયો	૧૦
૮.	પ્રાગટ અતુલ પ્રગટ ભયો	૧૦
૯.	સબ ઉત્સવકો ઉત્સવ આયો	૧૧
૧૦.	પ્રગટ્યો સબકો વલ્લભ માઈ	૧૧
૧૧.	આજ હમારે મંગલમાઈ	૧૧
૧૨.	મંગલ ગાવત દેત અસીસ	૧૨
૧૩.	એસો પૂત કાહુ નહીં જાયો	૧૨
૧૪.	કેસરકી ધોતી કટિ	૧૨
૧૫.	યહ આનંદ સબકો બડભાગી	૧૨
૧૬.	ઘર ઘર મંગલ આજુ વધાઈ	૧૩
૧૭.	સબ મિલિ આવોરિ આવો	૧૩
૧૮.	નવલકિસોર રસિક વલ્લભવર	૧૩
૧૯.	સારમાં સાર અવતાર અબલાતણો	૧૪
૨૦.	આજ સખીરે મુજને સ્વપનેડુ લાગ્યુંજી	૧૪
૨૧.	શ્રી ગોકુલેશજીના નામ ભજનનું	૧૫

અનુ. વિષય પાના નંબર

૨૨. નામ તણો છે મોટો મહિમા ૧૫
૨૩. માહારે આંગણે આવીને વાયસ બોલિયારે ૧૬
૨૪. શ્રી વિઠ્ઠલગૃહે પ્રગટિયો ભાણજી ૧૬
૨૫. સુંદર વહાલો અતિ મનોહર ૧૭
૨૬. ગોઠડી મીઠડી શ્રીગોકુલાધીશની ૧૮
૨૭. અમને વહાલા રે શ્રીવલ્લભજી ૧૮
૨૮. શ્રીવલ્લભજીનું રૂપ નિરખું ૧૯
૨૯. અરૂણ ઉદે હવો ઉઠયા મહારાજજી ૧૯
૩૦. ઉત્થાપન કેરે આગમે ઘેરઘેરથી ૨૦
૩૧. પ્રભુનું ઉત્થાપન સુની સહુકો ૨૨
૩૨. શ્રી વલ્લભવર પુરણ કામજી ૨૩
૩૩. મંદિર માંહે તે ભીડ અતિ ભક્તની ૨૪
૩૪. સજની તે સાંભળોને વાતરે ૨૬
૩૫. આવી આસને બેઠા મહારાજ જીરે ૨૭
૩૬. કરુણા તે કરીને પાઉ ધાર્યાજી ૨૮
૩૭. આજ વ્રજની શોભા અતિ ઘણી ૨૯
૩૮. અગહન માસ મહા બડભાગી ૩૦
૩૯. ભીડ થઈ માહા મંદિર ૩૧
૪૦. હાંરે આજે જનમ રે ૩૨
૪૧. આનંદસાગર ઉલટયો સખી આજ ૩૩
૪૨. આવો રે ગોરી આવો સાંમલી ૩૩
૪૩. આવો આવો રે સુજાતિ સહિયર સાથ ૩૪
૪૪. આવોજી અચલ સોહાસણી ૩૫
૪૫. આજ અચાનક આનંદરૂપી ૩૫
૪૬. આવો મલો સાહેલડી જોવા જઈએ રે ૩૬

અનુ.	વિષય	પાના નંબર
૪૭.	આજ સખી હું તો આનંદ પામી	૩૭
૪૮.	આજ હમારે શ્રીવલ્લભ જાયો	૩૭
૪૯.	આવોજી અતિબડભાગિયાં	૩૭
૫૦.	આવો આવોને શ્રીગોકુલનાથ	૩૯
૫૧.	આજ મહારા આંગણિયામાં	૩૯
૫૨.	આજ મહારે આનંદ ઉર ન સમાયજી	૪૦
૫૩.	આજ આનંદ માહારે અતિઘણો	૪૦
૫૪.	એરે વહાલો સખી ! ક્યારે દેખીશું રે	૪૦
૫૫.	શ્રીગોકુલનાથ પ્રાગટય થયા	૪૧
૫૬.	શ્રીગોકુલનાથ સોહામણા રે	૪૨
૫૭.	શ્રીગોકુલ સાસરિયે જાવું	૪૨
૫૮.	શ્રીગોકુળિયું મૂકીને કંઈ જઈએ નહિ	૪૩
૫૯.	ચાલોજી રસભરી સુંદરી	૪૪
૬૦.	છઠ્ઠ દિવસની રે રાતે	૪૫
૬૧.	જનમઉત્સવ કેરે આગમ	૪૫
૬૨.	જીરે રંગ રંગ શ્રીઓચ્છવ આજ	૪૭
૬૩.	જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજનો રે	૫૨
૬૪.	તારી વરણાગી વેરાશે	૫૨
૬૫.	તમો ફૂલ બાગમાં ડેરા તણો મારા રાજ	૫૩
૬૬.	ધન્ય રે વેળા ધન્ય એ ઘડી	૫૩
૬૭.	પિયુજી મુજને વ્રજ જોવાના કોડ કે	૫૪
૬૮.	પ્રીતમ પરમ સુજાણ, રસ અનુભવી પીએ	૫૪
૬૯.	બેની આજ મારે આંગણિયે	૫૬
૭૦.	ભલે જનમ્યાજી શ્રીગોકુલનાથ જીરે	૫૬
૭૧.	ભલે આવીજી માજમ રાત	૫૭

અનુ.	વિષય	પાના નંબર
૭૨.	ભલે જન્મ્યા શ્રી ગોકુલનાથ ભક્તિ	૫૭
૭૩.	માગસીર માસ અતિ અનુપરે આજે સોહેલો	૫૮
૭૪.	માગસીર સુદી સાતમ દિન ધન્ય પ્રાગટયએ	૫૯
૭૫.	મંડપ ગાવા મોહનભાઈ	૬૦
૭૬.	મહારે મંદિરે પધારો શ્રીગોકુલનાથજી	૬૦
૭૭.	મોહન મલપંતા ઘેર આવ્યાજી	૬૧
૭૮.	મંગલરૂપે મહારાજ મારે મન વસિયાજી	૬૧
૭૯.	મેં'તો તમને જાણીઆ એ	૬૧
૮૦.	શ્રીમુખ જોવા રે આતુરી	૬૨
૮૧.	મહોઓચ્છવના દિન અતિ રળિયામણા રે	૬૨
૮૨.	જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજુનો	૬૨
૮૩.	મ્હારૂં મન તમનેં મલવા તપે મોહનવરજી	૬૩
૮૪.	શ્રી રૂકમણી જાયો શ્રી વલ્લભ પુત્ર	૬૩
૮૫.	શ્રીવલ્લભવરજી આવ્યાને મોતિડે વધાવ્યાજી	૬૪
૮૬.	શ્રી વિઠલગૃહ અતિશે આનંદજી	૬૫
૮૭.	શ્રીવલ્લભમેરો, શ્રીવિઠ્ઠલરાજકુમાર રે	૬૬
૮૮.	વહાલા લાગો છો ઘણુ વહાલા	૬૭
૮૯.	શ્રીવિઠ્ઠલનંદજીની ચાલનો રે ચટકો	૬૭
૯૦.	હાં રે ધન્ય આજની ઘડી રળીયામણી	૬૮
૯૧.	શ્રીવલ્લભ સુત ગ્રહે પ્રગટીઆ વલ્લભવરજી	૬૮
૯૨.	વારી વારી શ્રીગોકુલનાથ તમારા લટકાને	૬૯
૯૩.	શ્રીવલ્લભ રે તું જીવન માહારો	૬૯
૯૪.	સખી હો અગહન માસ ભલે આવ્યો રે	૭૦
૯૫.	સખી ધન્ય રે દિવસ ધન્ય રાતડી જો	૭૧
૯૬.	સુણ સાહેલડીરે, માહારે વલ્લભવરશું કામરે	૭૧

અનુ.	વિષય	પાના નંબર
૯૭.	સખી ભાગ્યરાસે મહાઓચ્છવ કીધો રે	૭૨
૯૮.	સાંભળ સજની વાત અનુપમ આજની	૭૩
૯૯.	સુંદર શ્રીગોકુલિયું જોવાના મુજને કોડ	૭૩
૧૦૦.	હું તમને પૂછું રાણી રુકમિણી	૭૪
૧૦૧.	જીરે શુભ દિવસ સુહાગનો	૭૫
૧૦૨.	સહુ રસિક સમાજને વિનવું	૮૨
૧૦૩.	શ્રી રૂકમણી જાયો શ્રી વલ્લભ પુત્ર	૮૩
૧૦૪.	સખી ભાગ્યરાસે મહાઓચ્છવ કીધો રે	૮૪
૧૦૫.	ભલે જનમ્યા શ્રી ગોકુલનાથ	૮૫
૧૦૬.	નિજ ભક્તને ચરણે નમી	૮૬
૧૦૭.	તે પંચ શલ્ય તેનો પ્રકાર	૮૭
૧૦૮.	જેને શ્રી વલ્લભજી વહાલા	૮૮
૧૦૯.	વૈષ્ણવ જનને કરૂં વિનતી	૯૦
૧૧૦.	ભક્ત અનેક પ્રતિ ભક્તને	૯૨
૧૧૧.	સ્વકીય સુજાતી ભીતર જાયે છે	૯૩
૧૧૨.	શ્રીગોકુલેશવર રસિક સ્વરૂપજી	૯૩
૧૧૩.	એવી સજ્યાને જોઈ જોઈ રે	૯૫
૧૧૪.	શ્રીગોકુલેશ જીવનધન	૯૭
૧૧૫.	હું એ તમને પુછું રાણી રૂકમણિ	૯૮
૧૧૬.	વિનંતિ કરું શ્રીવલ્લભ પ્રભુ	૯૮
●	**વિવાહ ઓચ્છવના પદ, શોભન અને ધોળ**	૧૦૦
●	**માલા પ્રસંગનાં કવિત**	૧૧૧
●	**મન:પ્રબોધ**	૧૧૫

।। શ્રી ગોકુલેશાષ્ટકમ્ ।।

(શાર્દૂલ)

ઉદ્ધર્તું ધરણીતલે નિજબલેનૈવ સ્વકીયાન્ જનાન્
આવિર્ભૂય તથા કૃપાપરવશ: શ્રીવિઠ્ઠલેશાલયે ।
ય: શ્રીભાગવતસ્ય તત્વવિવૃતેશ્ચકે પ્રવાકં વચ:
પીયૂષૈરતિપોષણાય સતતં શ્રીગોકુલેશોડવતુ ।। ૧ ।।

સ્વકીય જનનો પોતાના બલથી જ ઉદ્ધાર કરવાને તેમજ (પોતાની) વાણીરૂપી અમૃતથી તેઓનું અતિશય પોષણ કરવાને ધરણીતલ ઉપર કૃપાપરવશ શ્રીવિઠ્ઠલેશના મંદિરમાં આવિર્ભાવ પામીને જેમણે શ્રીમદ્ભાગવતની તત્વવિવૃતિનો પ્રવાહ કર્યો (તત્વવિવૃતિ કર્યા કરી) તે શ્રીગોકુલેશ નિરંતર રક્ષણ કરો. ૧

(વસંતતિલકા)

ય: પુષ્ટિમાર્ગગતભાવવિભાવનૈક દક્ષ: સમક્ષમપિ સન્નિધિસેવકાનામ્ ।
યો જ્ઞાનગૂઢહૃદય: સદય: સદૈવ સેવાસુખં મમ તનોતુ સ ગોકુલેશ : ।।૨ ।।

સમીપમાં રહેનાર સેવકોની સમક્ષ પણ પુષ્ટિમાર્ગની ભાવવિભાવનામાં અતિ ચતુર, સદા દયાલુ અને જ્ઞાનથી ગૂઢ હૃદયવાળા શ્રીગોકુલેશ મારા સેવા સુખની વૃદ્ધિ કરો. ૨

(શાર્દૂલ)

ય: સેવ્ય: સતતં સતાં નિજફલપ્રેપ્સાવતાંવર્તિનામ્
આચાર્યોદિતશુદ્ધપુષ્ટિસુપથે નિત્યાનુકમ્પાપર: ।
યદ્દષ્ટયૈવ હૃદન્ધકારનિચયો યાયાત્ક્ષણાત્ક્ષીણતામ્
આનંદં મુહુરાતનોતુ મધુરાકાર: પ્રભુર્વલ્લભ: ।। ૩ ।।

નિજફલ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી અનુકરણ કરતાં સજ્જનોથી સદા સેવ્ય, આચાર્યે કહેલા શુદ્ધ પુષ્ટિના ઉત્તમ માર્ગ પ્રતિ નિત્ય અનુકંપાવાળા,

જેમની દૃષ્ટિથી જ હૃદયના અંધકારનો સમૂહ ક્ષણમાં ક્ષીણ થાય છે તેવા મધુરાકાર શ્રીવલ્લભ પ્રભુ આનંદની વારંવાર વૃદ્ધિ કરો. ૩

યો માયામતવર્તિદુષ્ટવદનધ્વંસં વચોભિર્નિજૈઃ
કુર્વન્સેવકસર્વલોકહૃદયાનંદં સદા પોષયન્ ।
તદ્ભાવં સુદઢં કરોતિ કૃપયા દાસૈકહૃદ્યાતયા
યાતાનાં શરણં હૃદા સ મનસો મોદં સદા યચ્છતુ ।। ૪ ।।

જે માયામતમાં રહેલા દુષ્ટોના મુખનો (અપ્રામાણિક યુક્તિઓનો) ધ્વંસ પોતાની વાણીથી કરતા અને સર્વ સેવક સમૂહના હૃદયના આનંદનું સદ પોષણ કરતા, પોતાના સેવકોમાં પોતાની પ્રીતિ હોવાના કારણે કૃપા વડે તેઓના હૃદયમાં ભાવને સુદઢ કરે છે તે (શ્રીગોકુલેશ) હૃદયથી શરણ આવેલા સત્પુરૂષોને સદા મનનો આલ્હાદ આપો. ૪

(પૃથ્વી)

હસદ્વદનપંકજસ્ફુરદમન્દભાવાર્દ્રદક્ કપોલવિલસદ્રસદ્વયવિમિશ્રતામ્બુલદઃ।
સમુન્નતસુનાસિકઃ સરસચારુબિંબાધરો હરત્વખિલસેવિનાં
ચિરવિયોગતાપં ક્ષણાત્ ।। ૫ ।।

હસતા વદનકમલમાં સ્ફુરતા અતિશય ભાવથી ભીંજાયેલી આંખવાળા, કપોલ પર શોભિત દ્વિદલાત્મક રસનો સાર જેમાં રહેલો છે તેવા તાંબૂલ રૂપ અધરામૃતનું દાન કરનારા, ઊંચી સુંદર નાસિકાવાળા, રસયુક્ત સુંદર અધરબિંબવાળા (શ્રીગોકુલેશ) સર્વ સેવકોના લાંબા સમયના તાપને ક્ષણમાં હરો. ૫

મનોજમધુરાકૃતિર્નિજમનોવિનોદોદ્ગતિઃ
કૃતીજનમનોહૃતૌ વિરતિકારકઃ સંસૃતૌ ।
સ્વભાવપરિપોષકો ભવસમુદ્રસંશોષકઃ
કરોતુ વરણં સદા સફલમત્ર વૈ વલ્લભઃ ।। ૬ ।।

આધિદૈવિક કામદેવના જેવી મધુર આકૃતિવાળા, પોતાના જીવોના મનને વિશિષ્ટ એવા કૃપાબળથી સ્વરૂપસક્તિ તરફ પ્રેરિત કરનારા અથવા

પોતાના જીવોના મનના આલ્હાદને પોતાના સ્વરૂપ વડે પ્રકટ કરાવનાર (પોતાના જનના મનને વશ કરવામાં નિપુણ), સંસારમાં વૈરાગ્ય કરાવનાર સ્વકીય ભાવનું પોષણ, કરનારા ભવરૂપી સમુદ્રને શોષનારા શ્રીવલ્લભ વરણને અહીં સદા સફલ કરો. ૬

(વસંતતિલકા)

ગોધૂમમેચકમનોહરવર્ણદેહો,
યઃ કૃષ્ણકેશનિચયોલ્લસદુત્તમાંગઃ ।
સૂક્ષ્મોત્તરીયકટિવસ્ત્રવિરાજિતાંગઃ
સાઙ્ગાં તનોતુ મુદમદ્ભુતગોકુલેશઃ ।। ૭ ।।

ઘઉં જેવા અને શ્યામ મનોહરવર્ણના દેહવાળા, કાળા કેશના સમૂહથી શોભતા શિરવાળા, કોમલ ઉપરણાં અને ધોતીથી શોભતા, અદ્ભૂત સામર્થ્યને ધારણ કરનારા શ્રીગોકુલેશ મને દાસને પુષ્ટિફળરૂપ સંપૂર્ણ મોદને સતત આપો. ૭

(શાર્દૂલ)

તાતાજ્ઞૈકપરઃ પરાશયવિદાં વર્યઃ પરાનંદદો
માલા યેન સુરક્ષિતા નિજમહાયત્નેન કંઠે સતામ ।
ધર્મો યેન વિવર્ધિતઃ પિતૃપદાચારપ્રચારૈઃ સદા
સઃ શ્રીગોકુલનાયકઃ કરુણયા ભૂયાદ્વશે સેવિનામ્ ।। ૮ ।।

તાતની આજ્ઞાને જ પરાયણ અને શ્રીપુરૂષોત્તમના હૃદયને જાણનારાઓમાં શ્રેષ્ઠ, પરમાનંદ આપનાર, જેણે પોતાના મહાયત્નથી માલાનું સત્પુરૂષોના કંઠમાં રક્ષણ કર્યું અને જેમણે બધે સદા ધર્મની વૃદ્ધિ કરી છે તે શ્રીગોકુલનાયક કૃપાથી સેવકોને વશ થાઓ. ૮

સર્વં સાધનજાતમત્ર વિફલં નૂનં વિદિત્વા જનાઃ
નિત્યં ભક્તજનપ્રિયં ભજત તં ત્યક્ત્વેતરસ્યાશ્રયમ્ ।
તન્નામાનિ જપન્તુ રૂપમખિલં સંચિન્તયન્તુ સ્વયં ।।
સૌખ્યં તત્પદભાવતોઽભિલષિતં સર્વં સ્વતઃ સેત્સ્યતિ ।। ૯ ।।

હે લોકો ! સર્વ સાધન માત્ર અહીં નિષ્ફલ છે, એમ જાણી અન્યાશ્રયનો ત્યાગ કરી, તે નિત્ય ભક્તોના પ્રિયનું ભજન કરો, તેમના નામનો જપ કરો, અને સ્વરૂપનું ચિંતન કરો. તેમના ચરણારવિંદના ભાવનમાત્રથી ઈચ્છેલું સર્વ સુખ પોતાની મેળે પ્રાપ્ત થશે. ૯

।। ઈતિ શ્રીહરિરાયવિરચિતં શ્રીગોકુલેશાષ્ટકં સંપૂર્ણમ્ ।।

।। શ્રી પાદુકાષ્ટકમ્ ।।

શ્રીગોકુલેશ પાદપદ્મ મણ્ડનૈકમણ્ડિતે,
સુરેશ શેષ સર્વદેશ વાસિવૃન્દવન્દિતે.
અનન્યભક્તવાંછિતાખિલાર્થસિદ્ધિસાધિકે
નમો નમોસ્તુ વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૧

શ્રી ગોકુલેશના ચરણકમલોરૂપી એકમાત્ર આભૂષણ વડે વિભૂષિત, દેવાધિપતિ, શેષજી અને સર્વ દેશવાસીઓ વડે વંદિત, અનન્ય ભક્તોને સર્વ ઈચ્છિત અર્થને આપવાવાળાં શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૧

મહાર્હરત્નનિર્મિતે સુહેમપીઠસંસ્થિતે,
સ્વસેવકૈકસેવિતે સુપુષ્પવાસવાસિતે
સ્વરૂપબુદ્ધિહીનજીવ સત્સ્વરૂપબોધિકે,
નમો નમોસ્તુ વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૨

મહા મૂલ્યવાન રત્નો વડે નિર્માણ થયેલાં, સુવર્ણના બાજઠ ઉપર પધરાવેલાં, એકમાત્ર સ્વસેવકો વડે સેવાયેલાં (આ પૂજામાં અર્પણ થયેલ) સુંદર પુષ્પની વાસ વડે સુવાસિત, સ્વરૂપનું જેઓને વિસ્મરણ થયું છે એવા બુદ્ધિહીન જીવને પોતાના સત્ય સ્વરૂપનું ભાન કરાવનાર, શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૨

સ્વસેવનૈકચેતસામનન્યભક્તિદાયિકે,
કૃપાસુધૈકસિક્તભક્તકામમોહનાશિકે
મહાન્ધરકારલીનજીવ હૃત્પ્રકાશચન્દ્રિકે,
નમો નમોસ્તુ વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૩

પોતાના સેવન માત્રથી અનન્ય ભક્તિનું દાન કરનાર, કૃપામૃત વડે ભક્તને સિંચન કરી તેના કામ (લૌકિક) અને મોહનો નાશ કરનાર, (માયાના-સંસારના) મહા અંધકારમાં ગરકાવ થયેલા જીવના હૃદયમાં (ભગવત્પ્રેમરૂપ) પ્રકાશ આપનાર ચંદ્રિકારૂપ શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૩

નિજાશ્રયસ્થિતાખિલાપદાં સદા વિદારકે,
હ્યનેકતાપતપ્તજીવગાંગવારિવીચિકે
સમાગતસ્ય સન્નિધૌ દુરન્તમોહભંજિકે
નમો નમોસ્તુ વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૪

આપના આશ્રયે રહેલા (ભક્તોની) સર્વ આપદાઓને હંમેશાં દૂર કરનાર, (સંસારનાં આધિ, વ્યાધિ ને ઉપાધિ વગેરે) અનેક તાપોથી તપેલા જીવને ગંગાજલની લહરી (સમાન શીતલતા આપનાર), શરણે આવેલાનાં સન્નિધિથી (દર્શનથી) મહામોહને ટાળનાર શ્રીગોકુલેશનાં પાદુકાજી આપને વારંવાર નમસ્કાર હજો. ૪

સદ્દુ:ખદાવવહ્નિદગ્ધમુગ્ધજીવસૌખ્યદે,
પ્રચંડકાલવ્યાલગ્રસ્ત ત્રસ્તવિશ્વમોચિકે
સ્વભક્તશુદ્ધમાનસેવિરાજમાનહંસિકે,
નમો નમોસ્તુ વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૫

(સંસારનાં-જન્મરણની ઉપાધિવાળાં) દુ:ખોરૂપી દાવાગ્નિમાં તપી રહેલા ને મોહ પામેલા જીવને સુખ આપનારાં, પ્રચંડ કાળરૂપ સાપથી ગળાયેલા અને તેથી દુ:ખ પામતા વિશ્વને (કાળ સર્પના ભયથી) છોડાવનાર, અને પોતાના ભક્તોના શુદ્ધ અંત:કરણરૂપી

માનસરોવર પર વિરાજમાન હંસણીરૂપ શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૫

સુપાદુકેતિકીર્તનાદ્ ભવાબ્ધિતોઽપિ તારિકે,
સ્વસેવનાત્સદા નૃણાં સુખૈકવૃદ્ધિકારિકે
મહેન્દ્રચન્દ્રબ્રહ્મભાનુમૌલિહેમમાલિકે,
નમો નમોસ્તુ વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૬

પાદુકાજી એવા નામકીર્તનથી ભવસાગરમાંથી તારનાર, સેવન વડે મનુષ્યોનાં સુખની હંમેશાં વૃદ્ધિ કરનાર, મહેન્દ્ર ચન્દ્ર બ્રહ્મા સૂર્ય જેમાં રહેલ છે તેવી માળા જેમના ઉપર વિરાજે છે એવાં શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૬

મહર્ષિદેવસિદ્ધવૃન્દચામરપ્રવીજિતે,
ચતુર્દિગન્તવારિધૌ નિજપ્રતાપગર્જિતે
ભવાબ્ધિમગ્નજીવજાતશોકમોહહારિકે,
નમો નમોસ્ત વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૭

મોટા ઋષિઓ ને સિદ્ધોનાં વૃંદ જેમને ચામર ઢોળી રહ્યા છે, ચારે દિશાઓના સમુદ્રો પોતાના ગર્જન વડે જેના પ્રતાપનો ઉદ્‌ઘોષ કરી રહ્યા છે અને ભવસાગરમાં ડૂબેલા જીવમાં ઉત્પન્ન થયેલા શોક મોહનું હરણ કરનાર એવાં શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૭

યથોદ્ધવાય ભક્તિભાવભાવિતાય ચાર્પિતે,
તથૈવ ગોકુલેશ્વરેણ સેવકાય ચાર્પિતે
નિરસ્ય માયિકં વચઃ સ્વપુષ્ટિમાર્ગદર્શિકે,
નમો નમોસ્તુ વાં સદૈવ ગોકુલેશપાદુકે. ૮

જેમ (શ્રીકૃષ્ણ ભગવાને પોતાનામાં સંપૂર્ણ) ભાવવાળા ઉદ્ધવજીને પોતાનાં પાદુકાજી આપ્યા હતાં તેમ શ્રીગોકુલેશ વડે

પોતાના (ભાવભાવિત) સેવકોને પધરાવી આપેલાં (અને તેથી) માયિકોનાં વચનોને દૂર કરી સ્વપુષ્ટિમાર્ગનું દર્શન કરાવનાર, એવાં શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૮

યે પાદુકાષ્ટકમિદં નિયતં પઠન્તિ
“વિપ્રોદ્ધવેન રચિતં મહતાં પ્રસાદાત્
તે યાન્તિ ગોકુલપતેશ્ચરણારવિન્દં”
સાન્નિધ્યમુક્તિગતિમત્ર ચ તત્પ્રસાદાત્. ૯

વિપ્ર ઉદ્ધવે રચેલું આ શ્રીગોકુલેશ પાદુકાષ્ટક જેઓ નિયમ પૂર્વક ભજે છે, તે તેમના પ્રસાદ વડે સાનિધ્ય મુક્તિ ગતિને પ્રાપ્ત કરીને શ્રીગોકુલેશનાં ચરણારવિંદને પ્રાપ્ત કરે છે. ૯

મહાઓચ્છવના પદ અને ધોળ

માઈ આજ કછુ મંગલ હેં

માઈ આજ કછુ મંગલ હેં ગોકુલ નગરમેં;
ફૂલી ફૂલી ડોલે ઘન આનંદ અપને મન
બાંધત બંદનવાર બગર બગરમેં. ૧

કુમકુમ કટોરે ધરે દોઉ કર રંગ ભરે,
ચિત્રિત વિચિત્ર કરે ડગર ડગરમેં;
યહ દિન દેખો આયો જનમદિન વલ્લભલાલ,
બાજત વધાઈ સુની જગત જગતમેં. ૨

શ્રી વલ્લભ પ્રગટે ભાગ્ય હમારે

શ્રી વલ્લભ પ્રગટે ભાગ્ય હમારે;
ભયે મનોરથ મનકે ચિતે, શ્રી રૂકમણીલાલ નિહારે. ૧
કહી ન જાત અંગોઅંગકી શોભા, ઉમડી રસકી ધારે;
શ્રીગોકુલપતિજુકી યા છબિ ઉપર, વૃજદાસ અપનપો વારે. ૨

સુનોરી આજ આનંદ બધાયો હેં

સુનોરી આજ આનંદ બધાયો હેં;
શ્રીવલ્લભનંદનકે નંદન, રાની રૂક્મિની જાયો હેં. ૧

અગહન સુદિ સાતે, સુભ ઘડી પલ છપ્પન ભાયો હૈ;
શ્રીવલ્લભ પુરુષોત્તમ ઉત્તમ, ભૂતલ આયો હેં. ૨

મહા મહોત્સવ વ્રજપુર ઘરઘર, રસ બરસાયો હેં;
ભેટ ધરત ન્યોછાવર વારત, દાન દિવાયો હેં. ૩

જાચક કિયે અજાચક ભૂવ પર, અનગન પાયો હેં;
પાયો શોભા કૃષ્ણ દાસી મિલિ, લોડ લડાયો હેં. ૪

બહોત દિનનકી આશા પૂજી, સુજલ લુટાયો હેં;
વૃંદાવન બડભાગી જનની જીન ગોદ ખિલાયો હેં. ૫

ભયો શ્રીવિઠ્ઠલકે મન મોદ

ભયો શ્રીવિઠ્ઠલકે મન મોદ; પરમ પુન્ય ફલ
શ્રીગોકુલેસ સુત ધાય લયે જબ ગોદ. ૧

વારવાર વિધુવદન વિલોક્ત ફૂલે અંગ ન માત;
વા દિસાકી નવલ માધુરી અચવત દ્રગ ન અઘાત. ૨

ઓર કાજ વિસરાયે ચાહત ચુટકી દે કિલકાવત;
છિનુ છિનુ હોત પ્રેમપુલકિત તનુ હરખિ હરિખ હિયે લાવત. ૩

યહ સુખ દેખે હી બનિ આવે કહિ કો સકે સુજાન;
દુહું ઓરકી અદભુત શોભા કૃષ્ણદાસકે પ્રાન. ૪

મહોત્સવ ફૂલન ફૂલે આયો

મહોત્સવ ફૂલન ફૂલે આયો;
મનોરથ ઈચ્છિત આજુ હમારે લાલ રૂક્મિની જાયો. ૧

નવ નવ રંગ સિંગાર સુહાગિન, સુહાગિન અંગ સુહાયો;
આનંદ મંગલ નિર્તત ડોલત, મોદ હી મોદ બઢાયો. ૨

કંચનથાર કલશ ભરિ કેસર, મંગલ સાજ બનાયો;
ઘર ઘર તેં નિકસી ઉમડે રસ, ગાવત રંગ બધાયો. ૩

આઈ સબ સુંદરી મંદિર, આંગન ઉત્સાહ છાયો;
કરત કલ્લોલ અલોલ પરસ્પર, હરખત હૃદયે સમાયો. ૪

દેત અસીસ પરમ પ્રમુદિત મન યહ સુખ સુબસ બસાયો ;
પૂરનકામ નિરખિ સચુ પાવત વલ્લભ મનકો ભાયો. ૫

આનંદ ભરિ ડોલત વ્રજબાલા

આનંદ ભરિ ડોલત વ્રજબાલા ;
કુંકમ તિલક કટોરન ભરભર, મંગલ દેત સબનકે ભાલા. ૧
હઁસત પરસ્પર પ્રેમમુદિતમન પૂરિત પ્રેમ રસાલા ;
ફૂલનસો નિરખત શ્રીવલ્લભવર, રસિક રસિલી બાલા. ૨

હમારે અલૌકિક ઉત્સવ આયો

હમારે અલૌકિક ઉત્સવ આયો ;
પ્રાગટ અલૌકિક વલ્લભલાલકો, દશોદિસ મંગલ છાયો. ૧
બરસ દિનાલોં મંગલ ઈચ્છિત, સો મંગલ દિન પાયો ;
વલ્લભદાસ જનમ દિન રાજે, ઘરઘર હોત બધાયો. ૨

પ્રાગટ અતુલ પ્રગટ ભયો

પ્રાગટ અતુલ પ્રગટ ભયો સુનિ કે જહાં તહાં તે સુંદરિ ઉઠિ ધાઈ ;
બધાઈ, બધાઈ, બધાઈ કહત હેં મોદ ભરિ મંદિરમેં આઈ. ૧
ધનિ રુક્મિની તેરી કૂખ સુહાગિનિ ભાગ્યન યહ નિધિ ભૂતલ પાઈ ;
અષ્ટ સિધિ નવ નિધિ અલૌકિક યા દેખત હમ પાઈ બધાઈ. ૨
મગન ભઈ નિજ અંગ ન સમારતિ, વારતિ તન મન પ્રાન સમેતી ;
અનેક મનોરથ કિયે ભાવતે ન્યોછાવરિ કરિ સંપત્તિ જેતી. ૩
ચિરંજીવો જાગુ જુગ યહ બાલક યા ઘરકી સુખ સંપત્તિ બાઢો ;
દરસ દાનકી ભિક્ષા માગત, દાસ ગોપાલ દ્વાર રહ્યો ઠાડો. ૪

સબ ઉત્સવકો ઉત્સવ આયો

સબ ઉત્સવકો ઉત્સવ આયો ;
અતિ પ્રફુલ્લિત આનંદ મગન મન છિનુ છિનુ બઢત સવાયો. ૧
નરનારી પાટંબર અંબર બહુતે ઢેર લગાયો ;
નિરમોલિક આભૂષન લે લે પ્રાનપ્રિય પહેરાયો. ૨
કાહુ કછુ અભિલાષ ન રાખ્યો, જો જાકે મન ભાયો ;
આરતિ કરિ કરિ નિરખિ નિરખિ મુખ સબહિન હિયો સિરાયો. ૩
બરસ ઘોસલોં ઘર ઘર મંગલ, મંગલ સાજ બનાયો ;
વૃંદાવન મનોરથ પૂરન કરિ વલ્લભ લાડ લડાયો. ૪

પ્રગટયો સબકો વલ્લભ માઈ

પ્રગટયો સબકો વલ્લભ માઈ ;
ભઈ ન કબહુ હોઈ ન એસી જેસી અબ નિધિ પાઈ. ૧
ઘરઘર મંગલ હોત શ્રીગોકુલ ઉર આનંદ ન સમાઈ ;
વૃંદાવનકો ચંદ વિરાજત રસિકજનન સુખદાઈ. ૨

આજ હમારે મંગલમાઈ

આજ હમારે મંગલમાઈ ;
શ્રીરુક્મિનીજુકે પુત્ર પ્રગટ ભયો, દેખોરી તુમ આઈ. ૧
નાચત ગાવત પ્રેમમુદિતમન ફૂલિ અંગ ન સમાઈ ;
પ્રગટે શ્રીગોકુલનાથ હમારે ઉમગિ ઉમગિ યહ ગાઈ. ૨
નિકટ જાઈ અવિલોક્ત લાલહી, પુનિ પુનિ લેત બલાઈ ;
ન્યોછાવરિ વારત તન-મન-ધન, સર્વસ્વ દેત બધાઈ. ૩
દેત અસીસ પરમ મંગલ રુચિ પરમ મંગલ સુખદાઈ ;
વૃંદાવનકો ચંદ પ્રગટ ભયો, શ્રીગોકુલમનિ રાઈ. ૪

મંગલ ગાવત દેત અસીસ

મંગલ ગાવત દેત અસીસ;
મુખ નિરખત અરુ લેત બલૈયા જીયો કોટિ વરીસ ૧
ધનિ ધનિ ધનિ રુકૂમિની એસો પૂત દિયો જગદીસ;
રાજ કરો વલ્લભ વૃંદાવન શ્રીગોકુલ કે ઈશ. ૨

એસો પૂત કાહુ નહીં જાયો

એસો પૂત કાહુ નહીં જાયો;
જેસો રાની તેરો ઢોટા ભાગ્ય બડે તેં પાયો. ૧
જાકો અંત ન પાવે કોઊ, સો તેરે ઘર બેઠે હી આયો,
વૃંદાવનકો ચંદ પ્રગટ ભયો, જાન્યો તાહી જનાયો. ૨

કેસરકી ધોતી કટિ

કેસરકી ધોતી કટિ, કેસરી ઉપરના ઓઢે શ્રીગોકુલેસ ઠાડે,
નિજ મંદિરમેં સોહે; સુંદર વિસાલરૂપ, ભૂષન સોહે અનૂપ,
અંગ અંગ સોભા દેખી કોટિ મદન મોહે. ૧
કુંડલ બિરાજે કાન, ઉપમાકો નહીં આન, ભાવ ભરે લટકત હેં
યહ છબિકો કોન કહે; ઘંટા ઝાલરિ બાજે, આરતી હાથન રાજે,
વારિવારિ નિરખિ નિરખિ વ્રજપતિકોં જોહે. ૨

યહ આનંદ સબકો બડભાગી

યહ આનંદ સબકો બડભાગી;
સબ મંગલ સિરમોર મહોત્સવ આયો પરમ સોહાગી. ૧
ઘરઘર અતિ ઉત્સાહ મોદ મન, રહે પ્રેમરંગ પાગી;
સુંદર નખસિખલો સિંગાર સજે હેં, વલ્લભ અતિ અનુરાગી. ૨

ઘર ઘર મંગલ આજુ વધાઈ

ઘર ઘર મંગલ આજુ વધાઈ;
શ્રીવિઠ્ઠલગૃહ રૂક્મિનિ જાયો, વલ્લભ મંગલ રસરાઈ. ૧
ચલે આપ આપતેં લે સબ; મંગલ ફલ જે પ્રિય સુખદાઈ;
અવલોકન આતુર ચિત્ત ચંચલ, મનોહર મંગલ કલસ બનાઈ. ૨
મંગલ ગાવત નાચત ભાવત, સંગ વિચિત્ર વાજિંત્ર સુહાઈ;
અતિ અનુરાગ ભરે એસે બહુ; જુવતિ જુથ મંગલ લે આઈ. ૩
જા છિનુ નિરખે નવલ લાલકો, મન મંગલ અંગ મોદ બઢાઈ;
ધરી ભેટ રસફલ મંગલહિતસોં ગોકુલપતિ અતિ મન ભાઈ. ૪

સબ મિલિ આવોરિ આવો

સબ મિલિ આવોરિ આવો, આંગન મોતિન ચૌક પુરાવો;
યહ ઉત્સવ હે આજ હમારે આનંદ મંગલ ગાવો. ૧
ગોકુલનાથ જનમ દિન આયો નૈનન નિરખો હિયો સિરાવોચ;
વૃંદાવન મન આરતી કરિ કરિ, વલ્લભ લાડ લડાવો. ૨

નવલકિશોર રસિક વલ્લભવર

નવલકિશોર રસિક વલ્લભવર નવલનૃત્ય નવલી મૃગનેની, નવલ નેહ
મેરો લાગિ રહ્યો રી; નવલન સુખદ સેજ બની તાપર,
રાજત નવલ કિશોર સુંદરવર ૧
નવલન બેઠે તકિયાલાગી નવવન ચરન ધરે ચોકી પર;
નવલ તનીયા ધરે શ્રીકરસોં ગાંઠિ દેત ગાઢી શ્રીકર કર. ૨
નવલન ચાદર સો આચ્છાદે નવલન રસ અંગ અદ્‌ભુત રસભર;
નિરખિ નિરખિ મોહિત ભઈ કામિની, વિરહ સોં ભરિ રસમેં ભર.૩
આપ આપ અનુભવ સુરત કરિ, સાધન કોઉ ન રહત ક્યાં હુ કર;
કર ક્ષાલી પોંછત દોઉ કર, બીરા લેત સુખદ રસમેં ભર. ૪
સમે ભયો પોઢે રસિકવર, ચાદર ઓઢી રાજત શ્રીમુખ પર;
દાસ ગોપાલ નિરખિ નેંના ભર આસીસ દે સબ ચલે અપને ઘર.૫

(પ્રભાતિયાં)

સારમાં સાર અવતાર અબલાતણો

સારમાં સાર અવતાર અબલાતણો, જેણે બલે શોભાજીનો વીર રીઝે
પુરૂષતણે પુરૂષાર્થ શું સરે, જો નવ નાથનું કાજ સીજે. ૧
મુક્તિ પર્યન્ત પ્રાપ્તિ પ્રગટ પુરૂષને વલી કાંઈ સેવકભાવ રાખે
રૂસણું રમભર્યું નાહ નોહોરા કરે, તે કાંઈ નારી અવતાર પાખે.૨
અગમ નિગમ સિદ્ધાંત વેદાંત મળી, મથીયને એ રસ પ્રગટ કીધો
તેરસ ભામિની ભાગ્યનિધિ ભોગવે, અનુભવી અનુદિત સ્વાદ લીધો. ૩
ઈન્દ્રઈશાન અજ અમર મહામુનિ, ગોપિકા ચરણરજ નિત્ય વંદે ;
અધિક અધિકારને અધમપદ લેખવે, નરપણું નવરૂચે આપુ નિંદે. (૪)
સ્વપ્ન સાચું કરો શ્રીવલ્લભ પાતળા, પ્રાર્થું પ્રાણપતિ પાણી જોડી
પણ ચઢયો પશુ પુંઠ લાગ્યો પલે, તેમ નારાયણ નાથ તોડી. (૫)

આજ સખીરે મુજને સ્વપનેડુ લાગ્યુંજી

આજ સખીરે મુજને સ્વપનેડુ લાગ્યુંજી, પાછલી રાતે પરોઢિએજી. (૧)
જાણ્યુંજી જાણ્યુંજી નીલા તોરણ દ્વારેજી ; જાણ્યું શ્રીવલ્લભવર ઘોડે ચઢયાજી. (૨)
જાણ્યુંજી જાણ્યુંજી મોતીના મેંહ વરસ્યાજી, જાણ્યુંજી જે સાયર ઉલટયોજી. (૩)
જાણ્યુંજી જાણ્યુંજી શ્રીજમુનાજી ભરપૂરજી, જાણ્યું શ્રીગોકુલ ફૂલિયુંજી. (૪)
લીલાતોરણદ્વાર તે શ્રીબ્હેનજીરાજને દ્વારજી ; મોતીના મેહ વરસ્યા તે
શ્રી વલ્લભવર ઘોડે ચઢયા ત્યાંહાં સોહેજી. (૫)
શ્રીમોહનભાઈને ઘેરજી, સાગર ઉલટયો પારવતીપતિ તણોજી. (૬)
શ્રીજમુનાજી ભરપૂર તે તણા રોલજી ; શ્રીગોકુલ ફૂલ્યું ને ભગવદી ફૂલ્યાજી. (૭)
માધવદાસની વિનતિ ને રાખો દૃઢ વિશ્વાસજી, હરિદાસ જોઈ જાય વારણેજી. (૮)

શ્રી ગોકુલેશજીના નામ ભજનનું

શ્રી ગોકુલેશજીના નામ ભજનનું, ચોઘડિયું કાંઈ સારૂં રે
સારૂં સારૂં સહુકો કહે છે, તે છે મુજને પ્યારૂં રે... શ્રી ગોકુલેશ (૧)
મારૂં મારૂં સહુકો કહે છે, તેમાં નથી કાંઈ તારૂં રે
પુષ્ટ પુષ્ટ રસ રૂપ રસાત્મિક, તે છે મુજને પ્યારૂં રે શ્રી ગોકુલેશ (૨)
આ સંસાર છે સઘલો જૂઠો, તેહને કહે સહુ મીઠો રે
લૌકીકમાં ના લપટાઈ જાતો, હે જીવ હું તુજને વારૂં રે... શ્રી ગોકુલેશ (૩)
જ્યારથી તુંને શરણે લીધો, શ્રી મુખ નિશ્ચે કીધો રે
પતિવ્રતા ધર્મ ને ટેક અનન્યતા તેમાં તું પણ પેઠો રે... શ્રી ગોકુલેશ (૪)
વૈષ્ણવ પ્રભુજીએ પ્રથમ કીધા તેથી ભગવદી મોટા રે
તે શું હળીએ, તે શું મળીએ, માયા સંગી ખોટા રે... શ્રી ગોકુલેશ (૫)
કરી રાખ્યું છે પ્રભુજીએ પેહેલું તે પરમાણે થાય રે
સોચ પોચ રંચક નવ કરિયે, પ્રભુ કરે તે થાય રે... શ્રી ગોકુલેશ (૬)
ભગવદ ઈચ્છા પરમાણ કરીએ, ભગવદ રસમાં પચિયે રે
રૂપ રસાલું ધ્યાન ધરી ને અન્ય સંબંધથી બચિયે રે... શ્રી ગોકુલેશ (૭)
સેવા આપી ચરણ કમલની, હવે બીજું શું જોઈએ રે
એહ વિચારમાં નિશિદિન રહીયે મનવાંછિત ફલ પઈએ રે... શ્રી ગોકુલેશ (૮)
મોહન રત્ન ગોકુલ પતિ સંગે, રત્ન અમોલિક પાવું રે
કહે જગજીવન વલ્લભદાસ પ્રભુ શું ચિત્ત સદા પરોવું રે... શ્રી ગોકુલેશ (૯)

નામ તણો છે મોટો મહિમા

નામ તણો છે મોટો મહિમા શ્રીગોકુલનાથનો ગાજે રે
સમરણ કીરતન કરો એ પ્રભુનુ દુખડાં સઘલાં ભાજે રે. (૧)
સદા સર્વદા સુખિયા થાવા ગુણ પ્રભુના ગાઉં રે
દુઃખ સાગરનો ત્યાગ કરીને, શરણ પ્રભુને જાઉં રે. (૨)
તે માટે હું તમને કહું છું, નામ નિરંતર લેજો રે
જન્મ મરણનો ભય નિવારી પ્રભુ ચરણે ચિત્ત ધરજો રે. (૩)
ચાર અક્ષર છે ગૂઢ ગૂઢાંતર મહામંત્ર ફલકારી રે
રસિક જનનાં ભાગ્ય ફલ્યાં તે નામ ધરો ચિત્ત ધારી રે. (૪)

માહારે આંગણે આવીને વાયસ બોલિયારે

માહારે આંગણે આવીને વાયસ બોલિયારે,
હું તો જોઉ મારા વહાલાની વાટ, ગોકુલ ઘેર આવશેરે.
માહારે ઘેર પધારે શ્રીગોકુલનાથજી રે, મુજને ઉલટ અંગ ન માય. ગો. ૧
સખી શેરી તે વળી ને સજ કરૂં, લીલા પીળા પથરાવું પાટ. ગો. ૨
સખી બારણે કાચ ઢળાવીએરે, મેં તો મોતીના પૂર્યા છે ચોક. ગો. ૩
સખી મંડપ છાયો મોગરેરે, મેં તો ફૂલડે છાઈ છે વાટ. ગો. ૪
સખી કદળીના ખંભ રોપાવીયારે, મેં તો જાદર ચીર ઓછાવ્યા. ગો. ૫
જીરે માલણ આવે રે મલપતીરે, ત્યાં તો તોરણ સોહીએ દ્વાર. ગો. ૬
સખી ઉત્તમ પાથરણાં પથરાવીયાં રે, ચોપાસે બાંધ્યા ચંદરવા. ગો. ૭
સખી ગાદી ને તકિયા બિછાવિયારે, પધરાવા શ્રીવિઠ્ઠલજીનો લાલ. ગો. ૮
સખી શણગાર કરૂં શોભિતારે, ચોળી ચુંદડી ઘણચોળાં ને ઘાટ. ગો. ૯
સખી કંકુની પીયર કરીયનેરે, ચોખલીયા ચોડયારે લિલાટ. ગો. ૧૦
સખી આરતી કરૂં ઓવારણાં, ઓછાહે ભેટ કરૂંરે અપાર. ગો. ૧૧
સખી તનમનધન કરૂં વારણે, ભાવે ભેટ કરી પધરાવું. ગો. ૧૨
માહારા મંડપ છાયા મોગરેરે, મેં તો ફૂલડે છાઈ છે વાટ. ગો. ૧૩
મહારા મંડપ દીસે સોહામણારે, બિરાજા શ્રીગોકુલનાથ. ગો. ૧૪
સુખી રંગ રંગ રંગ થઈ રહ્યો, મનો ઉલટ અંગ ન માય. ગો. ૧૫
માહારા મનના મનોરથ પૂરીયારે, વહાલે ભક્તની પૂરી આશ. ગો. ૧૬

શ્રી વિઠ્ઠલગૃહે પ્રગટિયો ભાણજી

શ્રી વિઠ્ઠલગૃહે પ્રગટિયો ભાણજી કોટી કળા શ્રીગોકુલનાથજી. ૧
શ્રીપારવતી વહુજીના કંથને નિગમ ન જાણે એહજી શેષ સહસ્ત્રમુખ જેહ જપેજી. ૨
ગૌરીપતિ ધરે ધ્યાન, માંગલિક નિધાન સુરબ્રહ્માદિકને ગમ નહીંજી. ૩
શુકજીએ જેને ગાય ધન્ય ધન્ય શ્રીરુકોમનીમાય પ્રેમે પ્રગટયા શ્રીગોકુલનાથજી. ૪
હું બલિ જાઉ શ્રીગોકુલનાથજી જ્યાં મારો વહાલોજી પધારિયાજી. ૫
દીન થઈને પૂછું વાત બલિ જાઊં શ્રીગોકુલનાથ માધવદાસ જોઈ જાય બલિહારણેજી. ૬

સુંદર વહાલો અતિ મનોહર

સુંદર વહાલો અતિ મનોહર, શ્રીગોકુલનો નાથ
કેસર તિલક સોહામણું જીરે, અતિ છોગાલી પાઘ. (૧)
પુષ્પમાલા ભલી ભાવતી જીરે, કુંડલ ઝલકે કાન
મરકલડે મુખ જોવંતા, વાહાલાના, લોચન કમલ સમાન. (૨)
શ્રીગોકુલની શેરીએ જીરે, પધાર્યા પ્રાણેશ
રૂપતણું હું શું કહું, શ્રીપુરૂષોત્તમ પ્રગટેશ. (૩)
લલિત ત્રિભંગીનો વાલમો, જીરે રાસ બિહારીનાથ
જૂવતીજનના જૂથમાં, વાહાલો હસી હસી પૂછે વાત. (૪)
વ્રજસુંદરીજીનો વાલમો જીરે અબલાનો આધાર
દ્વિજરૂપે પ્રગટહવા નિગમ ન જાણે પાર. (૫)
નંદજીઘેરે ન્હાતા હુતા, ત્યારે ધરિયો શ્રીગોવર્ધન
ચૌદલોક આનંદિયા જય જયશ્રી ગોકુલચંદ. (૬)
નિર્ભય તિલકમાલા ધરી ત્યારે, વરત્યો જયજયકાર
અન્ય મારગી અલગા કીધા, ને રાખ્યો વેદ મરજાદ. (૭)
ચંચલ ચાલ સોહમણીજી રે, સુંદરવર સુકુમાર
પૂર્વ પ્રીતે પામીયાં જીરે, શ્રીવિઠ્ઠલ રાજકુમાર. (૮)
વાહાલાજીનું વદન નિહાલતાં, માહારી પલન ન પાછી થાય
ચરણારવિંદથી ચલૂં નહીનો, અવર ન જાચું જાય. (૯)
માધવદાસ માગે સદા, માહારૂં માગ્યું આપો માહારાજ
વૈષ્ણવજન વાહાલા સદાનો, શ્રીગોકુલમાં વાસ. (૧૦)

ગોઠડી મીઠડી શ્રીગોફુલાધીશની

ગોઠડી મીઠડી શ્રીગોકુલાધીશની, શ્રવણ સુણતાં પરમ પ્રેમ જાગે
સકલ સિધાંતનું સાર છે એ કથા, સર્વથા સર્વ સંદેહ ભાજે. (૧)
પઢેરે પંડીત ઘણું ગાંગરી ગાંગરી, પાંગરી બુધ્ય પછે કરે રે ચર્ચા
કો કહે ઈશ આરાધના સાધના, કો ગજાનનકો અમર અરચા. (૨)
વાયક વાદાર્થે વદે ધર્મ નહીં અણુંહદે, શાસ્ત્ર સિદ્ધાંત સ્વપ્ને ન જાણે
તક્રને ખીર, કણવીરને કમોદની, ચર્મને ચીર સરખાં વખાણે. (૩)
એણે કારણ મુને બીજું કાંઈ નવે ગમે, મારૂં મન રમે શ્રીગોકુલાધીશ ચરણે
દાસ નારાયણ એરે વાતો વિના, આળ પંપાળ કેમ ધરૂં રે કરણે. (૪)

(મંગલદર્શન)

અમને વહાલા રે શ્રીવલ્લભજી

અમને વહાલા રે શ્રીવલ્લભજી, કહોજી કેમ રહેવાય ।। અમને ।।
મંગલ આરતી સમે, ઉઠયા મંગલરૂપ. ।। અમનો ।। (૧)
અમને દર્શન દે મ્હારો વાલમો, ઉઠી ઉઠી વારંવાર ।। અમને ।।
એકાંતે રે પધારતા, કરતા દંતધાવન. ।। અમનો ।। (૨)
ભીંતે અટકી ઊભા રહ્યા, દર્શન દે માહારો નાથ ।। અમને ।।
બેઠકમાં રે બીરાજતાં, કરતાં હાસ્ય પ્રકાશ ।। અમને ।। (૩)
જમુનાજી રે પધારતા, સાથે અનેક સમાજ ।। અમને ।।
પાલખીએ બેસી પધારતા, લીલા કરતા ફૂલબાગ ।। અમને ।। (૪)
શ્રીગોકુલેશપુર વ્હાલું ઘણું, જ્યાં છે વ્રજ ભક્તોનો વાસ ।। અમને ।।
વલ્લભઘાટે ઊભા રહ્યા, શ્રીજમુનાજી અનુકુલ ।। અમને ।। (૫)
ગોપાલદાસ કરે વિનંતી, રાખો શ્રીચરણોની પાસ ।। અમને ।।
દાસી વળી વળી વિનવે, આપો શ્રીગોકુલમાં વાસ ।। અમને ।। (૬)

શ્રીવલ્લભજીનું રૂપ નિરખું

શ્રીવલ્લભજીનું રૂપ નિરખું, અનંગ કોટિ નિવાસ;
વદનપંકજ રાજતું સદા, મંદ મ્રદુ કલહાસ. (૧)

મ્રદુલ પ્રવાલ રંગ, સોહે અધર રસાલ;
વચનામૃત સિંધુ લહરી, પ્રકટ અતિ કરૂણાલ. (૨)

ગાદી મૂંઢે ફૂલસું બેઠા કરે જયે વાત;
તેહ સમયની શોભા જોતાં, જણાય નહીં દિનરાત. (૩)

મહા મનોહર રૂપ દેખી, કોઈ ન ધરે ધીર;
રંચ અનુભવ થાય તેહને, વિકલ હોએ શરીર. (૪)

નેત્રમાંહે ને ગાલ ઉપર, મધુર હાસ્ય પ્રકાશ;
મહારસની રેલ ચાલે, પાન કરે નિજદાસ. (૫)

તે સમે નિજદાસના મનમાં હે, જે જે અતિ સુખ થાય;
મનનું તે મન જ સમજે, મુખ કાંઈ ન કહેવાય. (૬)

જેમ ગાયને વચ્છ ધાંવે, કરે અમૃતપાન;
ફૂલ નાચે કહી ન સકે, હરખનું નહીં માન. (૭)

શ્યામ કેસ અંબોડો ઝલકે, કપોલભાલ વિશેષ;
કોટિ કામનું મંદિર દીસે, કેસરી તિલકની રેખ. (૮)

તહાં આપ આપણાં ભાવ પ્રમાણે કરે છે રસપાન;
સોહે સેવક મહાવદાસ પામે છે બહુ દાન. (૯)

અરૂણ ઉદે હવો ઉઠયા મહારાજજી

અરૂણ ઉદે હવો ઉઠયા મહારાજજી, કાજ સર્યાં રે સેવક તણાંજી. (૧)
ઘુંઘરટયા નયણને અમૃત વયણજી, નયણાં તે કોટીક મોહી રહ્યાંજી. (૨)
નિત્ય વિવાતાને અતિ રસમાતાજી, રાતાતે સદાસંગ આપણેજી. (૩)
સુંદર વદન તે સુખ તણું સદનજી, કદન તે દુ:સહ દુ:ખ તણોજી. (૪)
ભક્ત સહુ મલી મલી કરી ફરી નિરખેજી, હરખે તે ભાવ પુરણ ભર્યાજી. (૫)
દંત ધાવન કર્યા પછી દેહ ક્રત કરીયજી, ફરી અને ચરણ ક્ષાલણ કરેજી. (૬)
આચમન કીધું ને ચર્ણામૃત લીધુજી, દીધું તે દાન સદા દાસનેજી. (૭)

ભીતર પધારતા જોઈ જોઈ વારેજી, નિહાલે તે અંગો અંગ આપણાંજી. (૮)
પરદની પહેર્યા પછી ઉપવીત કટી કસી, સજી અને બેઠા તેલ ગાદીએજી. (૯)
મન માંહે પાઠ કરે શ્રીકર કાંકસીગ્રહે, કરેઅ તે મર્દન કેશનેજી. (૧૦)
તેલ લગાવતા ભક્ત મન ભાવેજી, અતિઅ સોહાવે શીશ ચોલતાંજી. (૧૧)
મર્દન કર્યા પછી ચોકીએ પધરાવ્યાજી, આવ્યાતે નાહવાને લટકતાજી. (૧૨)
રંગભર્યા નાહેને સંગ તે સોહાયજી, સેવક જુથે તે પરવર્યાજી. (૧૩)
અંગ વસ્ત્ર કર્યા પછી ધોતી તે ધરીયજી, હરે મન ઉપરેણા ઓઢતાજી. (૧૪)
પીઢે તે બેસીને આચમન કીધું જી, તિલક તે કીધું કેસર તણુંજી. (૧૫)
મુદ્રિકા ધરીને નિત્ય કૃત્ય કરીયજી, મલપતા મંદીરે પધાર્યાજી. (૧૬)
વલ્લભદાસ જાચે ને મનમાંહાં રાચેજી, સાચું માગ્યું તે મુને આપિયેજી. (૧૭)
નિત્ય હરીદાસ ને દર્શન દીજે જી, વિલંબ ના કીજીએ કો સમેજી. (૧૮)

(ઉત્થાપન)

ઉત્થાપન કેરે આગમે ઘેરઘેરથી

ઉત્થાપન કેરે આગમે ઘોરઘોરથી સહુ આવેજી;
મોદ ઘણો મન તેનો આતુરતા તણો ભાવેજી. (૧)
આવીને મંદિર પોઢતાજી, સુંદર સેજે તે નિરખ્યાજી;
શ્રીવલ્લભવદન સોહામણું જોઈ જોઈ મન માંહે હરખ્યાજી. (૨)
ઉપરણો મન મોહે ને સોહે તે કેસ રસાલજી;
અંબોડલો કર વાલતા, મુદિત હવા વ્રજબાલજી. (૩)
બીડું પ્રભુજી આરોગે ને, સોહે તે અધર આરક્તજી;
લટકતા ગાદીએ પધારે ને, તનમન વારે છે ભક્તજી. (૪)
જૂથ જૂથ વ્રજનારના, ઊભાં તે ભરિયાં છે રંગજી;
દૃષ્ટિ નિમેષ ન કો કરે, જે જે મોહ્યા તે સંગેજી. (૫)
ચકિત થકિત થઈ તે રહ્યા, અનુભવ મનમાંહે જાણેજી;
છબિ છિનુ છિનુ પ્રતિ નૌતન, સી પેરે ઉર માંહે આંણેજી. (૬)

ભાવ ભક્ત તણા મન ધરી, વચન રસાલા તે બોલેજી;
    મધુર મધુર સ્વર સોહે ને, એ છબીને નહીં કો તોલેજી. (૭)

મૃદુ મુસકની લાવણ્યનીધિ, બહુ વિધિ દે છે તે દાનજી;
    તેહના ભાગ્યનું હું શું કહું, જે કરે એ રસ પાનજી. (૮)

એક મનોરથ મન ધરી, પૂછે શ્રીપ્રભુજીનો જેહજી;
    કરુણા આણી સીંચન કરે, જે વિચાર્યું છે તે હજી. (૯)

એક વચનો બહુ ભક્તના, ભાવ તો પૂરણ થાયેજી;
    તે મનમાંહાં અતિ હરખે, ને શીષ નમાવે પાયેજી. (૧૦)

વચ્ચે વચ્ચે બીડી આરોગે, ને શોભા તણો નહીં પારજી;
    કર અંગુલીમાં મુદ્રિકા દીસે, તે અનુપમ સારજી. (૧૧)

ગાયક જન રસ ગાયે તે, સુણી પ્રભુનો મન ભાવેજી;
    જેજે પ્રકાર કો નવિ લહે, તાલ ધરી ધરી જણાવેજી. (૧૨)

મુખ વિકસિત કરી સ્વર કરી, ગ્રીવાની લટકતી તેહજી;
    શીખવે કર ઉંચો કરી, રાગનું રૂપ છે જેહજી. (૧૩)

કૌતુક અનેક પ્રકારના, નિત્યના નૌતન દીસેજી;
    વાણીએ કેમ કરી કહી શકું, હરખે તે હૈયડૂ હીસેજી. (૧૪)

સમય સંધ્યા તણો જાણીને, સેવકે વિનંતી કીધીજી;
    વેગા ઉઠયા પ્રભુ મન ધરી, વ્રજજન આશીષ દીધીજી. (૧૫)

એરે લીલા નિત્ય નિત્ય નવી, કહેતાં ન પામીયે પારજી;
    જૂગ જૂગ જીવો વલ્લભવર, આપણા પ્રાણ આધારજી. (૧૬)

પ્રભુનું ઉત્થાપન સુની સહુકો

પ્રભુનું ઉત્થાપન સુની સહુકો મંદિર જાએજી,
આસનો બેઠા જોઈને નૈયણા ત્રપત ન થાયેજી. (૧)
રગ મગ્યા પ્રભુરસ ભર્યા, અતિસે રૂડા ભાવેજી,
સંધ્યાનો પાઓ ધારીયા, ભકત સહુ ઘર આવેજી. (૨)
હરખ કયો હવેલી માંહે ઘેરઘેરથી સહુ આવેજી,
મોદ તે મન માંહાં અતિઘણો, ભક્ત ભાવતા ગાએજી. (૩)
ભીડ થઈ ત્યાંહા અતિઘણી, નરનારી મળી ડોલેજી,
વિવસ થયા અતિરસભર્યા, આનંદ સિંધુ ઝકોલેજી. (૪)
ઉત્સવ માહા અતિ આનંદે, તાલ પખાવજ વાજેજી,
ઝાંઝ નફેરી નગારા, શ્રીગોકુલ સઘલુ ગાજેજી. (૫)
સાંભલતા સુખ સહુકોઈ, પામે ઘણી ઘણી પેરજી,
દીઠડે તે હૈયડું ઠરે, એણી પેરે એણો પેરેજી. (૬)
નાચે તે મારા મોદ ભર્યા, ભાવ સહિત તે સોહેજી,
સુંદરતાઈ તેહ સમે જે દેખે તે મોહેજી. (૭)
માંહો માંહે નમી નમી, ચરણે લાગે ખાંતેજી,
નોછાવરી તેણેસમે, આપે ઘણી ઘણી ભાંતેજી. (૮)
ભુષણ તે બહુ ભાંતનાા, ભેટ કરે સરૂ કોએજી,
રસ સાગર અતિ ઉલય્યો, એણી પેરે ઉત્સવ હોએજી. (૯)
મહાપ્રસાદ તે આણીને, એક એકના મુખમાં મેલેજી,
લલાટે કુંકુમ પીલીને, મસ્તાક ભરીયાં તેલેજી. (૧૦)
બીડા બહુઅ બરાસના, ઘેર ઘેરથી સહુ લાવેજી,
મુખ માંહા મેલે મન ગમતા, પુરુષોત્તમને ભાવેજી. (૧૧)
જે સુખ હોય હવેલી માંહ, તે સુખ કોને નવ કહેવાયજી,
સહુ કોઈ ગાતા આનંદે, વઈસ્નવને ઘર જાયેજી. (૧૨)
મત્ત થયા માને નહી, લૌકિક કેરી શંકજી,
અલૌકિક તે એ વર્યા, ન ગણે રાણા રંકજી. (૧૩)

સહુકો ગાતા મંદિરમાં આવે સઘલો સાથેજી,
વાંજીત્ર વાજે મન ગમતા તાલ ઝાંઝ સુહાએજી. (૧૪)
છંદ તે ગાએ ઘણું ઘણું, આછી ને રસ રીતેજી,
ભાવને તેહોના મન ઘરી, સુણે પ્રભુજી પ્રીતેજી. (૧૫)
તેલ તણી સિજયા કેરો, સમે થયો તેણી વેલાજી,
ભીતરને પધારીયા, ભકત સહુકો ભેલાજી. (૧૬)
પહોંચ્યા અતિ ઉતાવલા, બૈઠા સેજે સોહેજી,
પાઘ ને લટકને બાંધના, જે દેખે તે મોહેજી. (૧૭)
ઉઠયા તે અતિ રસભર્યા, આંગણ માહે આવ્યાજી,
જગમગ પગલા ભરે, ભકત સર્વે મન ભાવ્યાજી. (૧૮)
બીડુ લેતા શ્રીમુખ માહે, અતીસેં રૂઅડા ભાવ્યાજી,
ચરણા પખાલી માહા પ્રભુ, સુખ સિજ્યાએ આવ્યાજી. (૧૯)
લીલા સમુદ્ર અપારે તે, કહેતા વાણી હારેજી,
પોઢયા પ્રભુજીને જોઈને, દાસ આપ આપણો ઓવારેજી. (૨૦)
ચિંરજીવો કહિ ભામણા, લેછે સઘ લેડો સાથજી,
મનોરથ પુરો મનતણા, વેગા ઉઠો નાથજી. (૨૧)

શ્રી વલ્લભવર પુરણ કામજી

શ્રી વલ્લભવર પુરણ કામજી, પ્રગટયા રસભર્યા સુખનાં ધામજી ૧
મનોહર મનડાં મોહે રસાલજી, તેણે રસે ભીંજે સહુ બાલજી ૨
શ્રી વિઠ્ઠલકુમાર વ્રજ ભુપજી, સુંદર રસભર રસિક સ્વરૂપજી ૩
એહવા રસભર્યા પ્રાણ આધારજી, પ્રાણ જીવન ધન સ્વકીય શણગારજી ૪
ગાદી મુઢો બિછાવ્યો જ્યાંહાંજી, આવી સુખસું બેઠા ત્યાંહાજી ૫
ઉત્થાપનનો સમેં એહ સારજી, દર્શન આપે પ્રાણ આધારજી ૬
શ્રીમસ્તકે અંબોડો તે રસાલજી, કેશ તે ચમકે ઝલકે વિશાલજી ૭
તિલક કેસરી સુંદર ભાલજી, રેખા અનુપમ નીરખે બાલજી ૮
કર્ણે કુંડલ પહેર્યાં સોહેજી, ચંચલ ચિત્તાવની મોહેજી ૯
નાસિકા સુંદર સુખની રાસજી, શ્રીમુખારવિંદ વચન વિલાસજી ૧૦

હસી હસી પ્રસંન થઈથઈ બોલેજી, એ સુખને નહીં કો તોલેજી ૧૧
શ્રીકંઠ તુલસી માલા રાજેજી, ગુંજા મુક્તા હેમ બિરાજેજી ૧૨
મુદ્રિકા ભાંત્ય ભાંત્યની ચલકેજી, હીરા નંગ અમોંલીક ઝલકેજી ૧૩
ધાતી સુંદર પહેરી સારજી, ઉપરેણો ઓઢયો પ્રાણ આધારજી ૧૪
એહઠા બેઠા આસન વાલીજી, શ્રૃષ્ટિ અપરમિત રહી નિહાલજી ૧૫

(સંધ્યા)

મંદિર માંહે તે ભીડ અતિ ભક્તની

મંદિર માંહે તે ભીડ અતિ ભક્તની, રહ્યા સહુ નાથનું રૂપ નિરખે;
શ્રીમુખમાધુરી લાવણ્યનિધિભરી, જોઈ જોઈ મનમાંહે હરખે. ૧
દિવસ અનુમાન જોઈ અને પ્રાણપતિ, પૂછિયું ભક્તને સમય શ્યો છે;
હા, રાજ ! મહારાજ, કહીય વિનતી કરે, નિકટ સંધ્યા તણો સમય થયો છે. ૨
ઉઠીય નાથ બીડું ધરી ભક્તહાથ, ક્ષણુએક ગાદીએ રહ્યા ઊભા;
જય જય કાર સહુકો કરે ચહુંદિસ, જૂથ જુવતી તણાં મન લોભા. ૩
પધાર્યા પ્રભૂ સંગ સોહે સહુ કોટિછબિ, અંગ પ્રતિઅંગ, છાજે;
દ્વાર ભંડારને ચરણક્ષાલણ કરી, જલઘરા માંહે વહાલો બિરાજે. ૪
આપ આપણા ભાવ મનમાં ધરી, પ્રેમસું પ્રિય-સુખને વિચારે;
ભક્તના મન તણી આરત અતિઘણી, ઉષ્ણાૠતુ ચોકબેઠક સંભારે. ૫
છિરકતા ચોકે ચહુંફેર સહુ મંદિરે, વિજનો મયૂરને વાયુ વીજે;
મારુત લહેરથી શીતલતા જોઈ, ભક્ત અનુરક્તનાં મન રંજે. ૬
જેહવી સેવા તે તતપર સહુ, આંગણામાં જૂલીઓ બિછાવે;
મુંડો મખમલ ગલેફ તે શ્વેત શું, ગાદીએ શ્વેત ચાદર સોહાવે. ૭
વામ પાસે છોટો તકિયો ધર્યો, હેમ ઝાબાં મફતુલ લહેકે;
હાર ગુલાબ ચમેલીના ઉર પર, મંદગતિ અતિ સુગંધ મહેકે. ૮
જલપાનગડુઓ શીતલ જલસું ભરી, પીઠા ઉપર તેહ પાસ મેહલ્યો;
કપુરદાની ચુનોટી ધરી નિકટ ત્યાંહાં, સિદ્ધ કરી રાખીઓ સાજ પહેલો. ૯
પધાર્યા સુણી દ્રષ્ટિ મંદિર ભણી, નિરખવા નાથનું રૂપ લોચે;
ફૂલ મન અતિ ઘણી, આરત રતિતણી, ભાગ્યનિધિ ભામિની ભાગ્ય શોચે. ૧૦

દીપ અજૂઆલ ઉજ્યોત જય જય ભયો, આવિયા રસિકવર વૃષ્ટિ કરતા;
અંગઆનંદ સુખકંદ કટિલંક અતિ, શોભિતા શ્રીપદકમલ ધરતા. ૧૧
ચરણવસ્ત્રો ચરણ ધરી અને પ્રાણપતિ બેસતા, ગાદીએ રૂપ સોહે;
કોટિભાવ શું કોટિ છબી અંગશ્રી, નિરખતા ભક્તના મન મોહે. ૧૨
કરે રસપાન સંધાન નહીં દેહનું, સૃષ્ટિ ઉપર સ્નેહની વૃષ્ટિ થાયે;
મત્ત થયાં મલય મકરંદ શ્રીઅંગને, માધુરી સ્વાદસું નવ અઘાએ. ૧૩
અટારી મુડેરી છજે જૂથ જુવતિ તણાં ઠઠ થઈ તે રહ્યાં પ્રેમપાગી;
ચોક બેઠક તિબારી જલધર માંહે, નિકટ જે નાથને અતિ સોહાગી. ૧૪
ઉદય ઉડુરાજ તે સમય આવી થયો, કિરણ શ્રીઅંગને તેહ રંજયો;
થઈ ઉજ્જવલ રયણી, રાતે સુખ તણી, પામિયો તેહ શોભાએ મંજ્યો. ૧૫
નાગવલ્લી પ્રિય અધરરસમું મલી, તેહ રસપાનને ત્રિયા ઈચ્છે;
પ્રગટ રસદાન અતિ પ્રેમફલમાધુરી, તેહના ભાવને તેહ પ્રીછે. ૧૬
કોટી શોભા કોટી કોટી મન્મથ તહાં, કોટી છબિ નિકટ અતિ રહી જોઈ;
કોએ શોભા પ્રગટ અંગ આનંદમય, તેહ છબિમાં તે મગ્ન હોઈ. ૧૭
કરે ગુણગાન બંધાન સુસ્વર સરસ, ચતુરવર તેહનું રૂપ જાણે;
ઉપજી ઉલ્લાસ મન ભક્તને તે સુણી, જેહને પ્રભુ પોતે પ્રમાણે. ૧૮
તેલસજ્યા તણો સમય જાણી ભક્ત, ચોકમાં સુખદ સજ્યા બિછાવે;
કસ્તુરી અંબર કપૂર ચંદન મેદ, અરગજો કરિય સુગંધ લાવે. ૧૯
શીતલ મલય ગુલાબજલ છિરકતા, મંદગતિ મંદ અતિ વાયુ ઢોળે;
સેવક જે છે તેલ સેવા તણા અરગજો લઈને હાથ ચોલે. ૨૦
બીડું આરોગ્યા રંગ રસિકવર વાલમો, વિકસી મુખકમલ શોભા અનેરી;
ઉઠિયા નાથ પરદની શ્રી કર લેઈ, નિકટ સજ્યા રહી તેહ પહેરી. ૨૧
પોઢિયા પ્રાણપતિ ભક્તમન ફૂલ અતિ, અંગપ્રતિઅંગ અભ્યંગ કરતા;
અતિ અપરમિત શોભિત સર્વાંગ નિરખતા પ્રેમસું પ્રેમ ધરતા. ૨૨
હાસ્ય તે તેહ સમે પ્રભુને અતિ ગમે, પ્રથમ હુલ્લસિત મન વચન બોલે;
હસિત અતિ વદન સુખસદન આનંદઘન તેહ કમનીય છબિ કોન તોલે. ૨૩
લેઈ કરવટ પીઠ તેલ મરદન કર્યું, ફરી બેઠા ચરણ ધરી ચોકી;
આવ્યાં નિકટ સહુ નિરખવા નાથને, શિષ ઉપરેણાની છબિ અનોખી. ૨૪
અધર અમૃત નાગવલ્લી સંયુક્ત જે, આપિયું ભક્તને કૃપા આણી;
પાઘ આણી ચૂની ધરી નિકટ તહાં, નિત્ય સેવા એહ સમે જાણી. ૨૫

બાંધતા શિષે કર કેશ સોહે ઘણું, પેચમાં શોભિતા પેચ દીધા;
શોભિત ઝલક આભા મધ્ય શ્યામતા, નિરખતાં રૂપ તે માંહાં ગીધા. ૨૬
ઉઠિયા ગોકુલપતિ કોટિકંદર્પ જ્યૂત, ચરણત્રાણે ચરણકમલ ધરિયા;
લડસડે અંગ રતિરંગ રસકેલને, બારણે તેહ સુખદ ડગ ભરિયા. ૨૭
ચરણક્ષાલણ સ્થળે ચરણ ક્ષાલણ કરી, શીતલ ભોગ તે તહાં આરોગી;
પોધાર્યા પછે સુખદ સજ્યા જહાં, રસિકવર રસિકરસ રાસભોગી. ૨૮
પહેર્યો તનિયો ભક્ત નેત્રનું ભૂષણ, સેજ બેઠા એમ આજ્ઞા દીધી;
જાવો સબ ભટ જે હોઈ ઈહાં અબે, એહ મરજાદની શીખ કીધી. ૨૯
રૂપ તહાં ભક્ત જૂવે રૂપનાથનું, લોભ અતિ પ્રિય સુખને વિચારે;
ભાવ મન ગૂઢ આશિષ દેઈ સહુ વલે, ભામણાં લેઈ કરસું ઓવારે. ૩૦
એહ લીલા રસદાન જે ભક્તને, તેહ કરુણાનિધિ કૃપા દીજે;
શ્રીગોકુલપતિ સકલસુખઅધિપતિ, પ્રાણપતિ મારૂં કારજ સીજે. ૩૧

(શયન)

સજની તે સાંભળોને વાતરે

સજની તો સાંભળોનો વાતરે, હૈયડલો હરખ ન માયરે. ૧.
કુંવર શ્રીવિઠ્ઠલજીનો વહાલો આવેરે, જેહને વેદ નિરંતર ગાવેરે. ૨.
એ પ્રભુ આપણનો જાણેરે, મન માંહે મોટાઈ નવ આણેરે. ૩.
પધાર્યા પોતાના વાહાલો જાણીરે, આરત વ્રજજનની હરાણીરે. ૪.
જુઓ જુઓ રે જુઓ ગોકુલ કેરો નાથરે, વળી વળી આપણો સૌ સાથરે. ૫.
પ્રગટ થઈ થઈ એમ દેખાડેરે, રમત નિત્ય નવી વહાલો માંડેરે. ૬.
વ્રજનું તે જીવન મહારો વહાલોરે, મીટડી તે ભરી ભરી નીહાળોરે. ૭.
અધરની ઉપમા તે શી દીજેરે, જીરે હવે મનગમતાં શાં કીજેરે. ૮.
સજ્યાએ બેઠા લૈ વહાલો પાનરે, આપે વહાલો વિધવિધનાં બહુ દાનરે. ૯.
વેણ વછુટી ને લર લટકે રે, કાને તે કુંડલ અતિ ઝળકેરે. ૧૦.
આપણું શું સાધન નહીં કાંઈરે, આ સુખ કહ્યાં તે નવ જાયરે. ૧૧.
આપણું જીવન એ વિશ્રામરે, બલ જાઉં નિત્ય નિત્ય કીજે આમરે. ૧૨.
જેહ છે પોતાનો પરિવાર રે, તેહના તમો છો આધાર રે. ૧૩.
તમને શ્રીપારવતીપતિ કહિયે રે, તો શ્રીગોકુલ માંહે રહિયે રે. ૧૪.
તમો રહ્યાનું જો વ્હાલા સાચું રે, તો અમો બીજે સુખ નવ રાચું રે. ૧૫.

ચરણેથી ચિત્ત અલગું નવ થાય રે, દિવસ નિશાએ એણી રીતે જાય રે. ૧૬.
બડીવાર થઈ વહાલાજી પોઢો રે, પ્રીતે પછેવડી વહાલા ઓઢો રે. ૧૭.
બીજી તે સામગ્રી ત્યાં બહુએ રે, તેહેનો કહેતાં પાર ન લહું એ રે. ૧૮.
ભક્તની પહોંચાડી વહાલે આશ રે, બલિહારી જાય માધવદાસ રે. ૧૯.*

*ભાવતા નાથને ભામિની જુએ; પોઢયા સુખ સેજ પર અંગ રસ ઉલટયો રસિકવર રૂપને રસિક મન મોહે. ૧. ઉભય આનંદ ભર, ગુપ્ત રસ કેલિકર, લોચનાતુર થકાં લોચતા સોહે; નિરખી વલ્લભ પિયા તપ્તરસ કામની સ્વેદકન અંચલ કપોલસોં લોંહે. ૨.

આવી આસને બેઠા મહારાજ જીરે

આવી આસને બેઠા મહારાજ જીરે, ગાદી તકીઆનો નૌતન સાજ જીરે. ૧
બેઠા સનમુખ પુત્ર પૌત્ર જીરે, વચ્ચે વ્રજપતિજી બાલુડા સુત્ર જીરે. ૨
ભક્ત પહેરામણી લાવે જીરે, જે જેહનો મન ભાવે જીરે. ૩
ધરે ધોતી ઉપરણો તે સારે જીરે, સોહે પાઘ તે વિવિધ પ્રકાર જીરે. ૪
આવે નૌતન અતિશય કભાય જીરે, તેહના નામ તે કોઈને નવ કહેવાયે જીરે. ૫
લાવે ફરગુલ અમોલક કોડે જીરે, એક ઓઢાડે પામરીની જોડે જીરે. ૬
વલિ માતા ને મુદ્રિકા બહુઅ જીરે, કરે તિલક તે પાર ન લહુઅ જીરે. ૭
નરનારીનો બાળક સાથ જીરે, નિરખી હરખી નમાવે માથ જીરે. ૮
કેસર ઘોલ્યા છે જલ તે રંગ જીરે, છિરક્યાં વૈશનવ સર્વેનાં અંગ જીરે. ૯
ત્યાંહાં ભીડ તે અતિ ઘણી ભરીઅ જીરે, કોએ નવ શકે તે ડગલુ ભરીઅ જીરે. ૧૦
ભક્ત રહ્યા સહુ આંગણા માંહે ગાએ જીરે, વાજીંત્ર તે વિધવિધના વાજે જીરે. ૧૧
અટાલી તે અતિશય સોભે જીરે, રહ્યા સહુ કોઈ દરશનને લોભે જીરે. ૧૨
માહા પ્રભુજી તે અતિ સુખ આપે જીરે, ભક્તને અવિચલ કરિ થાપે જીરે. ૧૩
બીડા આરોગે ને લે છે બરાસ જીરે, પૂરે ભક્ત તણી સહુ આસ જીરે. ૧૪
ભણે ભાટ ને નાચે નર્તકારી જીરે, ગાયે માહાવનીયા તે સમય અનુસારી જીરે. ૧૫
તેડી પહેરાવ્યા સહુ કોના નેગે જીરે, તેટલે સેજયા બિછાવી વેગે જીરે. ૧૬
પછે ભક્તે તે વિનતી કીધી જીરે, કરિ કરુણા તે માનીય લીધી જીરે. ૧૭
વાર ઘણી થઈ પોઢવાને કાજ જીરે, હવે વસ્ત્ર ઉતારીએ રાજ જીરે. ૧૮
ઉઠયા લટકતા સેજ પાયોધારે જીરે, જય જયકાર તણી વારે જીરે. ૧૯
પ્રભુજી પોઢયા તે પરદા કરીયા જીરે, વૈષ્ણવ ઘેર આવ્યા તે રંગે ભરીયા જીરે. ૨૦

(કેસર સ્નાન)

કરુણા તે કરીને પાઉ ધાર્યાજી

કરુણા તે કરીનો પધારોજી, પોતે તે જલઘરા માંહેજી;
ભક્તને પોહોંચી વધામણી, ચમકીનો ચાલ્યા તે ત્યાંહેજી. (૧)
આવીનો આસનો બેઠાજી, બોલે તે વિકસિત વદનોજી;
સેવક તે સુણીસુણીનો રીઝેજી, ભાવે તે ભીંજે છે સદનજી. (૨)
વિનાતિ કરી મહાપ્રભુ અનો, મોતી ધરાવ્યા તે કરણોજી;
શોભા મુક્તા ઘણું પામ્યાજી, પ્રભુજી છે ત્રિભોવનના આભ્રણજી. (૩)
ભીતારના કૃત્ય કરી અનો, ફરીયતો બેઠકે આવ્યાજી;
વાજીંત્ર વાજે છે રે તેહ સમે, સેવક સર્વેનો મન ભાવ્યાજી. (૪)
સત્વરતા કરી કૃત્ય સહુ, બહુ બહુ પેરનાં તોહજી;
ચરણ પ્રક્ષાલણ કરી પહેરીજી, પરદની તેલની જેહજી. (૫)
ગાદીએ બેઠા સુંદરવર, કેશનો કાંસકી કીધીજી;
અભ્યંગ તણોરે આરંભજી, વ્રજજનનો આસીસ દીધીજી. (૬)
તેલ તે વિવિધ પ્રકારનાં, ભરીય કટોરા તે ધરિયાજી;
સેવકજનક સહુ મર્દન કરે, અતિ આનંદે તે ભરિયાજી. (૭)
જળ તે સમોઈને સિદ્ધ કર્યાં, પ્રભુજીને ચોકીયે પધરાવ્યાજી;
કેસર ભર્યાં રે ભાજન લેઈ, ભક્ત કઠેડા માંહે આવ્યાજી. (૮)
જય જયકાર તેણે સમે, કરે તે સકલ નરનારજી;
આંગણા માંહાં ભીડ અતિ ઘણી, સેવકનો નહિ પારજી. (૯)
ભીડ અટારીનો છજાએ, ભીડ મુડેરીનો ત્રીજે માલજી,
પ્રભુજીને ન્હાતા તે નિરખીજી, હરખે તે ગાએ છે ખ્યાલજી. (૧૦)
મસ્તક કેસર ઢોળીનો, ચોળે તે અંગ રસાલજી;
ચરણામૃત કેરે કારણે, કુલાહલ થાએ તેણે કાલજી. (૧૧)
વાજિંત્ર વાજેરે, અતિ ઘણાં, વિવિધ પ્રકારે સુહાયેજી;
મોદ આનંદ તે એણી પેરે, જગત બ્રહ્માંજે ન સમાએજી. (૧૨)

(કેશર સ્નાન થઈ રહ્યા પછી બોલવાનું)

ન્હાઈ ઉઠયા પ્રભુ પાતલા, અંગૂછો કરે શ્રીઅંગેજી,
તેહની શોભા તે શી કહું, ભરીઓ તે કેશર રંગેજી. (૧૩)
પ્રીતે ધોતી લેઈ શ્રી કરે, ધરી વક્ષસ્થલે સોહેજી;
પરિધાન કરતા સુંદરવર, ઉપરણો મન મોહેજી. (૧૪)
પીઢે બેસી આચમન કરે, પછી ધરે તિલક ને ભાલેજી;
મુદ્રિકા પહેરિજી અગુંલી, કંઠે મોતી તણી માલજી. (૧૫)
નિત્યનાં કૃત્ય તે કરી અને, વેગે તે મંદિરે પાયો ધાર્યાજી;
ચિરંજીવો કહી કહી કામિની, અંગ આપાપણાં ઓવારેજી. (૧૬)
ભીતર પહોંચ્યા, ભલે સમે, મન માંહે આનંદ આણેજી;
ભક્તને માહા સુખ આપવા, પેર ઘણી ઘણી જાણેજી. (૧૭)
પ્રાગટય તે તેણે કારણે, કહે તે શાસ્ત્ર સિદ્ધાંતજી;
બીજા તે બાપડા શું લહે, નિગમ ન જાણે તે વાતજી. (૧૮)
ભીતર ભોગ સામગ્રી, ઘણી ઘણી ભાંતની આવેજી;
વિંજન વિવિધ પ્રકારનાં, મહાપ્રભુનો મન ભાવેજી. (૧૯)
વાણીએ કયેમ વરણન કરૂ, જ્યાંહાં નહીં ગોચર જ્ઞાનજી;
જદ્યપિ કહેવાયે તેટલું, જેટલું દીધું છે પ્રભુ દાનજી. (૨૦)

(તિલક)

આજ વ્રજની શોભા અતિ ઘણી

આજ વ્રજની શોભા અતિ ઘણી, ઘેરે પ્રગટિયા શ્રીગોકુલધણી;
ગોપી ગોવાળ મળીયાં સર્વે સુણી, ધાઈ આવ્યાં શ્રીવિઠ્ઠલવર ભણી. (૧)
એ શોભા નિજ મંદિર તણી, તો જોવાએ કોણ અદક્ષણી;
મણિ માણોક જડીઆં બારણે, સેવક જનને સુખ કારણે. (૨)
ઘોર ઘોરથી ગોવાળ આવે રે, માખણ દહીં દૂધ લાવે રે;
સાથો સુરભિ લલના લાવે રે, મુખ લટકંતાં ભાવે રે. (૩)
ગોવાળ નટવર ભેખ ધરિયો રે, મસ્તક દધિ માટ ભરિયો રે;
છીરકે છે માંહો માંહ્ય રે, ધરે રહી શ્રીવિઠ્ઠલજીની બાંહ્ય રે. (૪)

ત્યાં તો સ્ર્વસ્વ આનંદ લીજે રે, માતા રુકમિણીજીનાં મન સીજે રે;
સાજનાન આદર માન રે, આપ્યાં બીડી નો પકવાન રે. (૫)
કર ગ્રહીનો કર્યા પ્રણામ રે, આશીષ દીધી તેણી વાર રે;
વ્હલિં ભવનાં બંધન કાપ્યાં રે, વઈષ્ણવને માગ્યાં તે આપ્યાં રે. (૬)
સેવકજન ઉભા દ્વારે રે, ત્યાં તો તન મન સર્વે વારે રે;
વ્હાલે આપ્યો વ્રજમાં વાસ રે, બલિહારી માધવદાસ રે. (૭)

(મહાઉત્સવ)

અગહન માસ મહા બડભાગી

અગહન માસ મહા બડભાગી, આજે સોહેલો, સુદિ સપ્તમી સુહાગી આજે૦ ૧
વાર ભલો ભ્રગુવાર સોહાગી, આજે૦ નિશ ઘટિકા છપ્પન પલ અનુરાગી આજ૦ ૨
સંવત સોલસેં શુભ અષ્ટ, આજે૦ પ્રાર્દુભાવ ભયો પુષ્ટ પુષ્ટ આજે૦ ૩
દૈવી જીવ લખે પ્રભુ સ્પષ્ટ, આજે૦ મિટયો વિરહાનલકો કષ્ટ આજે૦ ૪
કૃપાશક્તિ કૃષ્ણદાસી, આજે૦ શ્રીગોકૃલપતિકી જે ઉપાસી આજે૦ ૫
પ્રાગટય સમય જાણી રહી પાસે, આજે૦ શ્રી રુકમણિજી જન્મે સુખરાશી આજે૦ ૬
શ્રીમુખ નિરખી હરખભેર ફુલી, આજે૦ કૃષ્ણદાસી અંતરપટ ખોલી આજે૦ ૭
આયો શ્રીગોકુલનાથ એમ બોલી, આજે૦ સુણી ધાઈ વ્રજ્જનકી ટોલી આજે૦ ૮
ધન્ય શ્રીવિઠ્ઠલનાથ ગુંસાઈ, આજે૦ સુત પાયે શ્રીવલ્લભરાય આજે૦ ૯
ધન્ય ધન્ય શ્રીરુકમણિજી માઈ, આજે૦ જીનકી અમૃત-કૂખ સિરાઈ આજે૦ ૧૦
ગામ અડેલ ત્રિવેણી તીર, આજે૦ સુંદર શ્રીયમુનાજીકો નીર આજે૦ ૧૧
પ્રગટયો શ્રીશોભાજીનો વીર, આજે૦ મીટી રસભક્તની પીર આજે૦ ૧૨
સુંદર રૂપ અનુપમ સોહે આજે૦ વ્રજ્જન નીરખી હરખી મન મોહે આજે૦ ૧૩
ઉમગભરી સબ શ્રીમુખ જોયે, આજે૦ ઈનકે ભાગ્ય સમોવડ કોહે આજે૦ ૧૪
જુરીઆઈ સબ્ર વ્રજકી નારી, આજે૦ ગાવત ગીત બજાવત તારી આજે૦ ૧૫
નાચત ઉમંગભરી સુકુમારી, આજે૦ અરૂ સંગ ઝાંઝ પખાવજ ધારી આજે૦ ૧૬
દેત આશીષ સબ વ્રજબાલા, આજે૦ જીવો શ્રીરુકમણીજી તીહારો લાલા આજે૦ ૧૭
દ્વારન બાંધત બંધનમાલા, આજે૦ તિલક કિયો ભક્તન કે ભાલા આજે૦ ૧૮
મિશ્રી વદન કમલમેં ધરહી, આજે૦ મિલત પરસ્પર અંકજ ભરહી આજે૦ ૧૯
ઉત્સવ ઘરઘર પ્રતિ સબ કરહી, આજે૦ શ્રી ગોકુલપતિપદ અનુસરહી આજે૦ ૨૦

ભીડ થઈ માહા મંદિર

ભીડ થઈ માહા મંદિર, સુંદર સખીગણ આવેજી;
મોતીના ચોક પૂરી પૂરી, આનંદ આરતી લાવેજી. ૧
સંમ્રધ અતિસે રે શોભિએ, ઉર્ધને અર્ધ ભાગેજી;
નરનારી સહુ મલી ગાએજી, અધિક ભર્યા અનુરાગેજી. ૨
છજાવટી સોહે તે સમે, મોહે અમરતણી નારજી;
વાણીએ તે કયેમ કહી શકું, અનુભવી જાણી અપારજી. ૩
માર્કંડે પૂજા કરવાને, ધરીયા તે વિવિધ પ્રકારેજી;
ચોક પૂર્યા રે કુમકુંમ તણા, ઉપર પીઢા તે સારજી. ૪
ગાદી કફઈની કરીયને, ધરી નૌતન તેહજી;
ચીર બિછાવ્યાં તે ઊપરે, અતિય અમોલક જેહજી. ૫
સેવકને રે આનંદ ઘણો, દરસન આપશે શ્રીનાથજી;
નીચી દૃષ્ટિ નિહાલે છે, મલિ મલિ સઘલેડો સાથજી. ૬
કરુણા તે મન માહા આણીને, જાણીને પ્રગટ પાયો ધાર્યાજી;
જય જય જય જય સહુ કોઈ કહે, ભામણાં લેઈ લેઈ વાર્યાજી. ૭
ઉપરણો ઓઢયો પ્રકારસું, વરમાલા શ્રીકંઠે સોહેજી;
લટકતી ચાલે પાયે ધારિયા, જગત તણાં મન મોહેજી. ૮
આવીને પીઢે બેઠાજી, પરિવારે પરવરિયાજી;
ચાર સખીરે માંગલ લેઈ, આવ્યા છે હરખતે ભરિયાજી. ૯
તેણે સમે તે ત્યાંહા આવીયાજી, લાવે તે ભેટ તે ભક્તજી;
માળા ને મુદ્રિકા અતિ ઘણી, પોહોંચી પેહેરાવે અનુરક્તજી. ૧૦
ઉચ્ચ રીતે એ વિધોગતે, માર્કંડે પૂજા તે કીધીજી;
વેદના મંત્ર તે ભણી ભણી, વિપ્રે તે આસીસ દીધીજી. ૧૧
જય જયકાર હવો ત્રિભોવનમાં, વ્રજ્જન આરતી કરતાજી;
તિલક કરે રે કુમકુમ તણા, બીડા, તે શ્રીહસ્તે ધરતાજી. ૧૨
બાતીય કરી કપૂરની, છાતી તે સીતલ થાયજી;
પ્રગટ કરી દીપમાલિકા, જોતિ તે ત્રિભોવન ન માએજી. ૧૩
આરતી વારતા વારે છે, ભક્ત તે તન મન પ્રાણજી;
કોટી ઢાલીને અંગીકૃત કર્યા, ભાવે તે તેહોના પ્રમાણેજી. ૧૪

પુષ્પ તે સોના રૂપા તણા, માણિક મોતીયે વધાવ્યાજી ;
દંડવત કરી રે ઓવારણાં, લેતા તે રૂડેરો ભાવ્યાજી. ૧૫
ભામલડાં લેઈ સહુ કોઈ, દે છે સત્ય આસીસજી ;
કામ પૂરણ કર્યાં ભક્તનાં, જીવો ક્રોડ વરીસજી. ૧૬
તેણે સમે ભક્ત સહુ માગેજી, જેહને મનોરથ જેહજી ;
માહા દાન માહા પ્રભુ આપે છે, સર્વથા સર્વ તેહજી. ૧૭
પીઢે થકા પ્રભુ ઊઠીને, પાયો ધાર્યા મંદિર ભણીજી ;
એણી પેરે લીલા દેખાડેજી, ચૌદભુવનતણો ધણીયજી. ૧૮
અન અવસર કરી ભીતર ફરી, અને બેઠક પાઉ ધાર્યાજી ;
રૂપ અનુપ નિહાલીને, સેવક જન સહુ વાર્યાજી. ૧૯
દ્વિજ તે ઘણા ઘણા ગામના, બીજા તે ભિક્ષુક બહુઅજી ;
તેહને દાન યથા યોગ્ય આપી, સંતોખ્યાં છે સહુઅજી. ૨૦

હાંરે આજે જનમ રે

હાંરે આજે જનમ રે જન્મદિવસ છે રે હેલી, શણગાર સજુ સહું પહેલી. ૧
હાંરે મારે જાઉં રે શ્રીવિઠ્ઠલજીને દ્વારે, ત્યાં તો ભક્તની ભીડ અપાર. ૨
હાંરે વાજે વાજે રે તાલ ને ઝાંઝ મૃદંગ, વળી વાગે છે માંગલી ચંગ. ૩
હાંરે વાજે વાજે રે ઢોલ દમામા ને ભેરી, મોટી નોબત ઘૂમે છે ઘેરી. ૪
હાંરે ત્યાંતો નૃત્ય રે, નૃત્ય કરે નરનારી, આભૂષણ શોભે છે ભારી. ૫
હાંરે નારી નારી રે ધોળે ગાયે ગુજરાતી, ફૂલી ફરતી ને અંગ ન સમાતી. ૬
હાંરે ત્યાંતો મોતીના રે, મોતીના ચોક પુરાયે, શ્રીવલ્લભવર કેસરે ન્હાયે. ૭
હાંરે ઘસી કેસર રે કેસર ચંદન ઘોળ્યાં, ફુલેલ શ્રીઅંગે ચોળ્યાં. ૮
હાંરે ઊષ્ણ જલશું રે, જલશું સ્નાન જ કીધાં, વૈષ્ણવજનને ચરણામૃત દીધાં. ૯
હાંરે અંગવસ્ત્ર રે, વસ્ત્ર શ્રીઅંગે જ કરીયાં, ધોતી ઉપરણા કેસરી ધરીયા. ૧૦
હાંરે મારે વહાલે રે, વહાલે આભૂષણ ધરીઆં, દેખી વૈષ્ણવનાં મન ઠરીયાં. ૧૧
હાંરે ત્યાં તો માર્કંડ રે, માર્કંડ પૂજા રે કીધી, વિપ્રજનને દક્ષિણા દીધી. ૧૨
હાંરે ઈંડીપીંડી રે, પીંડીને આરતી કીધી, ન્યોછાવરી વારીને દીધી. ૧૩
હાંરે હરિદાસ રે, દાસ શોભા સુખકારી, હરખી નીરખીને જાએ બલિહારી. ૧૪

આનંદસાગર ઉલટયો સખી આજ

આનંદસાગર ઉલટયો સખી આજ મહારે મનમાંહ્ય રે,
અંગોઅંગ ફૂલ્યાં અતિ ઘણાં સખી કહ્યાં તે કો'નાં નવ જાય રે;
ભલે પ્રગટયા રે (૨) શ્રીગોકુલનાથ, શ્રીવિઠ્ઠલનાથ,
દ્યો હેલી હરિને વધામણાં. (૧)
બાવન ચંદન બહુ વળી વચ્ચે ચોક નવલી ભાત રે,
પાછળ ફરતાં ફૂલડાં, વચ્ચે વેલડીની જાત રે;
સોહાસણ રે (૨) મેલો ઢળકંતા હાથ,
લટકંતા હાથ, દ્યો હેલી. (૨)
બહુ રત્ન માલ હીરે જડયા, મોતીડે પૂર્યા થાળ રે;
કુમકુમ ભર્યા રે કચોલડાં, માંહી પુષ્પ કેરી માળ રે;
સોહાસણ રે (૨) ગાય મંગળ ચાર,
ગીત રસાલ, દ્યો હેલી. (૩)
આનંદ ઉપન્યો અતિ ઘણો સખી આણીએ નવરંગ રે,
વાજિંત્ર વાગે અવનવા સખી ઢોલ ભેરિ મૃદંગ રે,
આજ મન ઉપન્યો રે (૨)
અતિશે આનંદ, દ્યો હેલી. (૪)
પ્રીતે પ્રભુજી નીરખીયા શ્રીગોકુલપતિ મહારાજ રે,
હરિદાસ કહે મહારા મનતણા પહોચ્યા મનોરથ આજ રે;
હવે સરિયાં રે (૨) સેવકનાં કાજ,
વૈષ્ણવનાં કાજ, દ્યો હેલી. (૫)

આવો રે ગોરી આવો સાંમલી

આવે રે ગોરી આવો સાંમલી, કહું રળિયામણી વાતજી
આવે રે ગોકુલકેરો રાજીઓ ઉલટ અંગ ન માયજી ૧
કહો સખી પેર શી કીજીએ દીજીએ શીખામણ સારજી
કળશ સમારો રે પેરસું, હવે નવ કીજીએ વારજી ૨
વિવિધ પેરેપેરે વાધીએ, શણગારો સઘલડો સાથજી
શ્રીવિઠ્ઠલજીનો કુંવર કોડામણો, અતિ રે સોહામણો ૩

વીરો આવો રે શોભાજી તણો, વિઠ્ઠલરાયજીનો તાતજી
આપણને અનુગ્રહ કર્યો, મહામુની નવ જાણે એ વાતજી ૪
પુષ્પ અણાવો અતિ શોભિતાં, ગોકુલનાથજીને મન ગમતાંજી
ભુતલ સામગ્રી અતિ શોભિતી, આવે છે હસતાં ને રમતાંજી ૫
પાર્વતિજી વર અતિ સુંદર, મંદિર પોધાર્યા પ્રિતેજી
સાધુનાં કારજ સારવા, રાખવા આપણી રીતજી ૬
ઘેર ઘેર ગુડીરે ઉછલે, તરીઆ તોરણ દ્વારજી
આનંદ સાગર ઉલટ્યો, ત્રિભોવન તણો જય જયકારજી ૭
ટોડલે તોરણો તાટર્યું વાટ સમરાવોને વીરજી
શૂરા થાઓજીરે સાવધાન, દાન નહિં કો કહે પારજી ૮
વાજિંત્ર વાજે રે શોભિતા, સાંભળતા અતિ સુખ થાયજી
વ્રજસુંદરી રે વિવેકસું, રસભરી રંગશું ગાયજી ૯
શ્રીવિઠ્ઠલકુલ પુરૂષોત્તમ, ઉત્તામ એ વર જાણોજી
વેદ પૂરણે વખાણીએ, એ શ્રીગોકુલ કેરો રાણોજી ૧૦
બીજા રે બહુ પરિવારમાં, સાર શ્રીવલ્લભ નામજી
ચિરંજીવો શ્રીગોકુલનાથજી, વ્રજસુંદરી પુરણકામજી ૧૧
એ રે લીલા જે કોઈ ગાશે, તે વ્રજસુંદરજીનો સાથજી
પ્રિતે કરી પધરાવીઆ, બલિજાયે માધવદાસજી ૧૨

આવો આવો રે સુજાતિ સહિયર સાથ

આવો આવો રે સુજાતિ સહિયર સાથ, આવી અવિલોકો શ્રીગોકુલનાથ ૧
આપણાં નયણાં ચતુર ચકોર સમાન, કીજે અમીય પાન આનન ઉડરાજ ૨
કરો નયણાં સફલ સકલ સંઘાત, જઈ જોઈ જુઓ વિઠ્ઠલરાયજીનો તાત ૩
એ નયણાં તણું જાણે નયણ, પણ કેઈ પેરે કહે એ વર્જિત વેણ ૪
સખી એ ચતુરાનન કેરી ચૂક, એહવાં લોચન લલિત કર્યાં બેઉ મુક ૫
વલી વચ્ચે નિમેષ તણું શું કાજ, એ વિધના થયો રે વિનાયક રાજ ૬
એણે અનિમેષ કરી રે અખિલ સુરનાર, જેને એ દર્શન નહિં સ્વપ્ન મંઝાર ૭
એ ઘરડો ઘણું રે ભણ્યો વલી વેદ, તે શું જાણે દર્શન રસભેદ ૮
એ શોભા સિંધુ સદા સુખધામ, તેને જોતાં કયમ પામીએ વિરામ ૮
એ મનડું હર્યું રે મનોહર રૂપ, અતિ સુખદ સુભગ અંગોઅંગ અનુપ ૯

એહને જોતાં જાયે મનની આધ, એ છે આનંદ ઉદધિ અપાર અગાધ ૧૦
સખી ધન્ય ધન્ય શ્રીગોકુલનો વાસ, જ્યાં પહોંચે આપણા મનતણી આશ ૧૧
સખી જે નહી રે વૈકુંઠ મંઝાર, સખી એ સુખ શ્રીગોકુલનાથજીને દ્વાર ૧૨
સખી ધન્ય ધન્ય આપણો અવતાર, આપણા વલ્લભવર વિઠ્ઠલેશકુમાર ૧૩
હવે જનમ જનમ જાચવું એહ, આપો નારાયણ પ્રભુ નિરવિધિ નેહ ૧૪

આવોજી અચલ સોહાસણી

આવોજી અચલ સોહાસણી, મલી મંગલ ગાઈએ (ગાવો);
પ્રકટયા શ્રીગોકુલનાથજી, જન્મનો રે દહાડો. (૧)
મોતી કેરા સાથિયા, મંદિરમાંહે કહાડે;
મણિ મુક્તાફલ કેવડો, વચ્ચે ચોકમાં પૂરાવો. (૨)
શ્રીવિઠ્ઠલજી દાન આપે ઘણું, કહેતાં ન આવે પાર;
ભાટ જાચક રે મળ્યા બહુ, બોલે જય જયકાર. (૩)
આજ સખી રે વધામણી, વ્રજ વાજે નિશાન;
પ્રગટયા શ્રીગોકુલનાથજી, આવ્યા કોટિ કલ્યાણ. (૪)
ચાલો ચાલો ઉતાવલા પ્રભુને જોવાને જૈયે;
તન મન તાપ મેલીને આપણ આનંદ પૈયે. (૫)
અમી રે ભરી પ્રભુની આંખડી, નયણાં છે રસિયાલાં;
એ તો નિદ્રા નહીં કરે, જોવાના રે રસિયા. (૬)
ભગવદીમન આનંદ ઘણો, ફૂલ્યાં અંગ ન સમાય;
માધવદાસના પ્રભુજી મોરે મન વસિયા. (૭)

આજ અચાનક આનંદરૂપી

આજ અચાનક આનંદરૂપી ઉદય થયો છે ભાણજો.
મારે મંદિરે પધાર્યા શ્રીગોકુલનાથજી.
બેની તારા ભાગ્ય તણો નહિ પારજો, સુંદરવર પામ્યા શ્રીગોકુલનાથજી જો.
ટાળ્યાં વહાલે જનમ જનમનાં દુ:ખ જો નામ સમર્પણ આપીને પાવન કર્યા જો.
ખડ સુકાંને સિંચન કરવા આશ જો, અધરામૃત આપીને સહુ સિંચન કર્યા જો.
અંગ તપે છે સ્પર્શ કરવા આશ જો, ચરણામૃત આપીને સહુ પાવન કર્યા જો.
ઘણા દિવસના વાહાલાના વિયોગ જો, સખી આજ થયો છે નયણાંનો મેલાવડો જો.

શ્રીગોકુલ ઈંદુ પ્રગટ્યા પુરણ બ્રહમ જો સુખ સાગરમાં મહા રસની વરષા કરી જો.
નવ પલ્લવ થઈ વાહાલાજીની સૃષ્ટિ જો, બેઉ કરણે અમૃત રસ સિંચન કર્યા જો.
તમસું વહાલા પુરવ જનમની પ્રીત જો, મુને આણું કરવા બની ઠણીને આવીઆ જો.
પહેરો સહિયરો શોભિતા શણગાર જો, નયન સેન દઈ વહાલાને રીઝાવીએ જો.
કલ્લા કાંબી ઝાંઝરનો ઝમકાર જો, રૂમઝુમ રૂમઝુમ પાયે નેપુર ઠમકતાં જો.
ઘુઘરડીનો નાદ અનુપમ સાર જો, દર્શન કરવા ચાલો, સહિયરો ઠમકતાં જો.
આ અવસર છે પ્રભુ ભજવાનો સાર જો, લાજ ત્યજીને લ્યો વહાલાનાં ભામણાં જો.
લાજે વણશે સહિયર મારાં કાજ જો, જન્મ કૃતારથ કીધા વહાલે આપણાં જો.
એ રસ ને જે અનુભવશે નરનાર જો, અચલ સોહાગી નિજદાસી સંગે થશે જો.
નિજદાસીના પૂર્યા વહાલે કોડ જો, આનંદ ભર હીંડે છે મોડા મોડ જો.

આવો મલો સાહેલડી જોવા જઈએ રે

આવો મલો સાહેલડી જોવા જઈએ રે, મલીયને મંગલ ગાઓ... ચાલો... ૧
સકલ શણગાર સજ કરી, જોવા જઈએ રે, મોતીડે થાળ ભરાવો... ચાલો... ૨
શ્રીવિઠ્ઠલ સુત અતિ લાડીલો, જોવા જઈએ રે, બિરાજે શ્રીગોકુલ ગામ... ચાલો... ૩
રસિક શિરોમણી એ પ્રભુ, જોવા જઈએ રે, કેસર તિલક સોહે ભાલ... ચાલો... ૪
ધોતી ઉપરણો કેસરી, જોવા જઈએ રે, કેસર તિલક સોહે ભાલ... ચાલો... ૫
કુંડળ બેઉં તે જડાવના, જોવા જઈએ રે, ઉર સોહે તુલસી માલ... ચાલો... ૬
મુક્તા માલા બિરાજહી, જોવા જઈએ રે, સંગ સોહે ગુંજા હાર... ચાલો... ૭
કેસ સચિકણ, પાતળા, જોવા જઈએ રે, જુડો વાળ્યો સોહે અપાર... ચાલો ૮
લીલાવટિ તેજ તપે ઘણું, જોવા જઈએ રે, નાસિકા તેલની ધાર... ચાલો... ૯
નેત્ર કમલ અતિ રસ ભર્યાં, જોવા જઈએ રે, ભ્રકુટી વંક વિશાલ... ચાલો... ૧૦
રસના રસ પોષણ કરે, જોવા જઈએ રે, ભક્ત તણો આધાર... ચાલો... ૧૧
દંત જાણે દાડમ કળી, જોવા જઈએ રે, અધર જાણે પરવાળ... ચાલો... ૧૨
રૂદય પ્રફુલ્લિત અતિ ગણું જોવા જઈએ રે, બાહુ ભુજા દંડ બેઉ સાર... ચાલો... ૧૩
ઉદર અતિ ગંભીરતા, જોવા જઈએ રે, કટિ જંઘા સારનુંસાર... ચાલો... ૧૪
ચરણ કમલ રસ માધુરી, જોવા જઈએ રે, ભક્ત ભ્રમર કરે પાન... ચાલો... ૧૫
આજાન બાહુ એ પ્રભુ, જોવા જઈએ રે, સકલ સારનું સાર... ચાલો... ૧૬
વલ્લભદાસ પ્રભુ નીરખીઆ, જોવા જઈએ રે, દેત કરત રસદાન... ચાલો... ૧૭

આજ સખી હું તો આનંદ પામી

આજ સખી હું તો આનંદ પામી, અખિલ ભુવનપતિ ગરુડારે ગામી;
પધાર્યા છે અંતર્યામી રે, ચાલો દર્શન જઈએ. (૧)
ફૂલની ગાદી ને ફૂલના તકિયા, ફૂલની સેજ બિછાઈએરે. ચાલો. (૨)
ચીરના ચંદરવા ને મંડપ મોટા, બંદનવાર બંધાઈએ રે. ચાલો. (૩)
માનિની ગાવે ને ચોક પુરાવે, મંગલ કલશ ભરાઈએ રે. ચાલો. (૪)
સોનારૂપાનાં તે ફૂલડે વધાવો, છત્ર ચમર ઢોળાઈએ રે. ચાલો. (૫)
વરઘોડો વાલમજીનો આવ્યો; કીર્તન ધોળ ગાઈએ રે. ચાલો. (૬)
કાનજી આવે ને મોટા મંડપ રચાવે, હીરજી ભાઈને બોલાઈએ રે. ચાલો. (૭)
વાજિંત્ર વાગે ને સર્વે સુહાયે, ઝાંઝ મૃદંગ બાજાઈએ રે. ચાલો. (૮)
શ્રીવિઠ્ઠલ પ્રભુ વઈષ્ણવ મળીને, શ્રીફળ ભેટ ધરાઈએ રે. ચાલો. (૯)

આજ હમારે શ્રીવલ્લભ જાયો

આજ હમારે શ્રીવલ્લભ જાયો શો વ્રજમંડલ ફેરી બસાયો (૧)
મહાપ્રભુ કે મન એસો ભાયો, રાણી રૂકમણીજીએ ઢોટા જાયો (૨)
બોહોરી લીલા શ્રીગોકુલમેં કીની, ખેલત જુવતિ અતિ રસ ભીની (૩)
દુર્લભ પ્રાગટય નિજ જન નાચે, ભક્તન કે ભાવ કિયે સબ સાંચે (૪)
સુણી ઝંકાર સુરપતિ લાજે, ચૌદ લોકપર વ્રજજન ગાજે (૫)
મંગલ કળશ લીએ સબ આઈ, મોહનલાલ દેખત સુખ પાઈ (૬)

આવોજી અતિબડભાગિયાં

આવોજી અતિબડભાગિયાં, મલી જોવાને જઈએ;
પરમકૃપાલકૃપાનિધિ, તેમનાં દરશનપૈયે. (૧)
દરશને તાપત્રિવિધ ટલે, મન મોદ ન માયે;
જૂથ ઘણાંરે જુવતી તણાં, મલી મંગલ ગાયે. (૨)
માગસીર સુદ સાતમ ભલી શુભ મંગલ માસે;
માંગલ્યરૂપે પ્રગટિયા, માંગલ્ય પ્રકાશે. (૩)
પ્રકાશ વાધ્યો દ્વિજરાજનો, વાજે રે નિશાન;
નિરભેપદ નિજકરગ્રહી, આપે જીવનપ્રાણ. (૪)

પ્રાણજીવન ધન વાલમો, અંગોઅંગ અનુપ;
નામ સદા શ્રીગોકુલનાથજી દ્વિજમંડલભૂપ. (૫)
ભૂપ તો ભૂમંડલતણા, વૈષ્ણવ વિશ્રામ,
આપણને સુખ આપવા, પરિપૂરણ કામ. (૬)
પૂરણતા પ્રભુજી તણી, કોઈ નવ લહે પાર;
સમોવડ કો દીસે નહીં, લીલા અવતાર. (૭)
લીલા લહેર તરંગની, ઉમગ્યો રસ પૂરણ;
માતા પિતા પતિ ધર્મની, મર્યાદા ચૂરણ. (૮)
મરજાદા મૂકી મલ્યા, મલિયા જે માંહે;
જલતરંગ નહીં જૂજવા, તે તેની બાંહે. (૯)
બાંહ્ય ગ્રહે બલ બાંધીયો, તેને કાહ્ુ વિશેખે;
અધક્ષણું અલગા નહિ નેન થકી નિમેષે (૧૦)
નિમિષ તણું સુખ શું કહું, જાણે નહિ વેદ;
બ્રહ્માદિક સ્વપ્ને નહિ, દરશન રસભેદ. (૧૧)
દરશપરસ પિયા અનુભવી, કીજે કોઈ ઉપાય;
ઉત્સાહ વિધિ જાણે નહીં, રતિ રંક ને રાય. (૧૨)
રાય રાણો એ આગલે, ઉભા કર જોડે;
હાહા કરી હરત છબી, માનની મુખ મોડે. (૧૩)
કામની, ભામની, માનુની, વનીતાના વૃંદે;
ઈચ્છા પૂરી વહાલે હમતણી, ફૂલ્યાં મકરંદે. (૧૪)
ફૂલફૂલ વલ્લભતણો, ફૂલિયા અપારે;
પુરુષોત્તમ રંગે રમે, શ્રીવિઠ્ઠલજીને દ્વારે. (૧૫)
દ્વારે રહ્યો વિનતિ કરૂં, માગું સોઈ દીજે;
મનસા વાચા કર્મણા, કંઈ વિલંબ ના કીજે. (૧૬)
વિલંબ ન કીજે મારા વાલમા, અંતરગત જાણો;
ચરણશરણ રાખો સદા, જીવ જગત લોભાણો. (૧૭)

આવો આવોને શ્રીગોકુલનાથ

આવો આવોને શ્રીગોકુલનાથ રમવાને આવોરે,
તમે પાર્વતી વહુજીના કંથ; રમવાને આવોરે. (૧)
તમો શોભા બેટીજીના વીર, રમવાને આવોરે;
તમો ભક્તવત્સલ પ્રતિપાલ રમવાને આવોરે. (૨)
સાખી-ચારચિહ્ન પ્રભુભક્ત કે પ્રકટ દીખાઈ દેત;
દયાભાવ-અરુ-દિનતા પ્રભુ યા લોક હરલેત. રમ. (૩)
અપનો અપનો રંગમે જગત ભયો સબ અંધ;
પ્રભુસંબંધ ભૂલ્યો સબે નહી ધર્મકો ગંધ. રમ. (૪)
એક ભરોસો આપકો દૂજો છે સત્સંગ;
ત્રીજી ઈચ્છા આપકી આચરે ચોથે રંગ, રમ. (૫)
સ્વામી અપનો સુખ ચહે, પ્રભુકો સુખચહે દાસ,
સ્વામીતેં પ્રભુ દૂર હે સેવક પ્રભુકે પાસ. રમ. (૬)

આજ મહારા આંગણિયામાં

આજ મહારા આંગણિયામાં, મોતીના મેહ વર્ષ્યા રે-
મોતીના મેહ વર્ષ્યા વહાલા, મોતીના. (૧)
ઘેર પધાર્યા ગોકુલેશપ્રભુ હૈયાં ઘણાં હરખ્યાં રે-
હૈયાં ઘણાં હરખ્યાં વ્હાલા, હૈયાં. (૨)
ધોતી ઉપરણો કેસરી ને કેસરભીની પાઘ રે-
કેસર ભીની પાઘ વ્હાલા, કેસર. (૩)
કાને કુંડલ ઝગમગે ને તેજ તણો નહીં પાર રે-
તેજ તણો નહીં પાર વ્હાલા, તેજ. (૪)
બાંહે બાજુબંધ બેરખા ને પોંહોંચી રત્ન જડાવરે-
પોહોંચી રત્નજડાવ મારા વ્હાલા, પહોંચી. (૫)
કેડે સોહિયે કટિમેખલા ને ઝાંઝરનો ઝણકાર રે-
ઝાંઝરનો ઝણકાર મારા વ્હાલા, ઝાંઝરનો. (૬)
દાસનો દાસ કરે વિનતિ કે આપો શ્રીગોકુલ વાસરે-
આપો શ્રીગોકુલ વાસ મારા વ્હાલા આપો (૭)

આજ મહારે આનંદ ઉર ન સમાયજી

આજ મહારે આનંદ ઉર ન સમાયજી, પ્રકટયા શ્રીવલ્લભરાજ સુકુમારજી. (૧)
ભૂતલ ભાગ્ય તણો નહિ પારજી, દૈવી તે જીવનો કરવા ઉદ્ધારજી. (૨)
મંદિર માંહે તે ચોક પુરાય જી, તોરણ બારણિયે બંધાયજી. (૩)
હુંએ કરૂં વિધવિધના શણગારજી, હરખે તેડાવું તે સૈયર સાથજી. (૪)
નાચું ગાઉં તાળી પાડું બેઉ હાથજી, કોને કહું કહ્યું તે નવ કહેવાયજી. (૫)
છબિ પર જન રસિક બલ જાયજી; આજ મારે આનંદ ઉર ન સમાયજી. (૬)

આજ આનંદ માહારે અતિઘણો

આજ આનંદ માહારે અતિઘણો, શ્રીગોકુલ જયજયકાર રે;
ધન્ય ધન્ય નંદજસોમતિ, જેણે જાયા જગદાધાર રે. (૧)
કુમકુમ ચંદન છાંટણાં અને મોતીડે ચોક પૂરાય રે;
શુભ દિન શુભ દિન ઘડી, શુભ વેળા ને શુભ વાર રે. (૨)
લગ્નમૂહુર્ત કંકોતરી, લખી લાવ્યા ગર્ગાચાર્ય રે;
આપે એઉનો વધામણી, અને જાચક ઊભા દ્વાર રે. (૩)
દધિ છાંટે ગોવાળિયા, કાંઈ નાચે નર ને નાર રે,
કુસુમવૃષ્ટિ સુરપતિ કરે, નજગોવિંદ બલિ બલિ જાય રે. (૪)

એરે વહાલો સખી ! ક્યારે દેખીશું રે

એરે વહાલો સખી ! ક્યારે દેખીશું રે,
વહાલાજીનું શ્રીવલ્લભનામ. એરે વહાલો. (૧)
શ્રીવિઠ્ઠલજીના લાડીલારે, બિરાજે શ્રીગોકુલગામ,
શ્રીરૂક્ષ્મણીજીનો કુંવર કોડામણો,
એ શ્રીશોભા બેનીજીના વીર-એરે વહાલો. (૨)
એ શ્રીપારવતી વહુજીના કંથ છે રે,
એ શ્રીગોપાલલાલજીના તાત એરે વહાલો.
અણિયાળી આંખે વહાલાને ક્યારે દેખીશું રે,
શ્રીવિઠ્ઠલરાજ કુમાર. એરે વહાલો. (૩)

પરમ ઉદાર શ્રીગોકુલનાથજી રે,
નવ સહે વિરહની પીર;
આંખ હમારી ઉલઝી રહી રે,
જોવા વદનરસાલ. એરે વહાલો. (૪)
મરકલડે વહાલોજી મન હરે એ, અંબુજ નયણે વિશાળ;
એણી એણી આંખે ક્યારે દેખશું રે,
શ્રીવિઠ્ઠલરાજ કુમાર. એ રે વહાલો. (૫)
મરકલડે વહાલે મન હર્યાં રે,
એવી લાંબી વેણ રસાલ. એરે વહાલો.
આંખ અમારાથી અળગા નવ રહો રે,
જોવું શ્રીવદનસાલ. એરે વહાલો. (૬)
સર્વે વૈષ્ણવને કરૂં વિનતિ રે,
તમો કરજો મારી સંભાળ. એરે વહાલો.
દાસનોદાસ કરે વિનતિ રે,
પ્રભુ કરજો મારીરે સહાય. એરે વહાલો. (૭)

શ્રીગોકુલનાથ પ્રાગટ્ય થયા રે

શ્રીગોકુલનાથ પ્રાગટ્ય થયા રે આયો મહાઓચ્છવ, મારા તનના તાપ ગયા રે, આયો. ૧
સખીઓ સર્વે મલીને ઘેર આવો રે આયો મહાઓચ્છવ, મોતીના ચોક પુરાવો રે, આયો. ૨
કંકુના હાથા દેવરાવો રે આયો, મંગલ કલશ ભરાવો રે, આયો. ૩
કંદલીના ખંભ રોપાવો રે આયો, તરિયા તોરણ બંધાવો રે, આયો. ૪
રૂડામંડપ રચાવો રે, આયો, ચીરના ચંદરવા બંધાવો રે આયો. ૫
શેરીએ કાચ ઢળાવો રે આયો, સુગંધ અગર ઉખેવો રે, આયો. ૬
મોટા સમિયાના બંધાવો રે આયો, મોતીની ઝાલરો ટંકાવો રે, આયો. ૭
સખીઓ સર્વે મલીને ઘેર આવો રે આયો, મંગલ ધોળ ગવરાવો રે, આયો. ૮
મોટી જાજમો પથરાવો રે, આયો, ગાદી મુઢા બિછાવો રે, આયો. ૯
દીપક જ્યોત પ્રગટાવો રે, આયો, આજે આનંદ વધાવો રે, આયો. ૧૦
શ્રીગોકુલનાથને પધરાવો રે, આયો. ૧૧
એ છે શ્રીરૂકમણીજીના જાયા રે, આયો, એ છે વૈષ્ણવજનના વહાલા રે આયો. ૧૨
એ છે શ્રીવિઠ્ઠલનાથજીના લાલા રે, આયો. ૧૩
વ્હાલે પુષ્ટિ પ્રાગટ્ય કીધું રે, આયો, વ્હાલે ભકતને દાન દીધું રે, આયો. ૧૪

વ્હાલે વ્રજમાં પુર્યો વાસ રે, આયો, (જનમ્યા) સુદી સાતમ માગસર માસ રે, આયો. ૧૫
વ્હાલે સહુની પુરી આશ રે, આયો, બલિહારી માધવદાસ રે, આયો. ૧૬

શ્રીગોકુલનાથ સોહામણો રે

શ્રીગોકુલનાથ સોહામણો રે,
એમના રૂપતણો નહિ પાર, હો લાલ-શ્રીગોકુલનાથ. ૧.
શ્રીઅંગ કાન્તિ હું શી કહું રે, દેખી શોભા પામી લાજ હો. ૨.
પ્રાત: ઉઠે મંગળા સમે રે, નિત્યનાં કૃત્ય કરે સહુ નેગ, હો. ૩.
તૈલાભ્યંગ તે કરીયને રે, નાહ્યા પ્રાણ તણા આધાર, હો. ૪.
ભીતર વેગા પધારીયા રે, વળીયો સર્વ સમાજ, હો. ૫.
ઘેર આવી ચિત્ત વિહ્વળ થયાં રે, મનડાં આકુળવ્યાકુળ થાય. હો. ૬.
પંથ નિહાળે પ્રાણેશનો રે, જેને જેસો લાગ્યો રંગ. હો. ૭.
ક્યારે બહાર પધારશો રે, સુખનિધિ શ્રીવલ્લભરાજ, હો. ૮.
ત્યાં તો આવી વધામણી રે, પધાર્યા મોહનવર સુખદાઈ, હો. ૯.
ઘસીમસીને ચાલીયાં રે, ઘરનાં કારજ વિસાર્યાં, હો. ૧૦.
સાથ સહુ મળીને આવીયો રે, જોવા પ્રાણતણા આધાર, હો. ૧૧.
સોલે શણગાર તે કરી અને રે, રમવા પ્રીતમજીની સાથ, હો. ૧૨.
ભીંતે અટકી ઉભા રહ્યા રે, જાણે કોટિક પ્રગટયો ભાણ, હો. ૧૩.
કિરણે ભકત ઝળકી રહ્યા રે, જાણીયે રત્ન કેરી પાંત, હો. ૧૪.
એ સુખ જોઈને ફૂલિયા રે, પ્રીતે વલ્લભદાસ, હો લાલ. ૧૫.

શ્રીગોકુલ સાસરિયે જાવું

શ્રીગોકુલ સાસરિયે જાવું, આણું તો મોહનવરનું આવ્યું,
લખ્યું શ્રીહસ્તતણું ભાવ્યું. શ્રીગોકુલ. ૧.
જાવું છે લટકે ને મટકે, મોહનવર જોઈ જોઈ મન અટકે;
પાયે નેપૂરિયાં ઠમકે. શ્રીગોકુલ. ૨.
આભરણ પહેર્યાં છે અંગે, સખીજન શોભે છે સંગે;
મોહનવર જોઈ જોઈ મન રંગે. શ્રીગોકુલ. ૩.
વાટલડી તો જોવે છે વહાલો, સખી વેગે વહેલેરાં ચાલો;
નયણાં ભરી પ્રીતમજી નિહાળો. શ્રીગોકુલ. ૪.

સાસરિયું મને વહાલેરૂં લાગે, ત્યાં મારી કામ વાસના ભાગે;
મોહનવર જોઈ જોઈ રઢ લાગે. શ્રીગોકુલ. ૫.
સખી મહારે આ અવસર રૂડો, અવિચલ અખંડ પહેર્યો ચૂડો;
માહારે શ્રીગોકુલપતિ વર રૂડો. શ્રીગોકુલ. ૬.
અદ્‌ભૂત લહેર તરંગ ભારી, શ્રીયમુનાજલ ભરવી છે ઝારી;
મોહન પર સર્વસ દઉં વારી. શ્રીગોકુલ. ૭.
શ્રીવલ્લભ નામ સદા રટવું, નિત્ય સુજાતિમાં રહેવું;
સદા શ્રીચરણકમલ સેવું. શ્રીગોકુલ. ૮.

શ્રીગોકુળિયું મૂકીને કંઈ જઈએ નહિ

શ્રીગોકુળિયું મૂકીને કંઈ જઈએ નહિ,
વાસો વસીએ ચરણ કમળની છાંય જો;
શ્રીયમુનાજીના સુંદર તટ રળિયામણાં,
ત્યાં મારા વ્હાલાજીના પરમ રમણ સુખ ધામ જો. (૧)
શ્રીજશોદાઘાટે આનંદસાગર ઉલટયો,
સુખ સાગરમાં ઝીલે ભક્ત સમાજ જો;
શ્રીઠકુરાણીઘાટે બેઠક સુંદર શોભતી,
સદા બિરાજે શ્રીવલ્લભ પરમ ઉદાર જો. (૨)
શ્રીગોકુળીઆની વૃક્ષલતા સહુ નમી રહી,
ચરણ સ્પર્શવા શ્રીગોકુલપતિ મહારાજ જો;
ગિરિગોવર્ધન રત્નખચિત સોહે ઘણું
આદ્ય વૃન્દાવન નિત્યરમણના ઠામ જો. (૩)
આનંદમંગળ મહારસ સિંધુ ઉલટયો,
શ્રીગોકુલિયામાં જય જય શબ્દ ઉચ્ચાર જો,
આ ગોકુલિયું રૂડું રે રસ રંગે ભર્યું
કુંજકુંજ પ્રતિ ખેલે શ્રીગોકુલનાથ જો. (૪)
જે નયણે શ્રીગોકુલિયું નિરખ્યું સહી,
તે નયણાંના ભાગ્ય તણો નહીં પાર જો;
શ્રીવલ્લભઘાટે પ્રીતમજી બેસે ઘણું
નિકટ બસે શ્રીગોકુલેશપુર ધામ જો. (૫)

રમણ રેતીમાં રાસમંડળ રચના ઘણી,
મનોરથ પૂરે શ્રીગોકુલનો નાથ જો ;
ગહેરાં જલ અતિ દીસે સુંદર શોભિતાં,
તનમન ધનને વારૂ વારંવાર જો. (૬)
રત્નચોક સીંગપોરી સુંદર શોભિતાં,
લદાવ ગલીમાં ભીડતણો નહિ પાર જો ;
રંગીલી ગલી શ્રીગોકુલપતિ મંદિર જતાં,
પ્રીતમજી ત્યાં દે છે વારી દાન જો. (૭)
જગમોહનમાં બેઠક સુંદર શોભતી,
નીરખી હરખી જન્મ કૃતાર્થ થાય જો ;
ભેટ પહેરામણી ભાવ સહિત સહુ ત્યાં કરે,
આનંદ મંગલ મોદતણો નહિ પાર જો. (૮)
ભાવ સહિત શ્રીગોકુલપતિ ઉરમાં ધરે,
તેને વહાલો આપે વ્રજમાં વાસ જો. (૯)
બેરબેર શ્રીયમુનાજીસુ વિનતી કરૂં,
નિત્ય પ્રતિ રાખો ચરણકમળની છાંય જો ;
સર્વ વ્રજભક્તની નિજ દાસી હું તમ તણી,
કિંકરી કહે મને આપો વ્રજમાં વાસજો. (૧૦)

ચાલોજી રસભરી સુંદરી

ચાલોજી રસભરી સુંદરી, જઈ જોઈએ વલ્લભજી ;
અગમ-નિગમ જાણે નહિ, એવા છે રે દુર્લભજી. (૧)
કંદર્પકોટિ લાવણ્ય કહીયે, માયાવાદ ખંડનજી ;
ગુણનિધિ શ્રીગોકુલનાથજી, એમની શોભા સુંદરજી. (૨)
વ્રજસુંદરીનો વાલમો, શ્રીવિઠ્ઠલસુત કહીયે ;
તેજે ત્રિભુવન મોહી રહ્યા, એઉને જોવાને જઈએ. (૩)
બાળખેલલીલા કરે, શ્રીરુકમિણીજી લાડ લડાવે ;
સર્વસ ધન તે પોતા તણું, હરખે હુલરાવે. (૪)

શ્રીગોકુલ ગામ સોહામણાં, જ્યાં શ્રીજી પધાર્યા;
ભક્તને મન આનંદ ઘણો, ત્રણ લોક ઉવાર્યા. (૫)
અંગોઅંગની શોભા શી કહું, કરણ મુક્તાફલ;
નેનબાણ મૂકે ઘણાં, નયણાં છે રે નિરમલ. (૬)
વદન સકોમલ રસભર્યા, એવા છો રે બિહારી;
નારાયણ રૂપ ગુણની, જાય બલિહારી. (૭)

છઠ્ઠુ દિવસની રે રાતે

છઠ્ઠ દિવસની રે રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે
વ્હાલે મ્હારો એવો રે રસિયો, ભક્ત હૃદયકમલમાં વસિયો. (૧)
રસિયો શ્રીવલ્લભ સુખ રાસે, ભક્ત તણીરે, વ્હાલે પુરીઆશ
મણિમય સુંદર સદન તે સોહીયે, ત્યાં આવી ઉભા મનમોહીએ. (૨)
રસની સામગ્રી ત્યાં બહુઅ થાલભરી ભરી લાવે સહુઅ
તિલક કુમકુમના રે કીધાં, આરતી વારતાં કારજ સીધાં. (૩)
ધોતી ઉપરણો રે સોહીએ, દેખી વ્રજજનનાં મન મોહીએ
તુલસી ગુંજા માલ બિરાજે, તે તો ચૌદ લોક પર ગાજે. (૪)
કાનો કુંડલ રે ઝલકે, દેખી માનુનીના મન ઢલકે
ચંદન ચરચ્યાં રે શ્રીઅંગે, બેઠા વ્રજભકતન કી સંગે. (૫)
વાત કરે છે રે રસાલી, હસી હસી પેટે આવે ખાલી
બીડાં આરોગે રે રસિયો, મોહનભાઈજીના ઉરમાં વસીયો. (૬)
ચરણકમલની રે આશ, વિનતી કરે રે કેશવદાસ
છઠ્ઠ દિવસની રે રાતે, ગોઠડી કીધી વલ્લભવર સાથે. (૭)

જનમઉત્સવ કેરે આગમ

જનમઉત્સવ કેરે આગમ, હરખ તે હૈયલડે ઘણોઅજી;
ઘેર ઘેર સહુ કોઈ ગાયે ને, આરંભ ઉચ્છવ તણોઅજી. (૧)
સીધાં સામગ્રી જલેબીય, કરિ કરિ રાખે છે તેહજી;
વસ્ત્ર અણાવે તે અતિ ઘણાં, અને વલી ભૂષણ બહુયજી. (૨)
ધોતી ઉપરણો ધરાવે છે, માસ તે આગમ એકજી;
મનોરથ કરે ભક્ત ઘણા, કેમ કરી કહી શકું તે વિવેકજી. (૩)

ભીતર તે ભલી ભાંતની, સામગ્રી થાય તે સહુજી;
માહારે માહ ઉત્સવ મન ધરી, કરે છે તે બેટી અને વહુજી. (૪)
જનમ ઉત્સવ કેરે દિવસજી, ફૂલનો ફૂલ ન માયજી;
ફૂલે સકલ વ્રજવાસીને, ફૂલ સર્વાંગે સુહાયજી. (૫)
ઉલટ નો રે ઉલટ ઘણો, ઊલટ અંગ ન માયજી;
ઉલટ અતિંશે રે ઉલટયો, ઉલટ રંકનો રાયજી. (૬)
આનંદ આનંદ પામ્યોજી, આનંદ આવર્યો અપારજી;
આનંદ ગોકુલ ગામનો, આનંદ નર નો નારજી. (૭)
મોદનો મોદ તે અતિશય, મોદ તે મોદ ન માયજી;
મોદ તે બાલક વૃદ્ધને, મોદ ત્રિભોવન ન સમાયજી. (૮)
માગસર સુદિ રે સાતમ દિન, અનેક દુંદુભિ વાજેજી;
કુસુમવૃષ્ટિ સહુ સુર કરે, વધુઅ સમેત તે રાજેજી. (૯)
પાછલી રાત તે ભક્ત સહુ, શ્રીમુખ જોવાને જાયજી;
સમય પોઢ્યાનો જાણીને, આતુરતાયે તે ધાયેજી. (૧૦)
ચાલ્યા તે અતિસે ઉતાવલા, મંદિર માંહે તે પહોંચ્યાજી;
ઉઠે છે પ્રભુજીય પોઢી અને, પરમ સુખ હવું તે જોતાજી. (૧૧)
વેગે રે દંત ધાવન હવા, આચાર કૃત્ય તે કીધાજી;
ચરણકમલ જુગ પક્ષાલીને, આચમન વિધિસું લીધાજી. (૧૨)
વેગા વેગા કરી મહાપ્રભુ, તેલ લગાડીનો ન્હાયેજી;
સેવક સહુ કોઈ નિરખીને, હરખે તે મિલિ મિલિ ગાયેજી. (૧૩)
મંદિર પધારે મહા મોદસું, ડગ તે ઉતાવળા ભરતાજી;
જમન ઉત્સવ રે પોતા તણો, મન તે ભક્તનું હરતાજી. (૧૪)
સેવક સહુ ઘેર આવીને, અંગ સુગંધ ચઢાવેજી;
ઉત્સવ આપણા પ્રભુ તણો, મનોરથ વિધ વિધના ભાવેજી. (૧૫)
નાના પ્રકાર ઉબટના તે, અંગે કરી કરી ન્હાયેજી;
વિવિધિ ભાંતિ કેરા વસ્ત્ર તે, વ્રજજન પહેર્યાં તે સુહાયેજી. (૧૬)
શણગાર અનેક ભાંતના, ખાંતે કરી કરી કરતાજી;
પરમા વિધિ સુખ પામવા, મન મનોરથ ધરતાજી. (૧૭)
એક ઉત્સાહ હોએ ઘેરે ઘેરે, કુમકુમ હાથા તે દીધાજી;
તોરણ બારણે બારણે, બાંધીને મંગલ કીધાજી. (૧૮)

ન્હવરાવાને રે નાથને, સામગ્રી સોહે હાથજી;
વેગા રે આવીને પોંહોંચ્યાજી, મંદિર સઘલેડો સાથજી. (૧૯)
સુંદરી મોદ મન અતિ ઘણો, ભાવ તે ભરીયા રસાલજી;
કુમકુમ ભરીય કચોલડાં, તિલક તે ભક્તને કરે ભાલજી. (૨૦)
વાટ જૂએ રે વાહાલાતણી, દૂર્લભ આજનો દિનજી;
ભાવ તે ભક્તના જાણીને, પ્રભુજીએ આણ્યું તે મનજી. (૨૧)

જીરે રંગ રંગ ઓચ્છવ આજ

જીરે રંગ રંગ ઓચ્છવ આજ, વલ્લભલાલ રંગ રંગ એ;
જીરે રંગ રંગ પ્રગટયા મહારાજ, વલ્લભલાલ રંગ રંગ એ. ૧.
જીરે રંગ રંગ શ્રીભાગ્યરાસ, વ. જીરે રંગ રંગ ભગવદી સાથ. વ. ૨.
માહા ઓચ્છવનો માસ રહ્યો એક, વ. આભૂષણ ઘડાવો અનેક વ. ૩.
દેશ દેશનાં તે વસ્ત્ર મંગવ્યાં, વ. જે જે શ્રીજીના મનમાં ભાવ્યાં વ. ૪.
આગરામાં રહે મોહનભાઈ, વ. તે તો શ્રીઅંગના સુખદાઈ. વ. ૫.
જીરે મહા ઉત્સવના દિન રહ્યા થોડા, વ. ભાઈએ ઘરના મંગાવ્યા ઘોડા વ. ૬.
ભાઈ ઘોડે થયા અસ્વાર, વ. આગળ દોડે નેકિ છડીદાર વ. ૭.
સંધ્યા સમય શ્રીગોકુલ આવ્યા, વ. સાથે રાજસી ભગવદી લાવ્યા. વ. ૮.
બેઠકમાં તે ગઈ વધાઈ, વ. રાજ આગરેથી આવ્યા મોહનભાઈ. વ. ૯.
આવી ખવાસે વિનતી કીધી, વ. તે તો શ્રીજીયે માની લીધી વ. ૧૦.
જીરે ધન્યધન્ય આજુકી રાત, વ. આયે મેરે એ સુખકીરાસ. વ. ૧૧.
જીરે ધન્ય ધન્ય આજુકો દિન, વ. આયો મેરો રે પ્રાણજીવન વ. ૧૨.
જીરે વેગા મંદિરમાં ગયા, વ. નિકટમાં જઈ ભોગ ધરાવ્યા વ. ૧૩.
જીરે એમના નેત્રના તાપ નિવાર્યા, વ. ગયા બેઠકમાં આરતભર્યા. વ. ૧૪.
જીરે ગાદિતકિયા બિછાવ્યા છે જ્યાંહાં, વ. આવી શ્રીજી બિરાજ્યા છે ત્યાંહાં. વ. ૧૫.
મારગનો પેંડો પેખે વ. ભાઈ શ્રીના હૃદયમાંહાં દેખે. વ. ૧૬.
ભાઈ દરશન કરવાને આવ્યા, વ. ઘણું શ્રીજીના મનમાં ભાવ્યા. વ. ૧૭.
આવી સાષ્ટાંગ દંડવત કીધાં, વ. તે તો શ્રીજીએ માની લીધાં. વ. ૧૮.
નિકટ આવી દંડવત કર્યા, વ. શ્રીહસ્ત મસ્તકધર્યા. વ. ૧૯.
ભલી ભઈ જે આયે તુમ, વ. ઘણું પ્રસન્ન ભયે હમ. વ. ૨૦.
માહાપ્રભુએ કર્યું સમાધાન, વ. ત્યારે ન રહ્યું અનુસંધાન. વ. ૨૧.

સમાધાન એહવા બહુ કર્યાં, વ. પોતે ગદગદ કંઠે થયા. વ. ૨૨.
તુમ એંસી ક્યું કરો મોહનભાઈ, વ. તુમ મેરે સદા સુખ દાઈ. વ. ૨૩.
તુમારે દુ:ખે હમારે દુ:ખ વ. તુમારે સુખે હમારે સુખ. વ. ૨૪.
તુમારે રસે અમારે રસ, વ. તુમારે અનરસે હમારે અનરસ. વ. ૨૫.
અરૂ સાંપ્રત સ્વરૂપ હો તુમહી, વ. અરૂ સાંપ્રત સ્વરૂપ હે હમહી. વ. ૨૬.
તુમ કહો શો નિરધાર, વ. તમો પ્રાણજીવન છો હમારા. વ. ૨૭.
આગળ લીલા કો સુખ હોયે, વ. મેરે તુમ સમાન નહી કોયે. વ. ૨૮.
એહવા શ્રીમુખના વાક્ય સાંભળી, વ. ભાઈ ઉઠયા તે આરત ભરી. વ. ૨૯.
આવી ખાંભી અઢેલીને બેઠા. વ. જાણે શ્રીજીના હ્રદયમાંહાં પેઠા. વ. ૩૦.
એણી ભાંતે સહુને દરસન થાએ, વ. ત્યારે ભગવદી મોદ ન માયે. વ. ૩૧.
ઘેર જવાની વિનતી કીધી, વ. ત્યારે શ્રીમુખે આજ્ઞા દીધી. વ. ૩૨.
તુમ ઘેર જાઓ મોહનભાઈ, વ. એવી સત્ય પ્રતિજ્ઞા હોઈ. વ. ૩૩.
તુમ આગરેકું આદમી પઠાવો, વ. કેશર કસ્તૂરી ને સોંધા મંગાવો. વ. ૩૪.
ત્યારે બોલ્યા તે શ્રીભાગ્યરાસ, વલ્લભલાલ રંગ રંગ હે વ. ૩૫.
જે જે ઉત્સવ કેરો સાજ, વ. સરવે આણીને રાખ્યો છે રાજ. વ. ૩૬.
હાં હાં એહી તુમારો હે ધર્મ, વ. હમારે પૂછવા તણો એહી મર્મ વ. ૩૭.
ભાઈ આવ્યા હવેલી માંહાં, વ. ગોકુલભાઈજી તેડાવ્યા ત્યાંહાં. વ. ૩૮.
કરી વિનતિ જોડી બેઉ હાથ, વ. પાસે બેસાડીને પૂછી વાત. વ. ૩૯.
તમે આગરા થકી આગળ આવ્યા, વ. માહા ઉત્સવનો સાજ સહુ લાવ્યા. વ. ૪૦.
ત્યારે બોલ્યા તે ગોકુલભાઈ, વ. સરવે વઈસ્નવના સુખદાઈ. વ. ૪૧.
જે જે ઉત્સવ કેરો સાજ, વ. સરવે આણીને રાખ્યો છે રાજ. વ. ૪૨.
હાટકનાં સોનાં તે જેહ, વ. મૂલ ખરચી મંગાવ્યાં છે તેહ. વ. ૪૩.
જાંબુનદનાં તે સોનાં મંગાવ્યાં, વ. જે જે શ્રીજીના મનમાં ભાવ્યાં. વ. ૪૪.
સોનાનાં કડાં હીરે જડયાં, વ. લાવી શ્રીજીની આગળ ધર્યાં. વ. ૪૫.
તેનો જોવા મંગાવ્યો છે ઘાટ, વ. તે તો રાખ્યો પોતાની પાસ. વ. ૪૬
ઉતરી સાંકળી ને દુલરી જેહ, વ. હીરાકાંઠી મોતીની માળા તેહ. વ. ૪૭
રત્ન ચોકી ને પોહોંચી જડાવ, વ. કાને ચોકડાં ઝલકે રસાલ. વ. ૪૮
ત્રણશરૂ સોનાની જનોઈ, વ. જે નિરખે તેનું મન રહ્યું મોહી. વ. ૪૯
પવિત્રુ સોનાનું સારૂં, વ. રસભાવી ભકતાનું ન્યારૂં; વ. ૫૦.

પોહોંચી સાંકળાં ને મુદ્રિકા જેહ, વ. ભારે નંગ જડયાં છે બહુ તેહ. વ. ૫૧.
બાજુબંધ ધર્યો તે વચે દોરો, વ. ફરકે ફુંદડું જડાવનું બોર. વ. ૫૨.
હવે વસ્ત્રની કહું છું જાત, વ. ઘણું શોભે છે અભિનવી ભાંત. વ. ૫૩.
હૈદરાબાદથી ચીરકોલ આણ્યા, વ. સફેદ સાળુ મંગાવ્યાં છે ત્યાંહાં. વ. ૫૪.
આણી મછલીપટમની છીંટ, વ. મૂલ ભારે તે નવીનવી ભાંત્ય. વ. ૫૫.
આણ્યો પરકાલાનો સાજ, વ. તે તો આવ્યા ઉત્સવને કાજ. વ. ૫૬.
જરકેસી જરદોજીના થાન, વ. તે તો મોકલ્યાં છે મહાભાગ્યવાન. વ. ૫૭.
જસકેસી જરદોજી સાડી વ. વહુજીને આવી છે અતિ ભારી. વ. ૫૮.
કાશી કેરાં પીતાંબર જેહ, વ. ગેડ કરીને રાખ્યાં છે તેહ. વ. ૫૯.
ભારે મૂલના દુશાલા આવ્યા, વ. ઘણું શ્રીજીના મનમાં ભાવ્યા. વ. ૬૦.
સેલા પાઘડીઓ મંગાવી, વ. તે તે ઉજ્જેન ઈન્દોરથી આવી. વ. ૬૧.
ખંભાત કેરાં પટોળાં જેહ, વ. ભારે મૂલના આવ્યાં છે તેહ. વ. ૬૨.
ધોતી કેશરી રંગની જેહ, વ. બહુ સોંઘો લપેટી ધરી તેહ. વ. ૬૩.
સૂરત શહેરનાં મંગાવ્યાં તે આવ્યાં, વ. ઘણાં શ્રીજીના મનમા ભાવ્યાં. વ. ૬૪.
એ વસ્ત્રના ગાંઠા ભરાવ્યા, વ. લઈ ત્રીજે માળે ધરાવ્યા. વ. ૬૫.
આવી પંચમી કેરી રાત, વ. ભાઈએ તેડાવ્યા સુજાતિ સાથ. વ. ૬૬.
વાજિંત્ર વાજે છે અતિ ભાંત, વ. પૂર્યા ચોક સાથિયા ખાંત. વ. ૬૭.
તરિયા તોરણ દ્વારે લટકે, વ. બહુ મૂલે ચંદરવા ચળકે. વ. ૬૮.
દ્વારે રોપ્યા છે કદળીસ્મભ, વ. ભાંતભાંતના ભર્યા તે રંગ વ. ૬૯.
મંડપની શોભા તે શી કહીએ, વ. તેનો કહેતાં પાર ન લહિએ વ. ૭૦.
એના ઘરનાં વહુબેટી જેહ, વ. ઓઢી પહેરીને ઉભાં છે તેહ. વ. ૭૧.
ભાઈ વિનતિ કરવાને આવ્યા, વ. સાથે વૈષ્ણવ સર્વને લાવ્યા. વ. ૭૨.
આવી બેઠકમાં દંડવત કરી વ. હાથ જોડીને વિનતિ કીધી. વ. ૭૩.
તે તે શ્રીજીએ માની લીધી, વ. રાજ કેશરે ન્હાવા પધારો વ. ૭૪.
મારા મનોરથને સધારો, વ. મારૂ સર્વસ્વ ધન છો રાજ. વ. ૭૫.
મારી દોરી તમારે હાથ, વ. રાજ અમનો કૃતાર્થ કરો. વ. ૭૬.
મહારી વિનતિ ચિત્તમાં ધરો, વ. દીન જાણી દયા કાંઈ કરો. વ. ૭૭.
હું કેસરે ન્હાવા પધારૂં, વ. તમારો મનોરથ હું સુધારૂં. વ. ૭૮.
મારે તુમ સમાન નહિ કોઈ, વ. એવી સત્ય પ્રતિજ્ઞા હોઈ. વ. ૭૯.
જે જે ઉત્સવ કેરો સાજ, વ. સરવે આણીને રાખ્યો છે રાજ. વ. ૮૦.

ભાઈ હવેલી માંહા આવ્યા, વ. સાથે નાથાભાઈને તેડી લાવ્યા, વ. ૮૧.
આભૂષણના તે બંટા ભરાવ્યા, વ. વસ્ત્રના તે ગંઠા આવ્યા. વ. ૮૨.
આવ્યા બેઠકમાં આનંદમઈ, વ. વસ્ત્રના તે ગંઠા લઈ, વ. ૮૩.
લઈ મંદિર માંહાં ધરાવ્યા, વ. કેશર ઘોળ્યાં છે ઝાઝે કટોરે. વ. ૮૪.
રૂપા કુંડીયો ભરી મૂકી જોડે, વ. સાંધો સ્નેહનો ધર્યો જોડે. વ. ૮૫.
તાતા જળના તે ગગરા મંગાવ્યા, વ. લઈ કઠેડામાં તે ધરાવ્યા. વ. ૮૬.
જમુનાં જળનાં તે ગગરા જેહ, વ. બેઠકમાં ધરાવ્યાં તેહ. વ. ૮૭.
સોનાની ચોકી હીરે જડી, વ. તે તો લઈ બેઠકમાં ધરી. વ. ૮૮.
ચારે પાસે જડાવની કોર, વ. આગળ પાછળ સોનાના મોર. વ. ૮૯.
ચોકીના તે સંચા જોઈ, વ. શ્રીજીનું તે મન રહ્યું મોહી. વ. ૯૦.
એ ચોકી તે ક્યાંથી મંગાવી ? વ મેરી નજરે કબહુ ન પાઈ. વ. ૯૧.
ત્યારે બોલ્યા તે શ્રીભાગ્યરાશ, વ. રાજ વિલાયતથી મંગાઈ. વ. ૯૨.
રાજ વિલાયતથી આવી આજ, વ. એ ચોકીનો કરો સંજોગ. વ. ૯૩.
આવે રાજશ્રીને ઉપયોગ, વ. ગાદી મુખમલ કેરી મંગાવી. વ. ૯૪.
તે તો શ્રીજીના મનમાં ભાવી, વ. ગાદી તણું અમુલખ જોગ. વ. ૯૫.
ત્યારે બોલ્યા તે ગોકુલભાઈ, વ. સરવે વઈસ્નવના સુખદાઈ. વ. ૯૬.
રાજ દોહરો મંગાવ્યો છે સાજ, વ. ન્યારો શ્રીનાથજી કેરે કાજ. વ. ૯૭.
શ્રીજી ઘણું થયા છે પ્રસન્ન, વ. ધન્ય ધન્ય ભાગ્ય તેરો મોહન. વ. ૯૮.
તેરી સેવાકી મેં કહા કહું, વ. નિત્ય ઋણી તેરો મેં રહું. વ.૯૯.
એવાં શ્રીમુખનાં વાક્ય સાંભળી, વ. ભાઈ રહ્યા તે હાથ બેઉ જોડી. વ. ૧૦૦.
મનમાં ઘણું અકળાય, વ. સનમુખ શ્રીજીને ઉત્તર ન થાય. વ. ૧૦૧.
એવા સુંદર સ્વરૂપ તે જોઈ, વ. ભાઈજીનું તે મન રહ્યું મોહી. વ. ૧૦૨.
રાજ કેશરે ન્હાવા પધાર્યા, વ. સહુ પ્રાણ સહિત ઓવાર્યા. વ. ૧૦૩.
આવી કઠેડા મધ્યે ઉભા, વ. સહુ નિરખે છે વરજીની શોભા. વ. ૧૦૪.
ફુલેલના તે કટોરા ભર્યા, વ. લઈ શ્રીજીની આગલ ધર્યા. વ. ૧૦૫.
ભાઈજી તે અંગે લગાવે, વ. ઘણું શ્રીજીના મનમાં ભાવે. વ. ૧૦૬.
કેશર શ્રીહસ્તે મુસ્તક ઢોળે, વ. ભાઈજી તે સરવે અંગે ચોળે. વ. ૧૦૭.
સહુ ઘરના વહુબેટી જેહ, વ. ઓઢીપહેરીને ઉભા છે તેહ. વ. ૧૦૮.
આભૂષણ ભેટ અતિશય લાવ્યાં, વ. શ્રીજી એહુના મનને હરે. વ. ૧૦૯.
નાનામોટા ને છોટા જેહ, વ. ભાઈજીએ સમર્પ્યા તેહ. વ.૧૧૦.

તે તો ત્યાં નિવેદન કરે, વ. શ્રીજી તે અંગીકાર કરે. વ. ૧૧૧.
શ્રીજી બોલ્યા તે મધુરી વાણી, વ. તેડયા નાથભાઈને કારણ જાણી. વ. ૧૧૨.
પાસે બેસાડીને પૂછી વાત, વ. તેડયો સાતે તે ઘરનો સમાજ. વ. ૧૧૩.
ત્યારે નાથાભાઈ એમ બોલ્યા, વ. અવશ્ય કરી એને ચિત્તમાં ધરીએ. વ. ૧૧૪.
સાતે ઘરનાં વહુબેટી આવ્યાં વ. ખેંચી ચાંદની તે પેંડો પાવે. વ. ૧૧૫.
તેને લેઈ ભીતર પધરાવે, વ. માંહોમાંહે તે કરે વિચાર. વ. ૧૧૬.
દરશન કરવું તે નિરધાર, વ. ત્યારે શ્રીલક્ષ્મી વહુજી તે એમ બોલ્યાં વ. ૧૧૭.
જાણીએ રસનાં દ્વાર તે ખોલ્યાં, વ. આપણા ઘરની તે નથી યહાં રીત. વ. ૧૧૮.
ભાઈજી તે કરે છે એહુની પ્રીત, વ. શ્રીગુસાંઈજીના ઘરની તે રીત. વ. ૧૧૯.
સપ્તમીએ તે કરીશું ઘણી પ્રીતે; વ. ઉભા જાળી અટારીયે ઝાંખે. વ. ૧૨૦.
બોલ્યું કોઈનું તે નવ ઝાંખે, વ. ત્યાંતો ભીડ તણો નહીં પાર. વ. ૧૨૧.
સહુ બોલે તે જયજયકાર, વ. ચરણામૃતનો સમય જ્યારે થયો. વ. ૧૨૨.
ભાઈજીએ તે મનમાં લહ્યો, વ. નારી તે વસ્ત્ર અંગે કીધું. વ. ૧૨૩.
ભાઈજીને તે મહાદાન દીધું, વ. શ્રીજી સર્વેને ચરણામૃત આપે. વ. ૧૨૪.
ચરણામૃત આપી હૃદયમાં સ્થાપે, વ. ખાસા ધોતી ઉપરણા જેહ. વ. ૧૨૫.
ભાઈજીએ સમર્પ્યાં તેહ, વ. ભેટ કીધી મોહર સોળ હજાર વ. ૧૨૬.
ગુપ્ત ભેટ તણો નહિ પાર. વ. ભાઈજીના મનોરથ થયા વ. ૧૨૭.
લઈ શ્રીજીની આગળ ધર્યાં, વ. શ્રીજી ઘણું થયા તે પ્રસન્ન વ. ૧૨૮.
એહુના કૃત્ય તણું શું કહીએ, વ. તે તો કહેતાં પાર ન લહીએ વ. ૧૨૯.
ધોતી ઉપરણો સોંધાનો ભર્યો, વ. તે તો પહેરી વલ્લભવર બન્યા. વ. ૧૩૦.
ધોતી ઉપરણાની છબી, વ. તે તો શોભા સહિત રહી બની. વ. ૧૩૧.
ભક્ત તે કઠેડામાં ઉભા, વ. સહુ નિરખે છે વરજીની શોભા. વ. ૧૩૨.
ભાઈજીએ પહેરામણી કીધી, વ. જે જે શ્રીમુખે આજ્ઞા દીધી. વ. ૧૩૩.
શ્રીજી માહા મંદિરમાં ગયા, વ. ભાઈજીના મનોરથ થયા. વ. ૧૩૪.
તે સમે ફૂલ્યા ભાગ્યરાશ, વ. ગોકુલભાઈ ફૂલ્યા રસરંગે. વ. ૧૩૫.
ઉત્સવ કર્યો છે અતિ ઉમંગે, વ. મનોરથ ભરિયાં આનંદ અંગે. વ. ૧૩૬.
એ સુખ જોતાં કેમ અઘાય, વ તેનો કહેતાં પાર ન આવે. વ. ૧૩૭.
ભક્ત સહુકોની પૂરી વહાલે આશ, વ. હરખી નિરખી નમાવે માથ. ૧૩૮.
હરિદાસ સેવા સુખકારી, વ. જોઈ જાયે તન મન બલિહારી. વલ્લભલાલરંગરંગ હે. ૧૩૯.

જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજનો રે

જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજનો રે,
પ્રગટયા શ્રીગોકુલનાથ, ઉત્સવ ઘેર આપણે રે. (૧)
જીરે ધન્ય ધન્ય માતા શ્રીરુક્મિણી રે, ધન્ય ધન્ય શ્રીવિઠ્ઠલ તાત, ઉત્સવ. (૨)
જીરે ઘડી એક છપ્પન પલો રે, પ્રકટયા પ્રાણઆધાર. ઉ. (૩)
જીરે માગસર માસ સોહામણો રે, તેમાં સુદ સાતમ શુભ વાર. ઉ. (૪)
જીરે આવો મળો સાહેલડી રે, મળીમળીય ને મંગલ ગાઓ. ઉ. (૫)
જીરે કેશર ચંદન છાંટણાં રે, જીરે મોતીના ચોક પુરાવો. ઉ. (૬)
જીરે કદળીના સ્થંભ ઉભા કર્યા રે, તોરણ બાંધ્યાં છે દ્વાર ઉ. (૭)
જીરે મંડપ છાયો રે મોદ શું રે, જીરે અગર કાંઈ અપાર. ઉ. (૮)
જીરે લખો વૈષ્ણવને કંકોતરી રે, તેડાવો સુજાતિનો સાથ. ઉ. (૯)
જીરે પહેરામણી કરો મન ભાવશું રે, લેવરાવો મહાપ્રસાદ. ઉ. (૧૦)
જીરે ગવરાવો ગુણ મહાપ્રભુતણા રે, કરી કરી બહુય સન્માન. ઉ. (૧૧)
જીરે ભેટ કરો મનભાવતી રે, આપો વિપ્રને બહુ દાન. ઉ. (૧૨)
જીરે કળિયુગમાં કરુણા કરી રે, પ્રભુ પધાર્યા પ્રાણેશ ઉ. (૧૩)
જીરે વલ્લભદાસ વિનતિ કરે રે, કહે જય જય શ્રીગોકુલેશ. ઉત્સવ ઘેર આપણે રે. (૧૪)

તારી વરણાગી વેરાશે

તારી વરણાગી વેરાશે, વલ્લભનામ નવ જાણ્યું, તારા દુઃખમાં દિવસ કેમ જાશે. વ. ૧
તારી અક્કલ હૈયાની ફૂટી, વલ્લભ. તારા લટકામાં વાટ ઊઠી. વલ્લભ. ૨
તું તો સગામાં સઘળે ગાજયો, વલ્લભ. શ્રીગોકુલેશ નામ લેતાં લાજ્યો. વલ્લભ. ૩
સગાવહાલાં નહીં આવે કોઈ સાથે, વલ્લભ. તું તો વિમુખ થયો છું તારે હાથે. વલ્લભ. ૪
છજાં મહેલ મેડીને ટાંકાં, વલ્લભ. તે તો પ્રાણી તારા મન કેરાં ફાંફાં. વલ્લભ. ૫
તારાં ફૂલ ફૂલ્યાં કરમાશે, વલ્લભ. આવો અવસર ફરી નહીં મલશે. વલ્લભ. ૬
જેને હશે ગુરુની કૃપા, વલ્લભ નામ તેણે જાણ્યું તેને લીલાનું સુખ સદા. વલ્લભ. ૭
કહે દાસનો દાસ કર જોડી, વલ્લભ. કરો સત્સંગ આળસ છોડી. વલ્લભ. ૮

તમો ફૂલ બાગમાં ડેરા તણો મારા રાજ

તમો ફૂલ બાગમાં ડેરા તણો મારા રાજ, મોગરાની કળીઓ મોંઘી છે
મોંઘી છે પણ સોંઘી મારા રાજ-મોગરાની. ૧
મોટી મોટી કળીઓ વીણીને રાખશું, પાંચ સાત કળીઓ છોટી મારા રાજ-મોગરાની. ૨
ચંપા ચંબેલીની કળીઓ બહુ દીઠી, લાગે સુગંધ એની મીઠી મારા રાજ-મોગરાની. ૩
કંકણહાર બાજુબંધ ફૂલના, ગજરા ગુલાબી ફૂલવેણી મારા રાજ-મોગરાની. ૪
ફૂલની ગાદી ને ફૂલના તકિયા, ફૂલનાં બિછાનાં બિછાવું મારા રાજ-મોગરાની. ૫
ફૂલની જાળી ને ફૂલની છે બારી, છજા મેડીને અટારી મારા રાજ-મોગરાની. ૬
ફૂલની વાડીને ફૂલના પંખા, ફૂલની સેજ મેં સંવારી મારા રાજ-મોગરાની. ૭
અત્તર સુગંધીને પાનનાં બીડાં, હાથે કરીને સંવારી મારા રાજ-મોગરાની. ૮
શ્રીગોકુલેશજીને નજરે નિહાળું, સદા બિરાજો ફૂલવાડી મારા રાજ-મોગરાની. ૯
જીરે લખી લખી કિંકરી વારણે જાય છે, સદા રાખો ચરણની પાસ મારા રાજ-મોગરાની. ૧૦

ધન્ય રે વેળા ધન્ય એ ઘડી

ધન્ય રે વેળા ધન્ય એ ઘડી, ધન્ય તે દિવસ ને રાતજી;
જ્યારે શ્રીવલ્લભરાય પ્રગટિયા, સઘળે જણાવી છે વાતજી. (૧)
ઘેર ઘેર હોયે વધામણી, ઉલટ અંગ ન માયજી;
જુવતીના જૂથ ટોળે મળી, સહુ તે વધાવાને જાયજી. (૨)
અમૃત પીધું રાણી રુક્મિણી, જ્યાં પ્રગટયો વ્રજનો ભૂપજી;
રત્ન અમોલિક એહ છે, એહ અલૌકિક રૂપજી. (૩)
ઉદ્યોતકાર સઘળે હવો, કીધો છે તિમિરનો નાશજી;
જેજેકાર વરતી રહ્યો ચોખંડે હવો તે પ્રકાશજી. (૪)
પરમ ઉદાર ઉદે હવા, એ કારણ વલી એહજી;
ભક્ત ઉપર કરુણા કરી, ભૂતલ ધરિયો છે દેહજી. (૫)
દરશન દીજે દયા કરી, અબળા કરી, અબળા તણો રે આધારજી;
રૂપાંબાઈ જાયે વારણે, વિલંબ ન કીજે તે લગારજી. (૬)

પિયુજી મુજને વ્રજ જોવાના કોડ કે

પિયુજી મુજને વ્રજ જોવાના કોડ કે, વેગે આણાં મોકલોરે;
આવ્યો આવ્યો સાસરિયાનો સાથ કે, તેણે મુજને એમ કહ્યુંરે. (૧)
આજ પિયુજી છે રે સોહાગ તો, છત્ર ચમર ઢળે રે;
આજ વ્રજમાં છે રે આનંદ તો, રાયરાણા આડંગ કરેરે. (૨)
સુખિયો છે સઘલેડો સાથ તો, વાર ભલી એઉ તણીરે;
જઈ જુઓ શ્રીમંદિર માંહ્ય તો, શ્રીનાથજીની સેવા કરે રે. (૩)
જઈ જુઓ શ્રીબેઠક માંહ્ય તો, શ્રીગાદી મૂંઢે શોભતા રે;
જઈ જુઓ રાજદરબાર તો, સુખડેથી સાગર ઉલટયો રે. (૪)
જઈ જુઓ શ્રીયમુનાજીના તીર તો, વીરો શોભાજી તણો રે;
ઘેરી રાજને કરૂં પ્રણામ તો, દેખી મારૂં મન ઠરે રે. (૫)
એરે લીલા છેરે અગાધ તો, મુખડેથી મારે શું કહું રે;
વળી માગે માધવદાસ તો, ચરણની સેવા દીજીએ રે. (૬)

પ્રીતમ પરમ સુજાણ, રસ અનુભવી પીએ

પ્રીતમ પરમ સુજાણ, રસ અનુભવી પીએ; તમે દીધું અલૌકિક દાન. રસ. ૧.
રસ રસિકનો મહારસ રાસ, રસ. તેહનો પાવે નહીં કોઈ થાહ. રસ. ૨.
અંગઅંગ રસભરિયા, રસ. તે અનુભવી અનુભવે સરિયા રસ. ૩.
એ સ્વરૂપ મહારસરૂપ, રસ. અંગઅંગ પરમ અનુપ. રસ. ૪.
એહનું વર્ણન કહ્યું નવ જાય, રસ. સહેજે સહુ સૂચન થાય. રસ. ૫.
અનુભવીએ અનુભવ કીધો જેહ, રસ. કાંઈ એક સૂચન કરૂં તેહ. રહ. ૬.
કેશ સુદેશ સચીકણ શ્યામ, રસ. છૂટા છાજે પૂરણકામ, રસ. ૭.
અતિશય કોમળ સરલા સોહે, રસ. મહા મનોહર મનડાં મોહે રસ. ૮.
અંબોડો વાળ્યો અતિ ઝળકે, રસ. મહા સુભગ પીઠ પર ચળકે. રસ. ૯.
છોટા છોટા રહ્યા જે ફરકી, રસ. આવે છબી સોં ચલકી સરકી. રસ. ૧૦.
ભાલ વિશાળ તણી મહા જ્યોતિ, રસ. રેખા તિલક સોહાગ ઉદ્યોત. રસ. ૧૧.
ભ્રોંહ રસીલી બંક વિરાજે, રસ. અતિ શોભા ભર અહીં એ ભ્રાજે. રસ. ૧૨.
ચંચલ ચપલ નેન અણિયાળા, રસ. રસ શું ભરિયાં રસિક રસાલા. રસ. ૧૩.
ચિતવનીએ મહારસ પોષે, રસ. રસ આતુરનો એ સંતોષે. રસ. ૧૪.
નાસિકાતણી અનુપમ ભાંત, રસ. ફરી ફરી જોયે કરી કરી ખાંત રસ. ૧૫.

કરણાતણી ગતિ કહી ન જાય, રસ. ભક્તને ભાવે રહે ભરાય. રસ. ૧૬.
ગંડસ્થલની શોભા ભારી, રસ. રસ શું ભરિયાં રસિક રસાળી. રસ. ૧૭.
મુખ વિલસત પ્રગટ જે થાયે, રસ. તે શોભા તે કહી ન જાયે રસ. ૧૮.
હાસ્ય જે મંદ પરમ સુખકારી, રસ. જ્યોત તે દંતપાંતની ભારી રસ. ૧૯.
રસના રસિકનું સુખનું ધામ, રસ. રસ પૂરણ એ પૂરણકામ. રસ. ૨૦.
અધર સહેજ અરુણ રસ-ભરિયા, રસ. મધ્ય મધ્ય રેખા મહા રસ ઢળિયા. રસ. ૨૧.
નમી રહ્યો છે રસભર ભાર, રસ. રસ રેડે છે એ રસધાર, રસ. ૨૨.
દાતા લોભી મહારસભોગી, રસ. રસપાન કરે પોષે સંજોગી. રસ. ૨૩.
દીઠડે અતિ અભિલાષા વાધે, રસ. પાન કરે રસ પાર ન લાધે. રસ. ૨૪.
ઠોડી રસભર્યો રસનારે સ્થલ, રસ. રસ વિવસ કરી કરે એ પ્રબલ. રસ. ૨૫.
શ્રીમુખની શોભા સ્વરૂપ, રસ. પ્રતિક્ષણ અનુપ અનુપ. રસ. ૨૬.
ગ્રીવા ગુણ ભર મહારસ ગેહેરી, રસ. તુલસી માલા પ્રિયે ત્યાં પહેરી. રસ. ૨૭.
એ સંગે ગુંજામુક્ત, રાજે પહેરી પ્રેમસંજુક્ત. રસ. ૨૮.
ઉર ઉરોજની શોભા જેહ, રસ. લહે સ્થળના અનુભવી તેહ. રસ. ૨૯.
ઉદર નાભિ મહા રસરાસ, રસ. રાજે રોમાવલી રહી પાસ. રસ. ૩૦.
બાંહે વિશાલ કરઅંબુજ કરતલ, રસ, જ્યોતિ નખમણિ અતિ નિર્મલ. રસ. ૩૧.
મુદ્રિકા અંગુલિ દળમાં જેહ, રસ. શોભા શોભે અતિશય તેહ. રસ. ૩૨.
પીઠ રસિકવરની રસધાર, રસ. કટિ પૂરન એ મહા ઉધાર. રસ. ૩૩.
પહેરી સુંદર ઉજ્જવલ ધોતી, રસ. ઉપરણા સંગ અંગે સોતી. રસ. ૩૪.
મધ્ય રસઅંગ અનુપમ ઝળકે, રસ. જોતાં અનુભવીનાં મન લળકે. રસ. ૩૫.
જંઘા જાનુ મહા બળવંત, રસ. રસ શું ભરી એ રસમયમંત રસ. ૩૬.
ચરણકમળ રસમાંહાં મન પાગ, રસ. રસ માંહે રહ્યું અનુરાગ રસ. ૩૭.
એહ સ્વરૂપના અનુભવી જેહ, રસ. જાચે કરુણાનું બળ તેહ. રસ. ૩૮.
અંગઅંગ રસિક ઉર ધરિયાં, રસ. અનુભવીએ અનુભવ કરીઆ. રસ. ૩૯.
કીધું વર્ણન છાયામાત્ર, રસ. પૂરણ લહે એ અનુભવી પાત્ર. રસ. ૪૦.
કીજે પૂરણ મનની આશ, રસ. એહ જ પ્રાર્થના નિજ દાસ. રસ. ૪૧.

બેની આજ મારે આંગણિયે

બેની આજ મારે આંગણિયે, કાંઈ આ શું રૂડુ દીસેરે; કાંઈ જોતાં હૈયલડુ હીસેરે બેની. ૧
જીરે રસમસતા શ્રીવલ્લભજી આવ્યા, કાંઈ સુંદિર ડગલાં ભરતા રે. બેની. ૨
જીરે કેસર ભીના વલ્લભજી, કાંઈ કેસર ભીની પાઘ રે. બેની. ૩
જીરે કંકુના છડા દેવરાવિયા, હાંરે કાંઈ મોતીના ચોક પુરાય રે. બેની. ૪
જીરે મંડપ છાયો મોગરે, કાંઈ ફૂલડે છાઈ છેવાટ રે. બેની. ૫
જીરે કદલીના સ્તાંભ રોપાવિયા, કાંઈ તરિયા તોરણ દ્વાર રે. બેની. ૬
જીરે કંકુના હાથા દેવરાવિયા, જીરે મંગલ કલશ ભરાય રે. બેની. ૭
જીરે ચીરના ચંદરવા બંધાવિયા, કાંઈ મખમલ કેરી વાટ રે. બેની. ૮
જીરે સિંઘાસન હીરે જડયાં, કાંઈ ગાદી તકિયા સાજ રે. બેની. ૯
શ્રીવલ્લભજીને પાટે બેસાડિયા, કાંઈ માનુની મંગલ ગાય રે. બેની. ૧૦
જીરે આવો મલોને સોહાસણી, કાંઈ મલીયને મંગલ દીજે રે. બેની. ૧૧
શ્રીવિઠ્ઠલજીનો કુંવર કોડામણો, કાંઈ ભામણડાં તેહનાં લીજે રે. બેની. ૧૨
જીરે વીરા રે વધામણી, કાંઈ આપણે ઘેર છાજે રે. બેની. ૧૩
જીરે કોડે તે ઓચ્છવ આવીયો, કાંઈ માંડવડે નગારાં વાજે રે. બેની. ૧૪
જીરે ધન્ય ધન્ય દહાડો આજુનો, કાંઈ ઘેર વલ્લભજી પોધાર્યા રે. બેની. ૧૫
જીરે મોતીની થાલ પૂરી કરી, કાંઈ સુંદર કરમાં લાવ્યા રે. બેની. ૧૬
જીરે તિલક કરી કુમકુમ તણું કાંઈ ફૂલ ફૂલમાલા ધરાવો રે. બેની. ૧૭
જીરે ઈંડીપીંડી તે કરીયને, શ્રીકરમાં બીડાં સોહાવ્યાં રે. બેની. ૧૮
જીરે આરતી વારી ઓવારણે, કાંઈ સોનારૂપાફૂલડે વધાવ્યા રે. બેની. ૧૯
શ્રીચરણે શીશ નમાવીને સહુ દુ:ખ સર્વ સંસારનારે, શ્રીવલ્લભજી પામીને વામ્યાં રે. બેની. ૨૦
જીરે ધન્ય ધન્ય ભાગ્ય ભાગ્યરાસનાં, શ્રીવલ્લભજી વર પામ્યાં રે. બેની. ૨૧.

ભલે જન્મ્યા શ્રીગોકુલનાથ જીરે

ભલે જનમ્યાજી શ્રીગોકુલનાથ જીરે
જોવા આવ્યો આવ્યો વ્રજવાસીનો સાથ જીરે
સેવક જન સર્વે ઉભા છે દ્વાર જીરે
દર્શન દીજે હમારા આધાર જીરે
મલી માનુની મંગલ ગાયે જીરે

ત્યાં તો ઘેર ઘેર ઉત્સવ થાય જીરે
વાજિંત્ર તે બહુ વિધના વાજે જીરે
શ્રીય ગોકુલ સઘલેડું ગાજે જીરે
એહવું શ્રીવિઠ્ઠલજીયને દ્વારે છાજે જીરે
પ્રગટયા સેવકજનને કાજ જીરે
મલી માગધ માંગણ આવે જીરે
અતિ આનંદે વ્રજજનને પહેરાવે જીરે
દે આશિષ દ્વિજકુલમાં પ્રગટયો દીવો જીરે
સદા શ્રી વિઠ્ઠલજીયનો કુંવર ચિરંજીવો જીરે
વાહાલે મ્હારે શ્રીગોકુલમાં કીધો છે વાસ જીરે
જનમ્યા સુદી સાતમ માગસીર માસ જીરે
સેવક જનની પોહોંચાડી વાહાલે મારે આશ જીરે
બલિહારી જાયે માધવદાસ જીરે

ભલે આવીજી માજમ રાત

ભલે આવીજી માજમ રાત, માગશર સુદ સાતમ ભલીજી રે;
પૂછ્યાં તૈલંગ દ્વાર, શ્રીવિઠ્ઠલગ્રહે પધારિયાજી રે. (૧)
જીવનો ભાગ્યો ભ્રમ, પુરૂષોત્તમ પ્રગટ હવાજી રે;
જીરે થઈ પુષ્ટિનું શું પ્રીત મર્યાદા મુકી મળ્યાજી રે. (૨)
જીરે સાધન સર્વે એ રીત, ભાવ તેહના ભગવદીજી રે;
જીરે શ્રીવિઠ્ઠલનંદન સોહે, મારૂં માગ્યું મને આપીએજી રે. (૩)
જીરે પ્રથમ પુરુષોત્તમ એ, અવર ભાવ આવે નહિજી રે;
જીરે બલિહારી માધવદાસ, પાસ પોતાની રાખીએજી ર. (૪)

ભલે જન્મ્યા શ્રીગોફુલનાથ ભક્તિ

ભલે જન્મ્યા શ્રી ગોકુલનાથ ભક્તિ મારગ સ્થિર સ્થાપવાજી;
જીરે રાખવા વેદ મરજાદ નિજ્જનને સુખ આપવાજી. (૧)
જીરે વરત્યો છે જેજેકાર, બંદીજન, બહુ જસ ભણેજી;
જીરે વાજિંત્ર વિવિધ પ્રકાર, શ્રીય વિઠ્ઠલજીને બારણેજી. (૨)

જીરે રંગ મચ્યો સિંઘદ્વાર, જુવતિના જૂથ જે મોહી રહ્યાંજી;
જીરે એ સુખ કહ્યાં નવ જાય, મોહનલાલને જોઈ રહ્યાંજી. (૩)
જીરે આવે સકલ વ્રજનાર, વદન નિહાલે વલી વલીજી;
જીરે ઉંપન્યો છે અતિ ઘણો મોદ, મંગલ ગાયે મલી મલીજી. (૪)
જીરે નખ શિખ રૂપ અનુપ, અંગઅંગની છબીશું કહુંજી;
જીરે ત્રિભુવન મોહનરૂપ, શોભાનો પાર તે નવ લહુંજી. (૫)
જીરે જે જે શ્રી ગોકુલનાથ, કલિયુગમાં કરૂણા કરીજી;
જીરે દ્વિજરૂપે અવતાર, ભક્તની આરત મન ધરજી. (૬)
જીરે આપણે સહિયર સાથ, સંસાર સઘલો વામિયાજી;
જીરે શ્રી વિઠ્ઠલજીનો લાલ, પૂરણ પ્રીતે પામિયાંજી. (૭)
જીરે આ છબી ઉપર આજ, તનમનધન કરૂં વારણેજી;
જીરે નીરખી મનોહર રૂપ, રૂપાંબાઈ જાયે વારણેજી. (૮)

માગસીર માસ અતિ અનુપરે આજે સોહેલો

માગસીર માસ અતિ અનુપરે આજે સોહેલો
    કે તેહનું અભિનવું રૂપ રે આજે સોહેલો (૧)
કે તેમાં જનમ્યા શ્રી ગોકુલભૂપ રે આજે સોહેલો
    કે તેહનું વચન ન આવે રૂપ રે આજે સોહેલો (૨)
કે ધન્ય ધન્ય સપ્તમી શુભ સાર રે આજે સોહેલો
    કે પ્રગટયો ભકતનો આધાર રે આજે સોહેલો (૩)
કે તે ધન્ય કૃષ્ણદાસી ભકત રે આજે સોહેલો
    કે જે છે વાહાલાસું અનુરકત રે આજે સોહેલો (૪)
કે ઉદર પર ફેર્યા હાથ રે આજે સોહેલો
    કે આયો મેરો શ્રી ગોકુલનાથ રે આજે સોહેલો (૫)
કે ત્યારે રૂક્ષ્મણીજી એમ બોલ્યાં રે આજે સોહેલો
    કે ગુંજ અંતરપટ ખોલ્યાં રે આજે સોહેલો (૬)
કે તેં ભલે ગોકુલનાથ પાયો રે આજે સોહેલો
    કે મેરે જીયામેં જીય આયો રે આજે સોહેલો (૭)
કે પ્રગટયો આનંદનો ઉદ્યોતરે આજે સોહેલો
    કે તેની અભિનવી જ્યોત રે આજે સોહેલો (૮)

કે શોભાજીએ આરતી કીધી રે આજે સોહેલો
કે અચલ સોહાસણી આશિષ દીધી રે આજે સોહેલો (૯)
કે ગાન નૃત્ય બહુ પેર રે આજે સોહેલો
કે હોયે શ્રી વિઠ્ઠલજીને ઘેર રે આજે સોહેલો (૧૦)
કે વાજિંત્ર વાજે અભિનવી ભાંત્ય રે આજે સોહેલો
કે પૂર્યા ચોક સાથીઆ ખાંત્ય રે આજે સોહેલો (૧૧)
કે ધન્ય ધન્ય સપ્તમી મહા બડભાગી રે આજે સોહેલો
કે પ્રગટયો ભક્તનો સોહાગી રે આજે સોહેલો (૧૨)
કે ધન્ય ધન્ય શ્રી રૂક્ષ્મણીજી માતરે આજે સોહેલો
કે જનમ્યા જગત વિખ્યાત રે આજે સોહેલો (૧૩)
કે પ્રયાગ નગર અતિ રસ ભરીયું રે આજે સોહેલો
કે પ્રાગટય અભિનવું કરીયું રે આજે સોહેલો (૧૪)
કે ભકતના ભાગ્યનું શું કહીયે રે આજે સોહેલો
કે તેહનો કહેતાં પાર ન લહિયે રે આજે સોહેલો (૧૫)

માગસીર સુદી સાતમ દિન ધન્ય પ્રાગટયએ

માગસીર સુદી સાતમ દિન ધન્ય પ્રાગટયએ
ભોમી ભાગ્ય ધન્ય એહ જનમ શ્રી વલ્લભએ. (૧)
પ્રાગ મધ્યે પોધારીઆ પુરૂષોત્તમએ
ભુતલ ધરીઓ દેહ જનમ શ્રી વલ્લભએ. (૨)
શ્રીમુખ વ્રજજન લોચન દુ:ખ મોચનએ
જુવતીનું જીવન એહ જનમ શ્રી વલ્લભએ. (૩)
શ્રીમદ્ વિઠ્ઠલ વલ્લભો જન વલ્લભએ
જુગ વલ્લભ છે એહ જનમ શ્રી વલ્લભએ. (૪)
વરણી ના શકુ એક વાયક સુખદાયક એ
એહવો લાયક નહિ કોઈ તેહ, જનમ શ્રી વલ્લભએ. (૫)
નવલ નાગર રૂપ આગર ગુણ સાગરએ
કારણ કોટિક એહ, જનમ શ્રી વલ્લભએ.(૬)
મધુર વાયક રસદાયક વ્રજનાયકએ
શોભા સિંધુ એહ, જનમ શ્રી વલ્લભએ. (૭)

મોદ ભર્યાં માયે નહિ મેહેલી મર્યાદ એ
જુથ મલ્યાં બહુ તેહ, જનમ શ્રી વલ્લભએ. (૮)
ગગાન ગુલાલો છાઈયું કેસર રંગએ
આનંદ સાગર એહ, જનમ શ્રી વલ્લભએ. (૯)
નૃત્ય કરે વ્રજસુંદરી રસ ભરિયાં રે
સુધ ન સંભારે દેહ, જનમ શ્રી વલ્લભએ. (૧૦)
મોહન મોદ માયે નહિ ગોકુલસુખએ
આભૂષણ અંબર એહ, જનમ શ્રી વલ્લભએ. (૧૧)

મંડપ ગાવા મોહનભાઈ

મંડપ ગાવા મોહનભાઈ, સુજાતી સાથમાં મારે લોલ;
વ્હાલો મારો લટકંતા પાઉં ધારેકે, ચાલ સોહામણી રે લોલ. (૧)
વ્હાલાજીએ ધોતી પહેરી સાર કે, ઉપરણો કેસરી રે લોલ;
વ્હાલાજીએ ટેઢી બાંધી પાઘ, કભાય પહેરી જરકસીરે લોલ. (૨)
વ્હાલાજીને તોરા સોહીયે પાઘ કે, બેઉં બાજુ એ રે લોલ;
વ્હાલાજી તો તિબારીમાં બિરાજે, કે સહુ દરસન કરે રે લોલ. (૩)
એહોના દરસનથી સુખ થાય કે, દુ:ખ સહું દુર ગયા રે લોલ;
વ્હાલાજી તો તાલી લેઈ ગવરાવે, સુજાતી સાથમાં રે લોલ. (૪)
વ્હાલાજી તો લટકંતા રસાલકે, જોઈ મારૂં મન ઠરે રે લોલ;
એહોની શોભા ઝાકઝમાલકે, હું કયા લગી કહું રે લોલ. (૫)
દાસી માંગો વારંવાર, માંગ્યું મુનો દીજીએ રે લોલ;
કૃપા દ્રષ્ટિ કરી કરૂણાળુ, ચરણ સેવા દીજીયે રે લોલ. (૬)

મહારે મંદિરે પધારો શ્રીગોકુલનાથજી

મહારે મંદિરે પધારો શ્રીગોકુલનાથજી : હું તો શેરી વળાવીને સજ કરૂં,
હરખે બંધાવું હીંડોળા ખાટ. મારે. ૧.
હું તો ચોક પુરાવું મોતીતણા, પથરાવું લીલા પીળા પાટ. મારે. ૨.
હું તો તોરણ બંધાવું બહુ શોભિતાં, મંગલ ગવરાવું સારી રાત. મારે. ૩.
અને ઈશ્વર આવો અલબેલાજી, માહાર રસિયાજી રાખોને રંગ. મારે. ૪.
હું તો કેશર ઘોળાવું રે વાટકી, હું તો નવરાવું શ્રીગોકુલનાથ. મારે. ૫.

હું તો સેવ કરાવું સાકર તણી, તમે આરોગોને શ્રીગોકુલનાથ. મારે. ૬.
હું તો થાળ ભરીને મેવા લાવતી, જીવણ જમવા તમારે કાજ. મારે. ૭.
વલ્લભદાસ વિનતિ કરે, રાખો ચરણકમલની પાસ. માહારે. ૮.

મોહન મલપંતા ઘેર આવ્યાજી

મોહન મલપંતા ઘેર આવ્યાજી, મેં તો લઈને મોતીડે વધાવ્યાજી ૧
વાહાલે મારે કરૂણાની દ્રષ્ટિએ જોયું રે, બાઈ મારે એ વર સું મન મોહ્યું રે ૨
પડયું મારે વલ્લભવર સાથે પાનું રે, હવે હું તો કેમ કરી રાખીશ છાનું રે ૩
દુરિજનને કહેવું હોય તે કહેજો રે, વાહાલા મારા રૂદય કમલમાં રહેજો રે ૪
પ્રીતિ મારે વલ્લભવર સાથે સાચી રે, હવે મારે બીજી નથી કાંઈ કાચી રે ૫
ધન્ય ધન્ય શ્રી ગોકુલના વાસી રે, વાહાલાને સંગે રહે વ્રજનારી રે ૬
માનુની હલીમલી મંગલ ગાય રે, બલિહારી જાયે માધવદાસ રે ૭

મંગલરૂપે મહારાજ મારે મન વસિયાજી

મંગલરૂપે મહારાજ મારે મન વસિયાજી, ઘેર આવો છબીલા લાલ હો રંગના રસિયાજી. ૧
બુધે તે શુદ્ધને બુધ સર્વે ભૂલીજી, હું તો જોઈ શ્રીમહાપ્રભુજીનાં રૂપ અંગોઅંગ ફૂલીજી. ૨
બ્રહસ્પતે તો ભ્રમણા મનની ભાંગીજી, શ્રીવલ્લભવરની સાથે લગની લાગીજી. ૩
શુક્રવારનાં સુખ ઘણાં શાં કહીએજી, શ્રીગોકુલનાથજીને ચરણે ચકોર થઈ રહીએજી. ૪
શનિવારે સંતાપ ગયા સૌ નાસીજી, હું તો ભવોભવ વલ્લભલાલ તણી થઈ દાસીજી. ૫
આદિત્યે આનંદ ઉર ન સમાયજી, શ્રીગોકુલનાથજીનાં રૂપ કહ્યાં નવ જાયેજી. ૬
સોમે તો સોળ શણગાર સજ્યા મેં અંગેજી, લાલા લહેરી શ્રીગોકુલેશસંગ રમવા રંગેજી. ૭

મેં'તો તમને જાણીઆ એ

મેં'તો તમને જાણીઆ એ, શ્રીય ગોકુલકેરો રાય
શ્રી ભાગવતમાં સાંભળ્યા એ, શ્રી વ્રજમાંથી અલગા ન થાય. ૧
વૃંદાવનમાં કર્યા રે વિહાર, શ્રી રાધાજી તણો રે આધાર
ગૌચારણમાં વાહાલો હુઆ રે ગોવાલ, શ્રી ગોપી તણાં કર્યા અંગીકાર.
ઈન્દ્રતણું વાહાલે મરડયું રે માન, શ્રી ગોવરધન વ્રજપાલ
ફરી દ્વિજ કુલમાં પધારીઆ એ, શ્રી વિઠ્ઠલગ્રહે અવતાર
વૈષ્ણવ વલ્લભીએ જાણીઆ રે, શ્રી પુરૂષોત્તમ નિર્ધાર. ૩
જીવ વહેતા તમો રાખીઆ એ, અબલા તણા રે આધાર
માધરદાસ સોહાગીઆ એ, અખંડ હેવાતણ નિરધાર. ૪

શ્રીમુખ જોવા રે આતુરી

શ્રીમુખ જોવા રે આતુરી, મન મારૂં આકુલ વ્યાકુલ થાય, શ્રીમુખ જોવા રે આતુરી. ૧
ઘરમાં નથી રે ગોઠતું, પ્રાણ પુરુષોત્તમની પાસ-શ્રીમુખ જોવા રે આતુરી. ૨
શ્રીવિઠ્ઠલનાથજીનોરે લાડીલો, માર્યાં મોહતણાં કાંઈ બાણ-શ્રીમુખ જોવા રે આતુરી. ૩
મનડું માહારૂંરે મોહી રહ્યું, જોવા છબીલાજીની ચાલ-શ્રીમુખ જોવા રે આતુરી. ૪
વલ્લભ મોહનરે બેલડી, વાલો મારો રેડે રસની ધાર-શ્રીમુખ જોવા રે આતુરી. ૫
દાસી થઈનેરે કરગરૂં, રાખો ચરણકમલની પાસ-શ્રીમુખ જોવા રે આતુરી. ૬

મહાઓચ્છવના દિન અતિ રળિયામણા રે

મહાઓચ્છવના દિન અતિ રળિયામણા રે; પડવે પહેલા મંગળ ગીત ગવાય રે. ૧
બીજે બધાનાં હૈયાં બહુ હરખાય રે; ત્રીજના તોરણ આસોપાલવનાં બંધાય રે. ૨
ચોથનાં ચોઘડિયાં રૂમઝુમ રૂમઝુમ વાગે રે; પાંચમે પ્રભુનાં અર્ચન કીર્તન થાય રે. ૩
છઠ્ઠે છોગાળા નંદકુંવર ઘેર આવ્યા રે; સાતમે પ્રભુને મોતીડે વધાવ્યા રે. ૪
પછી વ્હાલાને મંગળકળશ ભરાવ્યા રે; દાસના દાસને આનંદ ઉરના સમાય રે. ૫

જીરે ધન્ય ધન્ય દિન આજુનો

જીરે ધન્ય ધન્ય ધન્ય દિન આજુનો, પ્રગટયા ભક્તના સુખદાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે, મહેદના સ્વરૂપને જાણીયું, વિરપોરના નાગજીભાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૧
જીરે બાલ ચરિત્ર જે ખેલના અદ્‌ભુત રૂપ દેખાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે ગોકુલપતિની સેવામાહાં, કરી તન મન ધન સુખદાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૨
એહોએ સ્વરૂપાનુભવ ગ્રંથ, તે કીધો રસરૂપે રસમઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે નિજ સ્વકીય અનુગ્રહ અર્થે, પોતે રસ પ્રગટ જતાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૩
જે કોઈ ભાવ રૂચીથી એહ ગાસે તેને હોસે લીલા રસદાન ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
એહોના ગુણનો જે કો આદર કરસે, તેને એ રસનું થાસે પાન ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૪
એહનું દાન તે પ્રભુ સમાન છે, તે થાસે લીલા રસમઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે વિયોગ દસામાં સેવા સ્થાપી, તે સંયોગ દસાનું રૂપ લૈય ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૫
જીરે મારગ અચલ સ્થાપિત કીધો, સેવા પ્રગટ પ્રકાર રસ મૈય ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે જસ જગતે પ્રસિદ્ધ કીધો, સ્નેહ મારગ વિયોગ સંયુક્ત ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૬
જીરે એહ પ્રાગટય જે કોઈ જાણસે, હોસે સ્વરૂપ સબંધ સુખદાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે એહ પ્રાગટ્યનો દિન કહ્યું, શુભ વૈશાખ ઉત્તમભાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૭

જીરે વદી એકદશી શુદ્ધ છે સર્વદા, પ્રગટયા શ્રી ગોકુલભાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે માતા ગંગા ગુણવંતા, ધન્ય પિતા નારયણજીભાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૮
જીરે મહેદ અનુગ્રહ આશની, કરો દાસની પુરણતાંઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।।
જીરે રસિક ભાવ અભિલાખીઆ એ, મહેદ કિંકર નાગરભાઈ ।।એ રૂપ સ્વરૂપ મઈ।। ૯

મ્હારૂં મન તમને મલવા તપે મોહનવરજી

મ્હારૂં મન તમને મલવા તપે મોહનવરજી, મ્હારી રસના મોહન મોહન જપે-મોહનવરજી. ૧
તમો દીનાનાથ દયાલ છો મોહનવરજી, તમે ભક્તવત્સલ પ્રતિપાલ છો-મોહનવરજી. ૨
તમો પોતાની ઓર વિચારિયા મોહનવરજી, મહારા તનના તાપ નિવારિયા-મોહનવરજી. ૩
મહદ ભક્તને ભાગ્યે કરી મોહનવરજી, હવે કરુણા કરો મુને ફરી-મોહનવરજી. ૪
મારૂં મન તમારૂં થઈ રહ્યું મોહનવરજી, હવે નથી કરતું મારૂં કહ્યું-મોહનવરજી. ૫
મારૂં ચીતવીત તમ ચરણે ધરૂં મોહનવરજી, હું અકુલાઈ વિનતી કરૂ-મોહનવરજી. ૬
તમારા અંગઅંગની સુંદરતા જોઈ મોહનવરજી, મારે મન ન આવે બીજું કોઈ-મોહનવરજી. ૭
આ શ્રીમુખ સુંદર જોઈને મોહનવરજી, મારૂં મન રહ્યું છે મોહીને-મોહનવરજી. ૮
આજનો દિન ધન રૂડલો મોહનવરજી, મેં તો પહેર્યો અવિચલ ચૂડલો-મોહનવરજી. ૯
મારે અખંડ અવિચલ તમો ધણી મોહનવરજી, હું હીંડુ સર્વને તૃણવત ગણી-મોહનવરજી. ૧૦
હવે પેર હમારી શી કીજીએ મોહનવરજી, વિનતી કરૂં તે માની લીજીએ-મોહનવરજી. ૧૧
તમો ઉદારરાય શિરોમણિ મોહનવરજી, તમો વિચારો પોતાભણી-મોહનવરજી. ૧૨.
તમારૂં હૃદયકમલ મહારસભર્યું મોહનવરજી, રસપાત્રને મહારસ દાન કર્યું-મોહનવરજી. ૧૩
હવે તે દાન મુજને દીજીએ મોહનવરજી, વચનામૃત મહારસ પીજીએ-મોહનવરજી. ૧૪
અંગોઅંગની માધુરીએ કરી મોહનવરજી, મારું અંતઃકરણ લીધું હરી-મોહનવરજી. ૧૫
વલ્લભદાસ વિનતી કરે મોહનવરજી, દીજો નિજ ચરણમાં વાસ ખરે-મોહનવરજી. ૧૬

શ્રીરૂક્મણી જાયો શ્રી વલ્લભ પુત્ર

શ્રી રૂક્મણી જાયો શ્રી વલ્લભ પુત્ર, વધારો વ્રજરાજને
સખી શ્રીય ગોકુલનો ભૂપ વધાવો વ્રજરાજને
હાંરે અહોનું માહા મનોહર રૂપ વધાવો વ્રજરાજને
એક સકલ સોહાસણી મલી વ્રજ કેરી નાર રે
એક આવે ઉતાવળી કાંઈ વિસરી વિવેક વિચાર રે
એકના મનમાં મોદ ભર્યા મલી મંગલ ગાયે ચાર ।।વધાવો વ્રજરાજને ।।૧।।

એક એક પે આગરી પહેર્યા પીતાંબર સાર રે
એકે દક્ષિણનાં ચીર પહેર્યાં, ચોળીએ મોતીના હાર રે
એકને ચરણ ચુંદડી, એકે સજીઆ સોળ શણગાર ।।વધાવો વ્રજરાજને ।।૨।।
એક નાચેને એક ગાયે એક બજાવે તાલ રે
એકને પાયે ઘુઘરા તેનો શબ્દ રસિક રસાલ રે
એક નારના બદે કોઈને, એક ઉમંગી જસ ગાય ।।વધાવો વ્રજરાજને ।।૩।।
એક કુંમકુંમ હાથા દેતી, તોરણ બાંધ્યાં છે દ્વાર રે
એકે કદલીના ખંભરોપ્યા, સાથિયા શુભ સાર રે
એક અતિ આનંદ સું, બોલે છે જય જયકાર ।।વધાવો વ્રજરાજને ।।૪।।
એક ચોર ચંદન પુરતી ગોત્ર ભાલ છત્રીસ રે
એક કુમકુમ તિલક કરતી, એક દેતી આશિષ રે
એક ઉતારે આરતી, જીવો શોભાજીનો વીર ।।વધાવો વ્રજરાજને ।।૫।।
એમ કહે છે વ્રજ સુંદરી, પ્રભુ પ્રગટયા ભક્તને કાજ રે
એક વદન નિહાળતી અવિલોકે વારંવાર રે
એક માગે વધામણી બલિહારી માધવદાસ રે ।।વધાવો વ્રજરાજને ।।૬।।

શ્રી વલ્લભવરજી આવ્યાને મોતિડે વધાવ્યાજી

શ્રીવલ્લભવરજી આવ્યાને મોતિડે વધાવ્યાજી, આનંદ આનંદ થઈ રહ્યોજી. ૧
કુમકુમ કેરા છડા દેવરાવું, ને મોતીના ચોક પુરાવુંજી, તોરણ બંધાવું રે દ્વારે શોભિતાજી. ૨
કદલીના સ્તંભ દ્વારે રોપાવું ને શેરીએ કાચ ઢળાવુંજી, મંડપ રચાવું તે ફૂલ મોગરેજી. ૩
આરતી ઉતારૂં પ્રાણજીવનની, માણેકમોતીએ વધાવુંજી, તનમનધન કરૂં વારણેજી. ૪
શ્રીરૂક્મિનીલાલને નયણે નિરખું ને હૈયામાં ઘણું હરખુંજી, નિરખતાં નયણાં તૃપ્ત ન થાયજી. ૫
પારવતીપતિને જોઈને, મન મારૂં રહે મોહીજી, જગતપુરૂષોત્તમ પ્રગટિયાજી. ૬
જુગજુગ જીવો શ્રીવલ્લભપ્રભુ, ભક્તનાપ્રાણઆધારજી, આશીષ દે છે સર્વ કામિનીજી. ૭
શ્રીગોકુલપતિને વારણે જાઉં, હરખે પ્રભુગુણ ગાઉં જી, દાસનો દાસ જાય વારણેજી. ૮

શ્રી વિઠલગૃહ અતિશે આનંદજી

શ્રી વિઠલગૃહ અતિશે આનંદજી, આનંદનો રે આનંદ હવોજી. ૧
પુત્ર પ્રગટ હવા અભિનવ જાણીજી, વાણી એ કૃષ્ણદાસી એમ કહેજી. ૨
ધન્ય શ્રી રુક્મણી શું કહું તમ ભણી, ધન્ય જાયો વર્યા જીવનોજી. ૩
મુખડું વિકાસીને કહે કૃષ્ણદાસીજી, મહાભાગ્ય એ ક્યાં લગી કહુંજી. ૪
શ્રી ગોકુલનાથજી જાયા વ્રજજન ભાવ્યાજી, તોરણ સુહાવ્યા સદન સહુજી. ૫
ભાગ્ય ઉદિત હવાં જગતના જીવનાં મુદિત હવા સૌકો કહેજી. ૬
યુવતી સર્વે મિલીને શ્રીમુખ જુએજી, મોહે તે મન માનુની તણાંજી. ૭
ચીરંજીવો ભણી ભણી આશિષ દે ઘણી ઘણી, કામના મન તણી પૂરીએજી. ૮
ભાવ તે સર્વના પ્રભુએ અંગીકર્યાજી, વર્યા જે જીવ પોતે થકીજી. ૯
સખીગણ ગાય ને સ્વર તે સુહાયજી, ધાય ને મોંહોમાંહે તે મલેજી. ૧૦
કુમકુમ રોલને કરે તે કલોલજી, સોહે તંબોલ મુખ તેહ તણેજી. ૧૧
સુખ તણો સાગર સ્નેહ તણો આગર, નવરંગ નાગર નિરખિયાજી. ૧૨
મોદ મન અતિ ઘણો, કોણ નવ જાય ગણ્યો, મનોરથ મન તણો પૂરિયોજી. ૧૩.
માંહોમાંહે નાચે ને અતિશે તે રાચેજી, સાચે તે ભાવ ભર્યા ભગવદીજી. ૧૪.
સંવત સોળસેં અષ્ટમ વર્ષેજી, હર્ષ ઘણો રૂક્મિણીજીનેજી. ૧૫.
માગશિર માસ વારમાં અતિ વર, સુંદર સુદ સપ્તામીજી. ૧૬.
ભ્રગુ વાર તે સારમાંહે સારજી અસુર ગુરુ થકો તે સુર થયોજી. ૧૭.
રાતનો પ્રાગટય તે અતિ છે ઉદ્‌ભટજી, ગત ઘટી એક છપ્પન પળેજી. ૧૮.
પૂર્વા ભાદ્રપદ નક્ષત્ર જેહજી, તેના ભાગ્યનું હું શું કહુંજી. ૧૯.
જોગ સિદ્ધિ નામ તે પામ્યો તે સુખ ધામજી, કામ પૂરણ થયાં તેહ તણાંજી. ૨૦.
મિથુન લગ્ન તે સ્પષ્ટ કર્યું અગણક વર્ગજી, હરખી તે જન્મકુંડલી કરેજી. ૨૧.
ધન્ય તે સંક્રાંત ધન્ય ધન્ય માસજી, રાશી તે કુંભ સુખરાશ છેજી. ૨૨.
નવગ્રહ ઉભા ઈચ્છા કરતા કર-જોડેજી, કોડ પૂર્યા કોટિ જન્મનાજી. ૨૩.
ગુરુ રહ્યો દ્વિતીયે ને રાહુ તે તૃતીયજી, સ્તુતિ કરે બુધ અષ્ટમ રહ્યોજી. ૨૪.
શુક્ર મંગલ રહ્યો સપ્તમે સોહેજી, સૂરજ મોહે તે ત્યાં રહ્યોજી. ૨૫.
ચંદ્ર શનિશ્ચર નવમે તે નાચેજી, રાચે છે કેતુ તે સ્થલ રહ્યોજી. ૨૬.
એણી પેરે જન્મ કુંડલી તે કીધીજી, આશિષ દીધી જેમ વેદ વિધિજી. ૨૭.
વેદની ધ્વનિ તે કીધી મહામુનિજી, સુણી મન મુદિત શ્રી રૂક્મિણીજી. ૨૮.

માગદ બંદીય સુર સુછંદીય, વિવિધ પ્રકારે તે જશ કહેજી. ૨૯.
જે જે કહે તે સત્ય અહીં સોહેજી, મોહે તે સૌ કોઈ તેહ સુણીજી. ૩૦.
માન તે અતિ ઘણાં દાન તે ગુપ્ત ઘણાં દીધાંજી, તે પ્રીતે ઘણાં મન મળીજી. ૩૧.
એણેપેરે આનંદ ઉલટયો ન માયજી, શેરીને સમાએ સમુદ્ર જસોજી. ૩૨.
નિરખે તે સુખ સહુ વરખે કુસુમ બહુ, હરખે તે દુંદુભિ વજાડિયાંજી. ૩૩.
સકલ નરનારીને ઉલટ અપાર, ઉત્સાહ ભર્યા માંહો માંહે મલ્યાજી. ૩૪.
એણીપેરે તે લીલા જન્મની નિત્યજી, સત્ય તે જન્મ સમે શુભજી. ૩૫.
સુખ તણી રાશ કેમ કહે હરિદાસજી, આશ પૂરણ કરો ભક્તનીજી. ૩૬.

ચોખરા - એ પ્રાગટયનું નિત્ય ચરિત્ર, શ્રીગોકુલ નિત્ય નિવાસ;
નિત્ય વિહારી નિત્ય રમે, નિત્ય નૌતન રસરામ. ૧
તે કાંઈ કહેવા મન ધરૂં અનો ફરીફરી માગું માન,
ભગવત રસના ભોક્તા દાતા છો દો દાન. ૨.
અનુભવ નિત્ય નિત્યના નવા અને નિત્ય નિત્ય નવલી ભાંત; ૩.
મહદ ભક્તને પ્રારથી અને એ માગું હરિદાસ, શ્રી વલ્લભજીનું નિત્યચરિત્ર,
તે પૂરણ કરવી આસ. ૪.
અરુણ ઉદય થયા પછી જે જે કરે સહુ કૃત્ય;
તે સુખસજ્યા પોઢયા લગી કહ્યું જે નિત્યચરિત્ર. ૫.
શ્રી આચાર્યજીએ દશમમાં કહ્યું પ્રથમ જન્મ પ્રકરણ;
નિરોધ સહિત પોતે સૂણ્યું જે ભક્ત તણા આચરણ. ૬.
જેમ જન્મ પ્રકરણ પછી કહ્યું તામસ પ્રકરણ સાર;
નો અઠ્ઠાવિશ અધ્યાય કહ્યા, સાત સાત ચાર વાર. ૭.
તેમ પ્રથમ સાતે ઘોલે કહ્યું તામસ પ્રકરણનું પ્રમાણ;
નિત્ય ચરિત્ર આરંભથી સાત સાત તણું એધાણ. ૮.

શ્રીવલ્લભમેરો, શ્રીવિઠ્ઠલરાજકુમાર રે

શ્રીવલ્લભમેરો, શ્રીવિઠ્ઠલરાજકુમાર રે; શ્રીવલ્લભ મેરો, જીવનપ્રાણ આધાર રે. ૧
શ્રીવલ્લભમેરો, શ્રીરુકમિણીજીનો લાલ રે; શ્રીવલ્લભજીને માલા તિલકનો ભાર રે. ૨
શ્રીવલ્લભમેરો, શ્રીવિઠ્ઠલરાયજીનો તાત રે; શ્રીવલ્લભજીના મુખડાની મીઠી વાત રે. ૩
શ્રીવલ્લભમેરો, શોભા બેનીનો વીર રે; શ્રીવલ્લભ મેરો, ન સહે પરાઈ પીર રે. ૪
શ્રીવલ્લભજીના, કેશરભીના ગાલ રે; શ્રીવલ્લભજીને, ગાઈયે દિવસ ને રાત રે. ૫

શ્રીવલ્લભજીના, ગાઈએ ગુણવિસ્તાર રે; આ તેણીવેળા, રંગ મચ્યો તતકાળ રે. ૬
શ્રીવલ્લભજીના, સેવક કહીયે ધન્ય ધન્ય રે; એ સેવકકેરાં, ચળવિચળ નહિ મન રે. ૭
એ અનન્યતામાં, જાણે છે વિરલા કોઈ રે; એ જાણ્યા પછી ચિત્ત ન આવે બીજું કાંઈ રે. ૮
શ્રી ગુંસાઈજીએ, કહી છે સઘળી વાત રે; આ મેરે મનકી, જાણે શ્રીગોકુલનાથ રે. ૯
શ્રીવલ્લભજીએ, માની ન દુનિયાદાર રે; શ્રીવલ્લભજીએ, કહ્યું ન કર્યું લગાર રે. ૧૦
શ્રીવલ્લભજીએ, રાખ્યો માલાનો ધર્મ રે; શ્રીવલ્લભજીને, ધોતી ઉપરણા રંગે રે. ૧૧
શ્રીવલ્લભજીને તિલક સોહીએ ભાલ રે, શ્રીવલ્લભજીને, કંઠે તુલસીની માલ રે. ૧૨
શ્રીવલ્લભજી મેરો, પારવતી વહુજીનો કંથ રે, શ્રીવલ્લભજીનો, નિગમ ન જાણે અંત રે. ૧૩

વહાલા લાગો છો ઘણુ વહાલા

વહાલા લાગો છો ઘણુ વહાલા, વલ્લભલાલ વહાલા લાગો છો
કેશરીયા ધોતી મારા પ્રભુજીને સોહીયેરે, છુટા મેલ્યા છે વ્હાલે કેશ...વલ્લભ
કેસરી ઉપરણો મારા વ્હાલાજીને સોહીયેરે, ચાલે લટકતી ચાલ...વલ્લભ
કેસરીયા પાઘ મારા પ્રભુજીને સોહીયેરે, મુખડા છે પુનમચંદ્ર ... વલ્લભ
વિઠ્ઠલનાથજીના લાલજ કહીએ, રાણી રૂક્ષમણીજીના જાયા...વલ્લભ
શોભા બેનીજીના વિરાજ કહીએ, પારવતી વહુજીના કંથ...વલ્લભ
કીકીમાં કામણ કીધું મારે વ્હાલે મારૂ મન હરીનો લીધું...વલ્લભ
ભકતનો અર્થે વ્હાલે પ્રાગટ્ય કીધું, અનોક જીવનો ઉધ્ધાર્યા...વલ્લભ
કર જોડીનો કહે છે ગોપાળદાસ, રાખો ચરણની પાસ...વલ્લભ

શ્રીવિઠ્ઠલનંજીની ચાલનો રે ચટકો

શ્રી વિઠ્ઠલનંજીની ચાલનો રે ચટકો, ઘણું રે શોભા સુંદરમુખનો રે મટકો. ૧
માહારા પાતલિયા સુખદાઈરે, શી શી કહીયે લાવણ્ય ચતુરાઈ રે. ૨
મરકલડે રે બોલે, જોતાં ત્રિભોવન તોલે. ૩
વાહાલાજીને ઉપરણે સઘળો શૃંગાર રે, રત્ન અમોલિક ગુંજાનો હાર રે. ૪
જનેઉ પવિત્ર કંઠે તુલસીમાલા રે, ઉલટે સુલટે પર વદન નિહાળે રે. ૫
નીરખી હરખીને માધવદાસ ગુણગાયે રે, લીલા જોતાં તૃપ્તિ ન થાય રે. ૬

હાં રે ધન્ય આજની ઘડી રળીયામણી

હાં રે ધન્ય આજની ઘડી રળીયામણી,
હાં રે મારો વ્હાલોજી પધાર્યાની વધામણી - હો જીરે ધન્ય.
હાં રે હું તો કદળીના સ્તંભ રોપાવતી,
હાં રે મારા વ્હાલાજીના મંડપો રચાવતી - હો જીરે ધન્ય.
હાં રે પૂરે પૂરે સોહાગણ સાથિયા,
હાં રે જેમ મલપંતાં આવે હરિ હાથિયા - હો જીરે ધન્ય.
હાં રે હું તો મોતિડાંના ચોક પુરાવતી,
હાં રે મારા વ્હાલાજીની આરતી ઉતારતી - હો જીરે ધન્ય.
હાં રે મારે જાવું શ્રીવલ્લભવરને વારણે,
હાં રે દાસ વલ્લભના સ્વામી ઉભા બારણે - હો જીરે ધન્ય.

શ્રીવલ્લભ સુત ગ્રહે પ્રગટીઆ વલ્લભવરજી

શ્રીવલ્લભ સુત ગ્રહે પ્રગટીઆ વલ્લભવરજી, શ્રીવલ્લભ ધરીયાં નામ શ્રીવલ્લભવરજી. ૧
શ્રીરૂકમણી કુખે અવતર્યા વલ્લભવરજી, નિજ્જનનાં સરીયાં કાજ...શ્રીવલ્લભવરજી. ૨
ગામ અડેલ સોહામણું વલ્લભવરજી, ત્યાં ત્રિવેણીનાં તીર...શ્રીવલ્લભવરજી. ૩
ત્યાં કૃપા કરી પોધારીઆ વલ્લભવરજી, હરવા રસ ભક્તની પીર...શ્રીવલ્લભવરજી. ૪
ત્યાં શ્રીમુખ કમલ દેખાડીયાં વલ્લભવરજી, હરખ્યાં શ્રીરૂક્ષ્મણી માત...શ્રીવલ્લભ. ૫
ત્યારે કૃષ્ણદાસીજીએ ઓળખ્યાં વલ્લભવરજી, આયો મેરો શ્રી ગોકુલનાથ...શ્રીવલ્લભ ૬
ગાયે મંગલ શબ્દ સોહામણાં વલ્લભવરજી, નીરખે હરખે નરનાર...શ્રીવલ્લભ ૭
તોરણ બાંધે સોહાસણી વલ્લભવરજી, કંકુ હાથા દેઈદ્વાર...શ્રીવલ્લભવરજી ૮
શરણાઈ નાદ સોહામણા વલ્લભવરજી, બાજે ઢોલ દમામાને તાલ...શ્રીવલ્લભવરજી ૯
ત્યાં મંગલ મંગલ થઈ રહ્યું વલ્લભવરજી, કરે ભેટ નોછાવરી ભક્ત...શ્રીવલ્લભવરજી ૧૦
જય જય શ્રીગોકુલનાથજી વલ્લભવરજી, બોલે નિજ્જન સહુ અનુરક્ત...શ્રીવલ્લભવરજી ૧૧
મગ્ન થયાં ઉત્સવ કરે વલ્લભવરજી, કરે જાચક જનને નિહાલ...શ્રીવલ્લભવરજી ૧૨
સહુ સેવક જન સુખ પામીઆં વલ્લભવરજી, જુએ સુંદર રૂપ અનુપ...શ્રીવલ્લભવરજી ૧૪
આ છબિ ઉપર બલિ જાયે વલ્લભવરજી, નીરખે શ્રીગોકુલભુપ...શ્રીવલ્લભવરજી ૧૫

વારી વારી શ્રીગોકુલનાથ તમારા લટકાને

વારી વારી શ્રીગોકુલનાથ તમારા લટકાને. ટેક
લટકે શ્રીગોકુલ ગામ વસાવ્યું ને, મોટા મંદિરનું રાજરે;
સહુ સેવકને ચરણે રાખો, ચૌદ ભુવનના નાથ,
દરશન જઈએરે. વારી. (૧)
પીળાં પીતાંબર પરવટવાળી, ઓઢયા ઉપરણા સારરે;
કેશર કેરાં તિલક બિરાજે,
શિરપર કેશરી પાઘ. દર. વારી (૨)
કંઠે સોહીએ દુગદુગીને, હીરાકંઠી અતિ સારીરે;
કંઠે મોતનકી માલા બિરાજે,
કુંડલ ઝળકે કાન દર. વા. (૩)
સુંદર સારાં કડાં બિરાજે, પહોંચી રત્ન જડાવરે;
બાંહે બાજુબંધ બેરખા બિરાજે,
એવા વહાલાને શણગાર. દર. વારી. (૪)
શ્રીમદનમોહનજી આપ બિરાજે ને,
શ્રીબાલકૃષ્ણ ન્હાના જોડરે; શ્રીનવનીતપ્રિયજી આપ બિરાજે,
બડાં વઈષ્ણવનાં ભાગ્ય. દર. વારી. (૫)
સાતે સ્વરૂપ શ્રીગોકુલમાં બિરાજે,
જાણીએ ગૌલોકપુરીરે, મોટે મંદિર શ્રીગોકુલનાથજી બિરાજે;
સામા શ્રીવિઠ્ઠલનાથના લાલ દર. વારી. (૬)
શ્રીગોકુલનાથજી ને પાર્વતી વહુજી;
નિત્ય નવી આરતી પૂરેરે, લટકે શ્રીગોકુલનાથ આરતી ઉતારે,
સેવકને સુખ આપેરે. દર. વારી. (૭)

શ્રીવલ્લભ રે તું જીવન માહારો

શ્રીવલ્લભ રે તું જીવન માહારો, મુને શ્રીગોકુલ દેખાડરે;
બપૈયો પિયુ પિયુ કરે તેમ, જપું દિવસ ને રાતરે. (૧)
માગશર સુદિ સાતમ ભલી, જન્મ્યા શ્રીગોકુલનાથરે;
ઢોલ દમામા વાજીયાને, પંચશબ્દ ઝનકાર રે. (૨)

શરણાઈ ને ગીરગીરી, ભેર નફરી ચહે વાટરે;
ધોતી ઉપરણા કેશરી ને, કેશરી તિલક સુભાલ રે. (૩)
માળા મુદ્રા શોભિતા ને, મુક્ત ગુંજાના હારરે;
કરણે મુક્તા શોભિતા ને, વચ્ચે મનોહર લાલરે. (૪)
શીશ અંબોડો શોભિતો ને, ચળકે કેશ વિશાળ રે;
કર અંગુલિયે મુદ્રિકા ને, ઝળકે નંગ અપારરે. (૫)
ઉપરેણો ઓઢયો શ્રીનાથનો ને, પવિત્રાં પહેર્યાં પ્રસાદીરે;
સુંદરી તે આવે શોભતી ને, નવસત સાજ શણગારરે. (૬)
ધસી આવે ઉતાવલી રે, કર મુક્તાભરી થાલરે;
કુમકુમ કેરી કટોરડી, માંહે વિવિધ કુસુમના હારરે. (૭)
વિવિધ પેરે વધાવીયા, શ્રીવિઠ્ઠલરાજકુમારરે;
આરતી ઓવારી મન મોદશું, મળી માનુની મંગળ ગાયરે. (૮)
ઉત્થાપને આનંદ શું ને, બેઠા બેઠક માંહ્ય રે;
ગાદી મૂઠા શોભિતા ને, બાંધી કેશરી પાઘરે. (૯)
ભેટ થાય મન ભાવતી ને, શોભા તણો નહીં પારરે;
મુક્તાહેમનું શું કહું ને, પુષ્પ તુલસી માલરે. (૧૦)
એવું માગું વિનવીને, એ સેવક ને એ નાથરે;
દાસનોદાસ કરે વિનતિ, ગંગા ગ્રહો તમો હાથરે. (૧૧)

સખી હો અગહન માસ ભલો આવ્યો રે

સખી હો અગહન માસ ભલે આવ્યો રે, ભક્તની જીવની લાવ્યો, સખીહો
સખી શુકલપક્ષ શુભ સાર રે, તેમાં સુદી સાતમ શુભવાર, સખીહો
ઘડી એકને છપ્પન પલ રે, જનમ્યા શ્રી ગોકુલનાથ, સખીહો
સખી શ્રી વિઠ્ઠલજીને ઘેર રે, આનંદ કહયો નવ જાય, સખીહો
સખી શ્રી રુકમણિજી માત રે, જનમ્યા તે જગત વિખ્યાત, સખીહો
સખી ભક્ત તે ફુલ્યાં અંગે રે, ઉત્સવ કરે મન રંગે
સખી રસિયાં તે બહુ પેરે રે, લાવે આનંદ ઉલટ ભેટ, સખીહો
સખી સામગ્રી બહુ પેર રે, કરે આનંદ ઉલટ ભેર,
સખી માગસીર સુંદની છઠ રે, આનંદ કહયો નવ જાય, સખીહો
સખી શ્રી ઉત્સવનો દિન રે, ઉઠયા તે પ્રાણજીવન, સખીહો

સખી કેસર રસ બહુ લાવે રે, ફુલેલ તણો નહિ પાર, સખીહો
સખી કેસરે નાહે વલ્લભવર, અંગુછો કરે મન રંગ, સખીહો
સખી ધોતી ઉપરણા બહુઅ રે. આભ્રણ કહ્યાં નવ જાય, સખીહો
સખી માર્કંડે પુજા થાય રે, કરે શ્રી રૂકમણીજી માય, સખીહો
સખી આરતી ઝળહળ જ્યોત રે, કરે પરમપનોતી પ્રીત, સખીહો
સખી રે સુખ નીરખે સાર રે, પ્રીતે તો વલ્લભદાસ, સખીહો

સખી ધન્ય રે દિવસ ધન્ય રાતડી જો

સખી ધન્ય રે દિવસ ધન્ય રાતડી જો, ઘણી મીઠી મીઠી વહાલાજીની વાતડી જો ૧
વહાલો પાઘ બાંધે છે વાંકડી જો, તેને જોઈને ઠરે છે મારી આંખડી જો ।।સખી।। ૨
વહાલો નખશીખ મોહન બેલડી જો, એના ગુણ ગાય સહીયરં સાહેલડી જો ।।સખી।। ૩
વહાલો બની ઠનીને ઘેર આવીયા જો, માહરી સહીયર સમાણી મન ભાવીયા જો ।।સખી।। ૪
માહરે પૂર્વ જનમની પ્રીતડી જો. ઘેર પોધાર્યા રસની રીતડી જો. ।।સખી।। ૫
જીરે રસ ઉચ્છલીત થયો અંગમાં જો, વહાલો આવી બિરાજ્યા મારા સંગમાં જો. ।।સખી।। ૬
વહાલે રાસ મંડલ રચનાકરી જો; પુરે મનોરથ શ્રી ગોકુલનાધણી જો ।।સખી।। ૭
સખી રંગીલી ગલી રલીયામણી જો, ત્યાં તો ભીડ મચી ઘણી ભક્તની જો ।।સખી।। ૮
સખી દરસન ને સહુ જાય છે જો, મુખે ગોકુલપતીના ગુણ ગાય છે જો ।।સખી।। ૯
ત્યાંતો નિત્ય નિત્ય થેઈ થેઈ થાય છે જો, વહાલાજીને તે ભક્ત સોહાય છે જો ।।સખી।। ૧૦
સખી ફરીફરીને લેછે ફુંદડી જો, તમે રીઝવ્યા પ્રભુજીને આ ઘડી જો ।।સખી।। ૧૧
સખી નીરખી હરખી ને ગાય છે જો, હરીદાસ તો વારણે જાય છે જો ।।સખી।। ૧૨

સુણ સાહેલડીરે, માહારે વલ્લભવરશું કામરે

સુણ સાહેલડીરે, માહારે વલ્લભવરશું કામરે,
ઝાઝું શું કહું રે, મહારા પ્રાણજીવન ધન એહરે. (૧)
હાર હૈયાતણોરે, માહારા કાળજડાની કોરરે;
મણિ મસ્તક તણોરે, માહરા ચિતડાકેરા ચોરરે. (૨)
ઉર લપટાવીયારે, વાહાલે માર્યાં મોહનાં બાણરે;
કાળજે લખી દીયોરે, ત્યાં તો બાંધ્યો છે આ પ્રાણરે. (૩)
વિનંતી માનજો રે, વહાલા પ્રેમે દયા કરીરે;
દાસનો દાસ મળ્યો રે, વહાલે હેતે કૃપા કરીરે. (૪)

સખી ભાગ્યરાસે મહાઓચ્છવ કીધો રે

સખી ભાગ્યરાસે મહાઓચ્છવ કીધો રે, મહાપ્રભુજીએ માનીને લીધો રે
અંતરંગના મનોરથ સીધા ।। સખી ।। ૧
સ્વરૂપાનુભવ ગ્રંથ લખી દીધો રે, અંગીકૃત સૃષ્ટિએ રસ પીધો રે
પુષ્ટ પુષ્ટિનો અર્થ સીધો રે ।। સખી ।। ૨
મોહનવર ગોકુલપતિ સંગે રે, તાહાં ભક્ત રહ્યા છે રંગે રે
તે તો લીલા કરે છે ઉમંગે ।। સખી ।। ૩
માગસીર સુદી સપ્તમી રસપાગી રે, પહેલી છઠ્ઠ આવી તે સોહાગી રે
અષ્ટમી નવરંગ અનુરાગી ।। સખી ।। ૪
શ્રીમુખે કહ્યું છે જેહવો રે, એહોએ કરી દેખાડયો તેહવો રે
જેહોથી જે બની આવ્યો એહવો ।। સખી ।। ૫
સોહાગીએ સોહાગી કીધા રે મહારસનાં દાન તે દીધાં રે
તે તો લીલામાહી સહુ સીધ્યા ।। સખી ।। ૬
ભગવદી સહુ સંગે કરીઆ રે, મનક્રમવચ કરી અનુસરીયા રે
પ્રભુની મનવૃત લેઈ પરવરીઆ ।। સખી ।। ૭
ભોગ સામગ્રીનો પાર ન પાઈએ રે, વાધે ગ્રંથ તે ક્યાંહાં લગી કહીએ રે
તે તો પ્રસંગ દ્વારા સહુ લહીએ ।। સખી ।। ૮
સેવા ચરણ કમલની આપી રે, આપ સમાન કરીને સ્થાપી રે
ચારે દિશામાં રહી છે વ્યાપી ।। સખી ।। ૯
પુષ્ટ પુષ્ટ સ્વરૂપ ઉર લીજે રે, સ્નેહ વિરહ ભાવે સેવા કીજે રે
રસનિધિનો અધર રસ પીજે ।। સખી ।। ૧૦
પુષ્ટ પુષ્ટ મારગ પ્રગટાવ્યો રે, જેનું જેહવું વરણ તેહવો ભાવ્યો રે
તે તો ચાર પ્રકારે સોહાવ્યો ।। સખી ।। ૧૧
અતિ અગાધ્ય વાત કેમ જાણું રે, જીવ તુચ્છ બુધ્ધે શું વખાણું રે
મહેદ ભક્તની કૃપાએ ઉરમાહાં આણું ।। સખી ।। ૧૨
જેહને અનુભવ નથી તેહને કીજે રે, ગોકુલભાઈજી ના ગ્રંથ માની લીજે રે
તેહમાંથી સ્વરૂપ ઉર લીજે ।। સખી ।। ૧૩
સખી અન્ય સંબંધથી બચીએ રે, એતો હૃદય રાખવું કરી સચીયે રે
અલૌકિક પદારથમાં રચીએ ।। સખી ।। ૧૪

મહા પ્રભુજી વિનતી માની લીજે રે, દાસી જાણીને કરૂણા કીજે રે
પ્રેમે રસિક સ્વરૂપ દાન દીજે ।। સખી ।। ૧૫
જગજીવન પ્રભુ તમો જાણું રે, કૃપાશક્તિની કૃપાએ ઉર આણું રે
વલ્લભદાસની કા'ન પ્રમાણ ।। સખી ।। ૧૬

સાંભળ સજની વાત અનુપમ આજની

સાંભળ સજની વાત અનુપમ આજની-શ્રીગોકુલમાં ; વહાલો ઉભા શ્રીયમુના
ઘાટરે-શ્રીગોકુલમાં. ૧
મહાસુંદર રૂપ સોહામણું, શ્રીગોકુલમાં, શ્રીવિઠ્ઠલરાજકુમાર રે, શ્રીગોકુલમાં. ૨
ઉભે પરસ્પર જોડ અનુપમ શોભતી, શ્રીગોકુલમાં, મને તે જોવાના કોડ રે, શ્રીગોકુલમાં. ૩
રંગીલી ગલી રળિયામણી, શ્રીગોકુલમાં, ત્યાં થઈ ગઈ છે ભેટાભેટ રે, શ્રીગોકુલમાં. ૪
હું મન કરી ઉભી રહી, શ્રીગોકુલમાં, મારે મસ્તક મૂક્યા હાથ રે, શ્રીગોકુલમાં. ૫
ત્યાંહાં આનંદસાગર ઉલટિયો શ્રીગોકુલમાં, વહે પ્રેમતણા મહા પૂર રે, શ્રીગોકુલમાં. ૬
એ આલી ગાલો આલ કરે, શ્રીગોકુલમાં, મુખ બોલે મધુરા બોલ રે, શ્રીગોકુલમાં. ૭
એ છેલછબીલો છોગાલો, શ્રીગોકુલમાં, મોહનવર ચતુર સુજાન રે, શ્રીગોકુલમાં. ૮
એ કામી કામણગારડો, શ્રીગોકુલમાં, મને માર્યાં મોહનાં બાણ રે, શ્રીગોકુલમાં. ૯
ઘેરઘેર થકી ધૂતારડો, શ્રીગોકુલમાં, છે ચિત્તડાનો ચોર રે, શ્રીગોકુલમાં. ૧૦
એ મન લઈ મન મેલવે શ્રીગોકુલમાં, વહાલો દે અવારી દાન રે, શ્રીગોકુલમાં. ૧૧
જે દિવસથી દ્રષ્ટે પડયા, શ્રીગોકુલમાં, મેં મૂક્યાં ઘરનાં કામ રે, શ્રીગોકુલમાં. ૧૨
તેહ દિવસથી પ્રીતમજી, શ્રીગોકુલમાં, વહાલો વસિયા રૂદયામાંહ્ય રે, શ્રીગોકુલમાં. ૧૩
હું ઘેલી થઈ પુઠે ફૂરૂં, શ્રીગોકુલમાં, મુને મલીયા શ્રીગોકુલનાથ રે, શ્રીગોકુલમાં. ૧૪
મેં ચરણકમલજુગ વંદિયા, શ્રીગોકુલમાં, ત્યાંહાંનિત્યપ્રતિઝાકમઝોલ રે, શ્રીગોકુલમાં. ૧૫
નિજદાસીના કોડ અપર્મિત ઘણા, શ્રીગોકુલમાં, ત્યાંહાં નિત્યપ્રતિ ઝાકમઝલો રે.
તેણે હીંડુ મોડામોડ રે, શ્રીગોકુલમાં. ૧૬

સુંદર શ્રીગોકુલિયું જોવાના મુજને કોડ

સુંદર શ્રીગોકુલિયું જોવાના મુજને કોડ ; તે મુજને દેખાડજોરે, જ્યાં છે લાલ
ગિરિધારીજીની જોડ તે. ૧
એમનું મનોહર રૂપ; તે. ઓળખી ન શકયા અવની કેરા ભૂપ. તે. ૨
સુંદર શ્રીયમુનાજીનાં નીર; તે. વળી શોભા બેટીજીના વીર. તે. ૩

સુંદર શ્રીઠકુરાણીજીના ઘાટ; તે. મારો વહાલો કરે જ્યાં નિત્યપાઠ. તે. ૪
નયણાં ભરીને નિહાળું ગિરિરાજ; તે. જેણે સરિયાં માધવદાસનાં કાજ. તે. ૫

હું તમને પુછું રાણી રુકમિણી

હું તમને પૂછું રાણી રુકમિણી રંગ રોળ્યા એ;
તમો કઈ પેરે શ્રીવલ્લભરાય જાયા, મનોરથ પૂર્યા રે. ૧.
કોણ સમય ઉદર રહ્યા, રંગ. કોણ માસ ગર્ભ ધર્યા. મ. ૨.
કોણ માસ એ જાયો, રંગ. કોણ દિવસ કોણ વાર. મ. ૩.
કોણ નક્ષત્ર અવિધારીયું, રંગ. કોણ સંક્રાંત કોણ જોગ. મ. ૪.
કોણ સમય વેળા ઘડી, રંગ. કોણ લગન કોણ ભાંત. મ. ૫.
કોણ ગ્રહો ક્યાં આવિયા, રંગ. એતો કોણ સાદર મન ભાવ. મ. ૬.
તે પૂછું તે બોલિયો, રંગ. તમારી પાસ હું તો કોણ માત્ર. મ. ૭.
કોણ સમય અસ આવીયો, રંગ. એ તો કોણ સમય આનંદ. મ. ૮.
શાં શાં દાનજ આપીયાં, રંગ. તમે શાં શાં લડાવિયાં લાડ. મ. ૯.
સંછુટી સોહાગી રંગ હવો, રંગ. એ વ્રજ ગહું ઓ કેમ. મ. ૧૦.
માસ માસ રસ કેમ હવો, રંગ. મને કહીએ કરી વિસ્તાર. મ. ૧૧.
વળતાં રુક્મિણી એમ વદે, રંગ. તમે સાંભળો સહુ વિસ્તાર. મ. ૧૨.
આંબા તે કેલિ અતિ ઘણિ, રંગ. એતો સાદર દાડમ દાખ. મ. ૧૩.
માસ માસ ફળે અતિ ઘણી, રંગ. એતો દિવસ દિવસ હુલ્લાસ. મ. ૧૪.
માગશર સુદિ સાતમ ભલી, રંગ. હું તો અસમાઠીરે મધ્યાન. મ. ૧૫.
આંગણા મધ્યે રે ગઈ, રંગ. એતો વરસે રિદ્ધ અપાર. મ. ૧૬.
એ હાર વલાયો ઘોડલે, રંગ. એતો વોહોડી વલાઈ કમાણ. મ. ૧૭.
ધરણી પગ દેઈ ચાલિયો, રંગ. એમની નિકટ નાલ વધેર્યો. મ. ૧૮.
રાત્રિ એક છડી છપ્પન પળે, રંગ. વાર શુક્ર સોહાય. મ. ૧૯.
સિદ્ધ જોગ ભાદ્રપદે, રંગ. પૂરવા કહીયે નામ મ. ૨૦.
ધન સંક્રાંતિ તે એહને, રંગ. એતો મિથુન લગ્ન આદે. મ. ૨૧.
ઉંચકે ગુરુ આવીયો, રંગ. એતો ધનવંત ધન ભંડાર. મ. ૨૨.
પરાક્રમ સિદ્ધ ઘણું કરે, રંગ. સહુ સેવક લે સાથ. મ. ૨૩.
ચોથે કન્યા બુદ્ધ દિયે, રંગ. હાવ ભાવ બહુ ભાંતે. મ. ૨૪.
પાંચમે વિદ્યા અતિ ઘણી, રંગ. એની તુલ્ય તોલે નહીં કોઈ. મ. ૨૫.

વૈરીને વશ કરી વળગિયા, રંગ. ષષ્ટમ બહુ રે હુલ્લાસ. મ. ૨૬.
ત્રિભુવન ધન અતિ ઘણો, રંગ. એતો રવિ ભ્રગુ ભોમ જ સ્થાન. મ. ૨૭.
મકર અરિષ્ટને ગલી રહ્યો. રંગ. અષ્ટમ ભુવન આનંદ. મ. ૨૮.
અમૃતકુંભ શશી જુગતે, રંગ. શનિ ધર્મ છે જા ઘર કેત. મ. ૨૯.
દર્શાવિધિ લીલા રસ રમે, રંગ. એતો ચપલ ચાતુરી મીન. મ. ૩૦.
લાભ મેષના મેષ શું, રંગ. વૃષભ વહે વપુ સાર. મ. ૩૧.
પાલખીએ પોઢાડિયા, રંગ. નિલવટ નેત્ર ઉઘાડયાં મ. ૩૨.
ચોખા વિણ મોતીએ વધાવિયા, રંગ. એતો પાણી વિણ દૂધે નાહ્યા. મ. ૩૩.
મુખ જેસો પૂનમ ચાંદલો, રંગ. એની નિલવટ આગલ ચાર. મ. ૩૪.
આંખલડી રતનીલીઓ, રંગ. એતો નાક તેલની ધાર. મ. ૩૫.
અધર પર પીયલ સારિયા, રંગ. એની અમૃતવાણી જીભ. મ. ૩૬.
નખશિખ રૂપ સોહામણું, રંગ. એના મુખમાં પહોંચ્યા હાથ. મ. ૩૭.
કૃષ્ણદાસી મુખ એમ વદે, રંગ. તમો સાંભળો મારી વાત. મ. ૩૮.
વધાઈ શ્રીવિઠ્ઠલનાથને, રંગ. ઘેર આવ્યા શ્રીગોકુલનાથ. મ. ૩૯.

છઠની રાત

જીરે શુભ દિવસ સુહાગનો

જીરે શુભ દિવસ સુહાગનો, હાંકે એની સન્મુખ માંગલ્ય દિન;
ધન્ય ધન્ય છઠની રાત સોહામણી,
જીરે આરંભ કર્યો પ્રાત:કાલથી થયો નિશા લગી જે સંપન્ન. ધન્ય. ૧
જીરે સાત માંગલ્ય માંહે જે તે આવ્યું, હાંકે કહેવાયું ઉત્સાહતણે પૂર, ધન્ય
જીરે છે તે સોહાગી તે ઘરતણાં, તેમ મહા મંદિર તણું સુર. ધન્ય. ૨
જીરે તીસ માંગલ્ય જે પહેલાં કહ્યાં, ઉત્સાહ આગમ તે ઘેર ઘેર,
જીરે સહું મળી સેંતીસ થયાં, મહા શ્રીઉત્સવ તંણી જે પેર. ધન્ય. ૩
જીરે હવે રજની આગમ સમે, આ માંગલ્યમાં કહીશ,
જીરે ભાગ્યરાસ ઘેર જે ઉત્સાહ, વળી મહા મંદિર તણાં તે લહીશ. ધન્ય. ૪
જીરે તે કહીએ મન મોદસું, કે અતિ ઉત્સાહ માંગલ્ય હોય
જીરે સર્વત્ર ફૂલ, સહિત તેહ કરે, આનંદ ભર સહું કોય. ધન્ય. ૫

જીરે સાયંકાલ ને શુભ સમય, કર્યાં માંગલ્ય બહુ પ્રકાર,
જીરે સરવે રીત રસ આગમ હોય, ઉત્સાહ માંગલ્ય વિસ્તાર. ધન્ય. ૬
જીરે પ્રથમ માંગલ્ય તે કુમકુમ છડા, દઈ પૂર્યા ચોક રસાલ,ધન્ય
જીરે દ્વાર આંગણ ઘરમાં સઘળે, મનોરથ ભરે અતિ રસ બાલ. ધન્ય. ૭
જીરે માંગલ્ય થાળ મંગલ કરી, ધરી માંગલ્ય દ્રવ્ય મહા સહું,ધન્ય
જીરે અગર અંબર ઉખેવ્યા વલી. બીજા માંગલ્ય અને જે બહું. ધન્ય. ૮
જીરે શ્રમિત ઘણાં સાથ સર્વકો, પણ હવો ન શ્રમ લગાર, ધન્ય
જીરે કાંઈ દિવસ થયા એણી પેરે, અહર્નીશ જાગી એક પ્રકાર. ધન્ય. ૯
જીરે કાજ આપ આપણે વળી થયાં, કોઈ કાંઈ કોઈ કાંઈ મનરંગ ધન્ય
જીરે અનિર્વચનીય ભાવે ભર્યાં, તેહાં મનોરથી તણે સંગ, ધન્ય. ૧૦
જીરે વળી કહીએ છીએ એણે સમે, આવી માલણ માંગલ્યરૂપ,ધન્ય
જીરે લાવી તોરણ ગુંથી અનેક તે, નૌતન પલ્લવ મૃદુલ અનુપ. ધન્ય. ૧૧
જીરે વલી કદળીથંભ બહુ સંગે, ઘણું મનોહર સુંદર તેહ ધન્ય
જીરે એણીપેરે ભાગ્ય સોહાસણી, લાવી માંગલ્યાર્થ શુભ એહ, ધન્ય. ૧૨
જીરે એહનો આદર કરે અતી ઘણું, કીધાં બહુ સહુએ સનમાન, ધન્ય
જીરે પહેરાવીએ સાડીઓ ચોળીઓ, વળી કીધું માંગલ્ય જે દાન. ધન્ય. ૧૩
જીરે માંગલ્ય તિલક કુમકુમ કર્યાં, વળી કંકુએ પીલ્યા પગ, ધન્ય
જીરે ન્યોછાવર માંગલ્ય તણી, તે આપી ભક્તએ ભરી અનુરાગ. ધન્ય. ૧૪
જીરે માંગલ્ય સુચક એ પહેલાં કહ્યાં, શુભ અર્થે તે આપ્યું તેહ, ધન્ય
જીરે પછે સહુને મનોરથ ઈચ્છતા, આપી પુરણ કરશે તેહ. ધન્ય. ૧૫
જીરે આજ્ઞા કરી એવું કહી અને, બાંધો તોરણ સહુ ઘેરઘેર, ધન્ય
જીરે પ્રથમ તે મંદિર જઈયને, વળતાં સર્વત્ર બહુ પેરે. ધન્ય. ૧૬
જીરે રંભાસ્તંભ પણ એણી પેરે, રોપ્યા દ્વારદ્વાર જહાંતહાં, ધન્ય
જીરે ચાલી માલણ પછે મલપતી, સોહાસણી મંદિરમાંહાં. ધન્ય. ૧૭
જીરે પ્રથમ શ્રીમંદિર પ્રભુ તણે, જઈ બાંધિયાં બંદનવાર, ધન્ય
જીરે રોપ્યારંભાસ્તંભ વળી ત્યાં, તે લળી રહ્યા છે દ્વાર. ધન્ય. ૧૮
જીરે મંગલ શુભ પ્રભુ બેઠકે, તે સોહાવ્યો મંગલ કરીય, ધન્ય
જીરે નાથજી તણા મંદિર ત્યાં, વળી વહુજીના મંદિર જેહ. ધન્ય. ૧૯

જીરે રસોઈ મંદિર ભંડાર જહાં. બાંધ્યા એણી પેરે સ્થલ સોહે, ધન્ય
જીરે સૌભાગ્ય પ્રગટ સૌભાગ્ય જે, તે ઝળહળતી મન માંહ, ધન્ય. ૨૦

જીરે વળતી ન્યોછાવર ભીતરથી, આપી વહુ બેટીએ સહુય, ધન્ય
જીરે સાડી ચોળીઓ ભાંતભાતની, વળી પ્રસાદ ખોળા ભરી બહુય. ધન્ય. ૨૧

જીરે અહીંથી સંતુષ્ટ થઈ ચાલીયાં, તેહની વિહબલ થઈ ગતિ ભૂલી, ધન્ય
જીરે મંગલ સુભગ શોભા ભરી, હવેલી માંહે ઘેર ઘેર જાય ધન્ય. ૨૨

જીરે જ્યાં જાય તહાં સૌ કોઈ એહને, કરે આદર અતિ બહુ પેર, ધન્ય
જીરે તિલક કરી પગ પીરીને, સાડી ચોળી આપે ઘેર ઘેર. ધન્ય. ૨૩

જીરો ન્યોછાવર મંગલ તણી, દ્રવ્ય વસ્ત્ર અને અલંકાર, ધન્ય
જીરે આપે સહુ આનંદે ભર્યા તે અગણિત અપરંપાર. ધન્ય. ૨૪

જીરે એણીપેરે ભવન ભવન પ્રતિ, હવેલી ખરીક ઠામ ઠામ, ધન્ય
જીરે બાંધતી ફરે તોરણ માળા, અને કદળીના સ્થંભ અભિરામ. ધન્ય. ૨૫

જીરે શ્રીગોકુલ સંપૂરણ ઘેર ઘેર, દ્વારે દ્વારે એમ સોહે, ધન્ય
જીરે અભિનવું મહા કૌતુહલ, થઈ રહ્યું અને સહુ જોઈ મોહે. ધન્ય. ૨૬

જીરે નીસરી સંધ્યા સમયની, મંગલ સોહાગ રસ ભરી, ધન્ય
જીરે રાત્ર સંપુરણ એહની વીતી, બાંધતાં સહુ ઘેરઘેર. ધન્ય. ૨૭

જીરે એ પ્રકાર એણી પેરે શું, કહ્યો માંગલ્ય પરમ રસાલ, ધન્ય
જીરે હવે કહીએ વળી જે હોય, આરંભીને સાયંકાળ, ધન્ય. ૨૮

જીરે દીપક પ્રગટ કરીયા સઘળે, એહની શોભા તે ઝાકમઝોલ, ધન્ય
જીરે ભીતર બાહિર માંડવે, દીસે ચિત્રવિચિત્ર કલોલ. ધન્ય. ૨૯

જીરે ઝૂમક દીવા તે ઝળહળે, લટકંતા તે અદભુત ભાંત, ધન્ય
જીરે ચોકે મુડેરી છજે ભરી, દીપ રત્નમાલની પાંત. ધન્ય. ૩૦

જીરે ગોખ ગવાખે એણી પેર, ત્યાં સર્વત્ર દીપ ધરાય, ધન્ય
જીરે દ્વારેદ્વારે ટોડે ટોડે શોભીએ, એહવી રચના તે દીપની થાય. ધન્ય. ૩૧

જીરે ફાનસો માંડવે લટકતી અને તુંબિયો જાળીની ચિત્ર, ધન્ય
જીરે તેમાંહી દીવા પ્રગટ કર્યા, મીણબત્તીના પરમ વિચિત્ર. ધન્ય. ૩૨

જીરે ચલક ઝલકે અદભુત સોહે, રહે ફરતી ઓ ચક્રાકાર, ધન્ય
જીરે જ્યોતિ તે ચાક્ષચક્ષ તેહની, ચકચોંધી લાગી તેણી વાર, ધન્ય. ૩૩

જીરે મંડપની રચના તણી, શોભા દિસે પરમ સુરંગ, ધન્ય
જીરે દીપકમાલની જ્યોત શું, ઉઠે અધિક રસના તરંગ, ધન્ય. ૩૪

જીરે બાંધે છે જરતારી વસ્ત્ર જે, બીજા વસ્ત્ર સુરંગ રસાળ, ધન્ય
જીરે ઝાલરો તે તણી ઝળહળે, ફરહરે અતિ ઝાકઝમાળ. ધન્ય. ૩૫

જીરે મધ્ય મધ્ય ઝૂમક લટકતાં, હેમ પાટની મુકતા જેહ ધન્ય
જીરે થાળી કટોરા ચમર લટકે, લાગે અદભુત શોભા તેહ. ધન્ય. ૩૬

જીરે જ્યોતિ તે જગમગ જ્યોત શું, તેણે ઉઠે તરંગના હીલોર, ધન્ય
જીરે શોભા સૌભાગ્ય ગહગહી, દિસે ચલક ઝલક ચહુંઓર. ધન્ય. ૩૭

જીરે મહાશ્રીઓચ્છવ માંગલ્યતણો, છે સમય તે ઝેલાઝેલ, ધન્ય
જીરે એ માંડવે માંગલ્ય પ્રભુ, પાઉધારી કર્યા રંગ રેલ. ધન્ય. ૩૮

જીરે માંડવો માંગલ્ય કરી અને, થાપ્યો અચલ સુહાગ અનુપ,
જીરે નિજ પ્રાગટય અર્થે તે સદા, ઉત્સવ એ પરમાનંદરૂપ. ધન્ય. ૩૯

જીરે ભગવદીય આવે સુભાગિયાં, માંડવો જોઈ જોઈ ફૂલ ન માય, ધન્ય
જીરે એવો મંડપ સુભાગિયો, તે ક્યાં લગી લેખું ન લખાય, ધન્ય. ૪૦

જીરે ભાગ્યરાસ સહુકો સંગે, પરવરિયાં મંડપે રાજે,
જીરે સ્વજન સુજાતિ સમાજ શું, એવો મંડપ નીતનીત છાજે, ધન્ય. ૪૧

જીરે ગાન કરે રસ ભક્ત ત્યાં, અતિગહગહી રહ્યા છે તેહ, ધન્ય
જીરે કરીય શણગાર વિચિત્ર, તે સૌભાગ્યમદ ભરિયા છે જેહ, ધન્ય. ૪૨

જીરે એક આવે એક જાય છે, એકશું તે કરી રહ્યા વાત, ધન્ય
જીરે એક હસેને એક ગાય છે, એવો આનંદ ઉર ન સમાય. ધન્ય. ૪૩

જીરે વળી ભગવદી ઘેરઘેર થકી, કોઈ કાંઈ કોઈ કાંઈ લઈ આવે, ધન્ય
જીરે ધોતિ ઉપરણા પામરી જેહ; તે મહાભાગ્યરાસને પહેરાવે. ધન્ય. ૪૪

જીરે વાગા કભાય અને ભૂષણ ઘણાં, તે લાવી પહેરાવે છે સહુય, ધન્ય
જીરે સાડી ચોળી લહેંગા પણ તેહ. પહેરાવે સ્ત્રીજન ને બહુય. ધન્ય. ૪૫

જીરે અહીં થકી ફરીયે પહેરાવે છે, આપ આપને મલતે તેહને,
જીરે કોઈ ગોપ્ય કોઈ પ્રગટ તે, છે સમાનશીલ ભાવ જેહને. ધન્ય. ૪૬

જીરે પહેરે પહેરાવે પરસ્પરે, કરે તિલક બીડાં ધરી હાથ, ધન્ય
જીરે અદ્‌ભુત સમય તે થઈ રહ્યો, અતિ અનિર્વચનિય એ વાત. ધન્ય. ૪૭

જીરે એણે સમય અહીં આવીયાં, પ્રાણપતિ શ્રીલક્ષ્મી વહુય, ધન્ય
જીરે ગોપદેવી ને રોહીણી બેટી; ધર્યા કનિયા અક્ષત સહુએ, ધન્ય. ૪૮

જીરે તે માટે એ વહુ આવીઆં, અતિ ફૂલ્યાં અંગ ન માય, ધન્ય
જીરે મળી બેઠાં સર્વ સમાજમાં, જહાં રસભક્ત સહુ મલી ગાય. ધન્ય. ૪૯

જીરે ઘરવટ નિપટ જણાવીને, આવ્યાં માંગલ્ય તણીલહી પેર, ધન્ય
જીરે મહાપ્રભુને ન્હવરાવે છે, લડાવી લડાવી રસભેર. ધન્ય. ૫૦

જીરે સહુકોઈ સ્ત્રીજન તેમ બેઠાં અતી દીનત્વ સહિત સોહાગે. ધન્ય
જીરે મહાપ્રાગટય માંગલ્ય તણે. સહુ કોઈ એકે અનુરાગે. ધન્ય. ૫૧

જીરે પછી તેહોને તિલક કર્યા, તે લલાટ કંકુ રંગરોલ. ધન્ય
જીરે પગ પીરી વલતાં ફુલેલ તે, ભર્યા મસ્તકે ઝાકમઝોલ. ધન્ય. ૫૨

જીરે સાડીઓ વળતી પહેરાવીતે, લેવરાવ્યા મેવા પકવાના. ધન્ય
જીરે હસી હસી લે અતિ પ્રેમશું, કરે વિનોદ હાસ્યરસપાન. ધન્ય. ૫૩

જીરે એણી પેરે હોય એ સમે, મહા ઉત્સાહ આનંદ રસ રંગ, ધન્ય
જીરે મહામાંગલ્ય શ્રી ઉત્સવે હોએ, સદા સર્વદા એહ પ્રકાર; ધન્ય. ૫૪

જીરે અહીંથી પોહોંચી વળતાં સઘળે, હવેલીમાં ઘેર ઘેર જાય, ધન્ય
જીરે ત્યાં પણ હોય છે એણી પેરે, તે પરસ્પર ફૂલ ન માય, ધન્ય. ૫૫

જીરે શોભા સુભગ હવેલીએ, દીસે ઝળહળ ચીત્ર વિચિત્ર, ધન્ય
જીરે મહારસ આનંદ ઉઝલી, વહી ચાલ્યાં પૂર વિચિત્ર, ધન્ય. ૫૬

જીરે ઘેરઘેરથી આવી ભક્ત જે, જઈ મંદિર નીરખવા નાહ
જીરે સૌભાગ મદ ઉન્મત્ત થકા, રસ ભર આનંદ ઉરમાંઝ, ધન્ય. ૫૭

જીરે પેંડે ને સર્વત્ર ગલીઓમાં, મારગ નહીં તલવાર, ધન્ય
જીરે ચાલવા પેંડો ન પામીયે, એમ સંભ્રમ અલેખે અપાર, ધન્ય. ૫૮

જીરે એવામાં કયેમે કયેમે કરી, જઈ પહોંચિયા મંદિર માંહ્ય ધન્ય
જીરે અહીં પણ સૃષ્ટિ અપરમિત, ઠોર નહિ તલ પડવા ત્યાંય, ધન્ય. ૫૯

જીરે એવા સંભ્રમમાં જઈને રહ્યા ઉભા તે પિયસન્મુખ, ધન્ય
જીરે મહા નાયક સુંદરવર, આપ્યાં અનિર્વચનીય સદ્ય સુખ. ધન્ય. ૬૦

જીરે દીપદંડ નાપિક લેઈ ઉભા, તેહતણી જ્યોતિ રસાલ; ધન્ય
જીરે સંપૂર્ણ મંદિરમાંહે, થઈ રહ્યું છે ઝાક ઝમાળ, ધન્ય. ૬૧

જીરે ગાદીમૂઢે રસિકવર રાજે, ભાંતિ રસિલી રસાલ; ધન્ય
જીરે રહ્યાં રસભક્ત ચહુંદિશે, અવિલોકે તે રસીયાં રસાલ. ધન્ય. ૬૨

જીરે શીશે લપેટયો લપેટણો, ભ્રોંહ પર આવી રહ્યો લસીય; ધન્ય
જીરે કુંતલ ચિકુર સચિકણા, રહ્યા ચહુંફેર ફરતા ખસીય. ધન્ય. ૬૩

જીરે ભાગ્ય સુહાગ તિલકરેખા, ભક્ત ભાગ્ય માંગલ્ય ફલ રાજ; ધન્ય
જીરે ભ્રકુટિ કુટિલ પરસી રહી, પ્રિયા મન વશીકરણ એ કાજ. ધન્ય. ૬૪

જીરે નયનાર્વિંદ અવિલોકતાં, ઉભયતા તે રસ ઉપજાવે; ધન્ય
જીરે સિંચન કરી રતિ અંકુર, તે પ્રણય સહિય પ્રગટાવે. ધન્ય. ૬૫

જીરે શ્રવણ ગલસ્થલ ઝલહલે, રસભરિ આવ્યા ઉઝલાય; ધન્ય
જીરે નાસિકા નિરૂપણ નીરખતાં, અનુભવ અગાધ અતિશય થાય. ધન્ય. ૬૬

જીરે પરમ પ્રસન્ન અતિરસ ભર્યો, પ્રફુલિત આનન અરવિંદ; ધન્ય
જીરે મકરંદ રદછંદ રસે કરી, કરે પાન ભક્ત અલિ વૃંદ. ધન્ય. ૬૭

જીરે કવણિત મધુર કલરવ વયણે, રસના રસપાન કરાવે; ધન્ય
જીરે હાસ્ય પરમ મંજુલ કરી, પલ્લવિત કુસુમિત ફલ ભાવે. ધન્ય. ૬૮

જીરે આરોગે બીડા અનુરાગસું, ત્રિયા હિત રસિક વરરાય; ધન્ય
જીરે સહજ વચન ઉચ્ચારતા, શ્રીમુખ મકરંદ ફેલાય. ધન્ય. ૬૯

જીરે અધર અરુણ અતિ રસ છેલી, બેહુ ઓર પ્રગટયો પ્રવાહ; ધન્ય
જીરે એ રસપૂરમાં જે પડે, તે પામે નહિ કાંઈ થાહ. ધન્ય. ૭૦

જીરે ચિબુક નિકટ સ્થલ કરી, રાખ્યો વિશ્રામતણો સુખહેત; ધન્ય
જીરે પૂરપ્રવાહમાં જે પંડયા, તેહના અવિલંબનને સંકેત, ધન્ય. ૭૧

જીરે શ્રીમુખ એવું રસોમયી, ઉઠે રસ-આનંદના તરંગ; ધન્ય
જીરે અનિર્વચનીય એ સમે સહુ, પોષ્યા રસિક ભક્ત તણાં અંગ. ધન્ય. ૭૨

જીરે ગ્રીવા તે નિરૂપમ ગુણ ગહેરી, જે માલા તુલસીસું અહર્નિશ સંગ; ધન્ય
જીરે વૃક્ષ:સ્થલ ઉપર રાખી, સ્પર્શી ઉર પ્રિયા અંતરંગ. ધન્ય. ૭૩

જીરે મુક્તા મણિ ગુંજામાલ, એને આસ પાસ આલબાલ; ધન્ય
જીરે ભક્તભાવ રક્ષા-અર્થે, હૃદયાભ્યંતર જે રસાલ. ધન્ય. ૭૪

જીરે કુચકુંભ તે એ રસે ભર્યા, તે જોઈ પ્રિયા મન લલચાય; ધન્ય
જીરે ગાઢ આલિંગન લેવાને, અતિશય વ્યાકુલ ચિત્ત થાય. ધન્ય. ૭૫

જીરે ઉદર ઉદધિ રૂપરસે ભર્યા, ગહેરો અથાહ જલ ગંભીર; ધન્ય
જીરે નાભિ ભમર જોઈ પ્રિયા મન, પડીયાં જે જે અતિ ધીર. ધન્ય. ૭૬

જીરે બહુ વિશાળ વિસ્તીર્ણ, પ્રિયારસ પોષ્યા ભર સ્નેહ; ધન્ય
જીરે અંકુરી પ્રાણ પલ્લવ તેણે, દિશે પ્રગટ નિરૂપમ જેહ. ધન્ય. ૭૭

જીરે મુદ્રિકા દીસે પ્રગટ પુષ્પ, પીત હરિત આરક્ત ને સ્વેત; ધન્ય
જીરે સહુ જડિત નંગ જેહ, ભક્તભાવ એ ફલ રસ હેત. ધન્ય. ૭૮

જીરે રંગ અનુરાગે રંગી ધોતી, જે સીંગારી રસીલી રસાલ; ધન્ય
જીરે ઉપરણો શીશે લપેટીયો, કહ્યો પહેલો જે ધસી રહ્યો ભાલ. ધન્ય. ૭૯

જીરે એવું રૂપ રસોમયી, રાજે અતિરસ ભર્યું અંગ અંગ; ધન્ય
જીરે રસ આચ્છદાન કરવાને, પહેરી કભાય શ્રી અંગ સંગ. ધન્ય. ૮૦

જીરે કભાય ચાક્ષચક્ષ ચમકતી, જોતાં દ્રષ્ટિ તે નવ ઠહરાય; ધન્ય
જીરે આત્મસુખદ જે સુખદ ઘણું, કોમળ વિચિત્ર સુખદાય. ધન્ય. ૮૧

જીરે મહારસનાયક એ રીતે, રસસરવરી સમય બિરાજ; ધન્ય
જીરે મહોદર ચરિત્રવાન એ, સકલ ગુણસંપન્ન છાજે, ધન્ય. ૮૨

જીરે દાન કરે મન મોદસું, મનઈચ્છીત માંગલ્યરૂપ; ધન્ય
જીરે ક્યાં લગી કહી શકીયે તેહ, જે ક્ષણ ક્ષણ ભાવ અનુપ. ધન્ય. ૮૩

જીરે સમય એવો એ અગાધ છે, અનુભવૈક-વેદ્ય રસ રાસ; ધન્ય
જીરે સભા સહિત રાજે પ્રભુ, પ્રમુદિત મન અતિઉલ્લાસ. ધન્ય. ૮૪

જીરે એ સમય ગુણી બહુ આવીયા, જેના સદા નેગ છે તેહ; ધન્ય
જીરે મથુરા ને વૃંદાવન તણા, નર્તકારી ગાયક છે તેહ. ધન્ય. ૮૫

જીરે ગુણ તે પ્રગટ આપ આપણો, કરે ઓસરાઓસરી ફરતા; ધન્ય
જીરે મહાપ્રભુ સુણી એહાં તણાં, કર્યાં સનમાન તે શોભા ધરતા. ધન્ય. ૮૬

જીરે એહોને સ્થળ તે અપાવીયાં, પછી મહાપ્રસાદ પકવાન; ધન્ય
જીરે કર્યા આદર બહુ પેરસું, એવા એ મહા ભાગ્યવાન. ધન્ય. ૮૭

જીરે ભગવદી ઠામઠામ થકી કરે, કીર્તન ધોળ તે ગાન; ધન્ય
જીરે વાદ્ય સહિત તે સહુકો મળી, ગાયે મંગલ પરમ નિધાન. ધન્ય. ૮૮

જીરે અનિર્વચનીય ઉત્સાહ સહુને, તે કહ્યો કેમ જાય અપાર; ધન્ય
જીરે એણીપેરે સર્વ સમાજને, સુખ આપીયાં મહોદર. ધન્ય. ૮૯

જીરે એ સમે બીડી છેલ્લીય, આવી આરોગ્યા સદ્ય તેણી વાર; ધન્ય
જીરે પ્રાત:કાળ ઉઠવું વેગે, તે સમે ઉઠયા પ્રાણ આધાર. ધન્ય. ૯૦
જીરે તેલસજ્યાએ પધારીયા, તે નિત્યતણી જેમ રીત; ધન્ય
જીરે વસ્ત્ર મૂક્યાં ધોતી ધરી, તેણે કરી છબિ શ્રીઅંગ અમિત. ધન્ય. ૯૧
જીરે ભક્તસમાજ સહુ ઘેરે, વહાલો પોઢિયા સેજ સોહાય; ધન્ય
જીરે સેવકમલી મર્દન કરે, જેમ જેમ પ્રિયને અતિ સુખ થાય. ધન્ય. ૯૨
જીરે એણે સમય પ્રસંગ તે, ચાલે છે નિત્ય અનેક; ધન્ય
જીરે ભાવ પોષક રસવર્ધકને, એ ઉભયતા રસને વિષેક. ધન્ય. ૯૩
જીરે મહારસ નાયક રસોમયી, ચંચલ ચતુર એ મારો નાથ; ધન્ય
જીરે અવિલોકે છે આતુર થકા, આસપાસ રસિક જન સાથ. ધન્ય. ૯૪
જીરે એ સમે સુખ અગાધ તે, ક્યાં લગી કહીયે રસાળ; ધન્ય
જીરે તેલાભ્યંગ કરાવીને, સેજે બેઠા થયા કરુણાળ. ધન્ય. ૯૫
જીરે અધર દાનરસ ભક્તને, કરીયું સુખનિધિ સુખરૂપ; ધન્ય
જીરે પાઘ વિચિત્ર સુધારીને, રસભાવ ઉદ્દબોધ અનુપ. ધન્ય. ૯૬
જીરે અંગનાગણ ઘેરેશોભા, લાગે અદ્દભુત મહા વરેન્દ્ર; ધન્ય
જીરે દીપકજ્યોતિ સન્મુખ સોહે, રસરૂપએ શ્રીમુખચંદ. ધન્ય. ૯૭
જીરે સેજથી ઉઠયા રગમગ્યા, રસમસિયા છબિસુ પધારે; ધન્ય
જીરે ડગમગતા મુસકની કરતા, એવા નિરખી ભક્ત સહુ ઓવારે. ધન્ય. ૯૮
જીરે લટકતા અટકતા મટકતા, રસવૃષ્ટિ કરતા બહુ પેર; ધન્ય
જીરે સૃષ્ટિને સીંચી શીતળ કરી, રસકીરણ તરંગોની લ્હેર. ધન્ય. ૯૯
જીરે જે જે કાર ઉદ્‌ઘોષને, કરે સકળ ભક્ત નરનાર; ધન્ય
જીરે પધાર્યા શ્રીગોકુલપતિ, એહોની શોભા તણો નહિ પાર. ધન્ય. ૧૦૦
જીરે મનોરથ મોહનભાઈનો, પૂરણ કરે શ્રીગોકુલનાથ; ધન્ય
જીરે પૂરણ કરે, શ્રીવલ્લભલાલ. ધન્ય. ૧૦૧

સહુ રસિક સમાજને વિનવું

સહુ રસિક સમાજને વિનવું એ તમો સાંભલજો સહુ સાથ ।। સ્વરૂપ રસ અનુભવીએ ।।
જીરે માન માગું તમ પાસથીએ, કરી કરૂણા કરજો સનાથ ।। સ્વરૂપ રસ ।। ૧
તમો રસિક સ્વરૂપના અનુભવીએ, એ અનુભવની મુને આશ ।। સ્વરૂપ રસ ।।
જીરે અનુગ્રહ કરી અપનાવીઆરે, કરી અંગીકૃતની કાન ।। સ્વરૂપ રસ ।। ૨

જીરે દાન અગણિત દયા ભર એ, અતિ ઉદારતાનો સ્વભાવ ।। સ્વરૂપ રસ ।।
જીરે નિજ રસ ઢલણે આતુર સદાએ, ભરી પાત્ર કરો રસ દાન ।। સ્વરૂપ રસ ।। ૩
જીરે સદા રસ લોભી રસિકવર એ, દ્વિદલ રસ ભોગી સુજાન ।। સ્વરૂપ રસ ।।
જીરે અગણિત ગુણ ક્યાંહાં લગી કહું એ, તમો નિજ રસે વશ કર્યા નાહ ।। સ્વરૂપ રસ ।। ૪
જીરે વાછલ્ય સ્નેહ રસે પાગીઆ એ, અનુરાગીયા પિય સુખમાંહે ।। સ્વરૂપ રસ ।।
જીરે રસિક સમાજ તિલકમણી એ, શ્રીગોકુલપતિ મોહનરૂપ ।। સ્વરૂપ રસ ।। ૫
જીરે વાંછિત પુરક પ્રભુતણાએ, નિજ સ્વકીય તણા સુખદાઈ ।। સ્વરૂપ રસ ।।
જીરે પુષ્ટ પુષ્ટ રસ સૃષ્ટનીએ, કરો પુષ્ટ રસે અધિકાઈ ।। સ્વરૂપ રસ ।। ૬
જીરે સાક્ષાત્ સ્વરૂપ સંજોગીઆએ, વિયોગે પણ પુરણતાઈ ।। સ્વરૂપ રસ ।।
જીરે સેવા સ્વતહ ચરણારવિંદનીએ, આપી સ્વકીયને માહા દ્રઢતાઈ ।। સ્વરૂપ રસ ।। ૭
જીરે નિર્ભય કરી અભયપદ આપીયાં એ, ચિંતા હરી શ્રી ગોકુલભાઈ ।। સ્વરૂપ રસ ।।
જીરે જીવને જીવન ધન આપીયું એ, કુલ નારાયણજી ઉમાહી ।। સ્વરૂપ રસ ।। ૮
જીરે મહેદ ચરણ અભિલાખીયા એ, સંગે વલ્લભ નાગરભાઈ ।। સ્વરૂપ રસ ।।
જીરે લક્ષ રહ એ પક્ષનો એ, શુભ દ્રષ્ટની સિંચનતાઈ ।। સ્વરૂપ રસ ।। ૯

શ્રીરૂકમણી જાયો શ્રીવલ્લભ પુત્ર

શ્રી રૂકમણી જાયો શ્રી વલ્લભ પુત્ર, વધાવો વ્રજરાજને
સખી શ્રીય ગોકુલનો ભુપ, વધાવો વ્રજરાજને
હાંરે એહોનું માહા મનોહર રૂપ, વધાવો વ્રજરાજને

એક સકલ સોહાસણી મલી, વ્રજ કેરે નાર રે
એક આવે ઉતાવળી કાંઈ, વિસરી વિવેક વિચાર રે
એકના મનમાં મોદ ભર્યા, ભલી મંગલ ગાયે ઉચાર ।। વધારો વ્રજરાજને ।।૧।।

એક એક પે આગરી, પહેર્યા પીતાંબર સાર રે
એકે દક્ષિણનાં ચીર પહેર્યા, ચોળીએ મોતીના હાર રે
એકને ચરણે ચુંદડી, એકે સજીઆ સોળ શણગાર ।। વધારો વ્રજરાજને ।।૨।।

એક નાચેને એક ગાયે એક બજાવે તાલ રે
એકને પાયે ઘુઘરા તેનો શબ્દ રસિક રસાલ રે
એક નાર બદે ના કોઈને, એક ઉમંગી ઉમંગી જસ ગાય ।। વધારો વ્રજરાજને ।।૩।।

એક કુંમકુંમ હાથા દેતી, તોરણ બાંધ્યા છે દ્વાર રે
એકે કદલીના ખંભ રોપ્યા, સાથિયા શુભ સાર રે
એક અતિ આનંદસુ, બોલે છે જય જયકાર ।। વધારો વ્રજરાજને ।।૪।।

એક ચોક ચંદન પુરતી ગોત્ર ભાલ છત્રીસ રે
એક કુમકુમ તિલક કરતી, એક દે આશિષ રે
એક ઉતારે આરતી, જીવો શોભાજીનો વીર ।। વધારો વ્રજરાજને ।।૫।।
એમ કહે છે વ્રજની સુંદરી, પ્રભુ પ્રગટયા ભક્તને કાજ રે
એક વદન નિહાલતી અવિલોકે વારંવાર રે
એક માગે વધામણી બલિહારી માધવદાસ રે ।। વધારો વ્રજરાજને ।।૬।।

સખી ભાગ્યરાસે મહાઓચ્છવ કીધો રે

સખી ભાગ્યરાસે મહાઓચ્છવ કીધો રે, મહાપ્રભુજીએ માનીને લીધો રે
અંતરંગનો મનોરથ સીધો ।। સખી ।। ૧
સ્વરૂપાનુભવ ગ્રંથ લખી દીધો રે, અંગીકૃત સૃષ્ટિએ રસ પીધો રે
ચારે દિશામાં પ્રસરી પ્રસિધ્યો ।। સખી ।। ૨
મોહનવર ગોકુલપતિ સંગે રે, તાહાં ભક્ત રત્ન રહ્યા છે રંગે રે
તે તો લીલા કરે છે ઉમંગે ।। સખી ।। ૩
માગસીર સુદી સપ્તમી રસપાગી રે, પહેલી છઠ્ઠ આવી તે સોહાગી રે
અષ્ટમી નવરંગ અનુરાગી ।। સખી ।। ૪
શ્રીમુખે કહ્યું છે જેહવો રે, એહોએ કરી દેખાડયો તેહવો રે
એહોથી જ બની આવ્યો એહવો ।। સખી ।। ૫
સોહાગીએ સોહાગી કીધા રે મહારસનાં દાન તે દીધાં રે
તે તો લીલામાહાં સહુ ગીધ્યા ।। સખી ।। ૬
ભગવદી સહુ સંગે કરીઆ રે, મન વચ કર્મે કરી અનુસરીયા રે
પ્રભુની મનવૃત લેઈ પરવરીઆ ।। સખી ।। ૭
ભોગ સામગ્રીનો પાર ન પાઈએ રે, વાધે ગ્રંથ તે ક્યાંહાં લગી કહીએ રે
તે તો પ્રસંગ દ્વારા સહુ લહીએ ।। સખી ।। ૮
સેવા ચરણ કમલની આપી રે, આપ સમાન કરીને સ્થાપી રે
ચારે દિસામાં રહી છે વ્યાપી ।। સખી ।। ૯
પુષ્ટ પુષ્ટ સ્વરૂપ ઉર લીજે રે, સ્નેહ વિરહ ભાવે સેવા કીજે રે
રસનિધિનો અધર રસ પીજે ।। સખી ।। ૧૦

પુષ્ટ પુષ્ટ મારગ પ્રગટાવ્યો રે, જેનું જેહવું વરણ તેહવો ભાવ્યો રે
તે તો ચાર પ્રકારે સોહાવ્યો ।। સખી ।। ૧૧

અતિ અગાધ વાત કેમ જાણું રે, જીવ તુચ્છ બુધ્ધે શું વખાણું રે
મહેદ ભક્તની કૃપાએ ઉરમાહાં આણું ।। સખી ।। ૧૨

જેહને અનુભવ નથી તેહને કીજે રે, ગોકુલભાઈજીએ ગ્રંથ કીધો મન રીઝે રે
તેહમાંથી સ્વરૂપ ઉર લીજે ।। સખી ।। ૧૩

સખી અન્ય સંબંધથી બચીએ રે, અંત:કરણ રાખવું કરી સચીયે રે
અલૌકિક પદારથ રચીએ ।। સખી ।। ૧૪

મહા પ્રભુજી વિનતી માની લીજે રે, દાસી જાણીને કરૂણા કીજે રે
પ્રેમે રસિક સ્વરૂપ દાન દીજે ।। સખી ।। ૧૫

જગજીવન પ્રભુ તમો જાણું રે, કૃપાશક્તિની કૃપાએ ઉર આણું રે
વલ્લભદાસની કા'ન પ્રમાણુ ।। સખી ।। ૧૬

ભલે જનમ્યા શ્રીગોકુલનાથ

ભલે જનમ્યા શ્રી ગોકુલનાથ સાંભળ સાહેલી
વર વરૂરે શ્રી વલ્લભરાજ વેગે સહુ પહેલી ૧
ભક્તને અર્થે પ્રાગટય હવું ને સરિયાં સહુનાં કાજ રે
સખી સુજાતિ સહુ મળી જઈ જોયા શ્રી વલ્લભરાજ ।। સાંભળ સાહેલી ।। ૨
ગાદી તકીએ બિરાજતાં પ્રભુ બોલે મધુરાં બોલ રે
આ રૂપ રસાલુ જોઈને હું કોને કરૂં સમતોલ ।। સાંભળ સાહેલી ।। ૩
નયન રસીલા રસે ભર્યા ને અધર સોહીએ રસાલ રે
દંત પાંત્ય દાડમકલી ગ્રીવાએ તુલસી માલ ।। સાંભળ સાહેલી ।। ૪
ધોતી ઉપરણો કેસરીને કેસર ભીની પાઘ રે
લેલાટ તિલક સોહામણું આભુષણ સોહે અંગ ।। સાંભળ સાહેલી ।। ૫
પ્રગટ પ્રભુજીને જોઈને મારૂં મન રહ્યું છે મોહી રે
નીરખી મન હરખે ઘણું ગત્ય ભુલી છે સહુ કોઈ ।। સાંભળ સાહેલી ।। ૬
પીઢે પ્રભુજી બિરાજતાને આપણે નમાવતાં શીષ રે
શ્રી હસ્તે માથુ ઉઠાવતા આપણા તે પ્રાણાધીશ ।। સાંભળ સાહેલી ।। ૭

વાત કરતાં વિનવીને વીંટી રહેતાં રાજ રે
અચલ સોહાગી માથ ધણી પહેરતાં નવનવા સાજ ।। સાંભળ સાહેલી ।। ૮
અંગે આભુષણ પહેરતાં ઉપજાવતાં અતિશે મોદ રે
હસી હસી પ્રભુ શું બોલતાં, કરતા તે હાસ્ય વિનોદ ।। સાંભળ સાહેલી ।। ૯
સંસારનું સુખ સઘળું વામ્યાં, પામ્યાં એ વર રૂડો રે
લૌકિકમાં મને કાંઈ ન સુઝે, કાળ દીસે છે કૂડો રે ।। સાંભળ સાહેલી ।। ૧૦
આજકાલની છે નહિ મારે, પુરવ જનમની પ્રીત રે
પોતાની જાણીને પાર ઉતારી, વહાલે, બતાવી રસની રીત ।। સાંભળ સાહેલી ।। ૧૧
નવ જોબન વ્રજભામિની, તે હસી હસી મુખડું જુએ રે
ભુતલ પર ભેદી વળી, માહારા પ્રભુ સમાન નહીં કોઈ ।। સાંભળ સાહેલી ।। ૧૨
માહાપ્રભુ સુખ આપે ઘણું માહારે દુર્લભ આજુનો દિન રે
દીન ઉપર દયા કરો હું થઈ રહી છું આધિન ।। સાંભળ સાહેલી ।। ૧૩
દર્શનમાં સુખ દે છે ઘણું તો શરણે શાનું દુ:ખ રે
રાત દિવસ સેવા કરૂં નિહાળું પ્રભુજીનું મુખ ।। સાંભળ સાહેલી ।। ૧૪
જોયા વિના જીવ આકુળ વ્યાકુળ, કાંઈએ ન લાગે હાથ રે
ભુખ તરસ સર્વે તજી જતી રહી શુધને સાન ।। સાંભળ સાહેલી ।। ૧૫
ગિરિયે પ્રભુ પોધારતા, જોઉં વાહાલાની વાટ રે
પોધાર્યાનો સમય થયો, જોતી રહી વલ્લભઘાટ ।। સાંભળ સાહેલી ।। ૧૬
સદા સર્વદા ગુણ પ્રભુના, સહુ મલીને ગાઓ રે
ચરણે રહી દંડવત કરૂં, બલિહારી દાસનો દાસ ।। સાંભળ સાહેલી ।। ૧૭

નિજ ભક્તને ચરણે નમી

નિજ ભક્તને ચરણે નમી કહું કુળ દીપક એ
તમો સુણજો સહુ મલી સાથ વલ્લભ કુળ દીપકએ ૧
જગવિદિત પ્રાગટય ઝળહલે ।। કુળ ।। તેજોમય શ્રી ગોકુલનાથ...વલ્લભ ૨
શ્રી વિઠ્ઠલગ્રહે પ્રગટીઓ ।। કુળ ।। શ્રી રૂક્ષ્મણી કૂખથી એહ...વલ્લભ ૩
બહુ વિદ્યા રસપાત્ર જે ।। કુળ ।। શ્રી પરિપૂરણ સદા સ્નેહ...વલ્લભ ૪
અતિ દીર્ઘ બુધ્ધિ ઉજ્જવલ બાતી ।। કુળ ।। અદેયદાન તે દીપક જ્યોત...વલ્લભ ૫
માહા જસ પ્રકાશ તેજોમઈ ।। કુળ ।। ચૌદ ભુવન ઉદ્યોત...વલ્લભ ૬

અતિ પ્રચંડ વાયુ આંધિ ચિદ્રુપ ।। કુળ ।। તેથી ડોલે નહીં લવલેશ...વલ્લભ ૭
નિશદિન જ્યોતિ સમાનતા ।। કુળ ।। અજ્ઞાન તિમિર નહિં લેશ...વલ્લભ ૮
કાજલની કાલિમ નહીં ।। કુળ ।। નહિં છાયા, સઘળે ઉદ્યોત...વલ્લભ ૯
અલૌકિક કામ ઉદ્દીપન ।। કુળ ।। ઉકાશ્યા વિના અતિ જ્યોત...વલ્લભ ૧૦
અતિ સિતલ પ્રકૃતિ સદા રહે ।। કુળ ।। નહિ ઉષ્ણતણો લવલેશ...વલ્લભ ૧૧
અલૌકિક દીપ તે એણી પેરે ।। કુળ ।। સહેજ સુગંધ સુવેસ...વલ્લભ ૧૨
એ દીપકને કિરણ અમી ઝરે ।। કુળ ।। અતિ અદભૂત નવલી ભાંત્ય ૧૩
તે અનુભવ વિના બીજો નવ લહે ।। કુળ ।। લહે અનુભવી ભક્તની પાંત્ય...વલ્લભ ૧૪
શ્રીમુખ મધુર વચન કહે ।। કુળ ।। અતિ ઈષદ હાસ્ય અનુપ...વલ્લભ ૧૫
ફુલ ખરે છે તેહ સમય ।। કુળ ।। શુભ સિંચન ગોકુલ ભુપ...વલ્લભ ૧૬
શ્રી ગોસાંઈજીએ શ્રીમુખે કહ્યું ।। કુળ ।। શ્રી શોભાજી આગળ સત્ય...વલ્લભ ૧૭
હરિદાસ તે ક્યાં લગી કંહી શકે ।। કુળ ।। શ્રી વિઠ્ઠલેશ તણી મનવૃત્ય ૧૮
રસી રીત માર્ગ ઉદ્દીપન કર્યો ।। કુળ ।। પુષ્ટ પુષ્ટ તણી જે પેર...વલ્લભ ૧૯
હવે અલૌકિક દાન વર્ણન કરૂં ।। કુળ ।। વેલાઓલી વહે ઘેર...વલ્લભ ૨૦

તે પંચ શલ્ય તેનો પ્રકાર

તે પંચ શલ્ય તેનો પ્રકાર તે વિશદ કરી કહું છુ એહ
એક પ્રભુ સ્વરૂપને બીજા સ્વરૂપને એક કરી જાણે જેહ
ઉત્સવ પ્રભુના ને બીજા ઉત્સવમાં ભેદ કરી જાણે નહિ
મંદિર પ્રભુનું અનો બીજું ઐકયતા આણે નહિં
ગ્રંથ પ્રભુના અનો બીજા ભેદ ન જાણે એહમાં
ને પ્રસાદનું તારતમ્ય નહીં પ્રભુ ખેદ પામે તેહમાં
સ્વકીયના જેમ અભેદ બુદ્ધિ, જનિત બહુ અપરાધ છે
પણ તે માંહે પ્રભુજીયને, એ શલ્ય પાંચની અતિ આદ્ય છે.
અનો એક શલ્યાતીત શલ્ય તો સર્વથી મોટું એહ
જે માહા મહેદ અંતરંગ ભક્તને પ્રવાહી બહિરંગ જે
એ બેહુનો એક કરી અજ્ઞાનથી સમતા કહે
પ્રભુનો સર્વથા જ રૂચે નહીં તો શલ્ય રહે
એહવા દોષથી જે રહિત હોયે, કેવલ સ્વરૂપેજ અનુસરે
એ મહેદ એહવા નિપુણ, તેહસું સંભાષણ કરે

અન્યના જે સ્વભાવનો કૃત્ય, જેની ચર્ચા નાવિ કરે
અનો સ્તુતિ પ્રસંશા સર્વથા, મનમાહાં નાવિ ધરે
સ્વરૂપ નોષ્ટાએ નિપુણ તો, સર્વાત્મભાવી જે કો એ
ભાવ સમ જોગ્યતા રસની, તાપ જુત આરત જ્યાં હોયે
તોહવું આચરણ લક્ષણ કૃત, ઉરમાંહે ગ્રહે
અને અહરનિશ આઠે પહોર, તેહના ગુણ કહેતા રહે
નિ:સંકોચતણા સમુદ્રનો નિશ્ચલ ધીરજવાન જે
જેહને સત્ય ભાવ પ્રભુ ઉપયોગી નહીં કાંઈ આન તે
એ અસદ્ આલાપનો ઉપયોગ વિના નહિ ઉચ્ચારે
અણ ઉપયોગનું કહેવા સુણવા આલસ સંકોચ કરે

જેને શ્રી વલ્લભજી વહાલા

જેનો શ્રી વલ્લભજી વહાલા, નો વલ્લભજી શું રસ રીત
તોહોશું આલાપ મિલાપ, ખાનપાન નો પ્રીત
ખાનપાનના બહુ તારતમ્ય છે, કોણ શકે લહીં
પણ સૂચિનકા માત્ર કહું છું, કાંઈ વિશદ કરી
સમભાવ, જોગ્યતા સમ, આચાર સ્વચ્છતા, એમ કોઈ અને
રતિ આરત નો જે અનન્યતા, પ્રભુએ શું જોઈ અનો
તોશું કરે છે, સખડી વહેવાર, ભાર મન આણી અનો
નિર્દોષતા, નો સ્નોહ ઉદારતા, મન તણી જાણી અને
સામગ્રી નો જલ વહેવાર, એણીપોરે હોયે વલી
નિવેદન પ્રભુએ કરાવ્યું હોય, તેહો સંગ રસ (સઉ) ભલી
કોણો કર્યું નાથી નિવેદન નો, શ્રીમુખ જોયું નાથી
શ્રીગોકુલ પણ જઈ શકય નાથી, કાંઈ અનુરોધથી
તોની આતુરતા સન્મુખતાએ, કાજ સહુ સીધું
નિવેદનનો કર્યો ન વિચાર, તેહો ઘેર જઈ લીધું.
તોહોના મન ધર્મ ઉત્તામ જોઈ, અનો સન્મુખતા જોઈ
રૂચિ સહિત સખડી પરજંત, લે છે ત્યાંહાં સહુ કોઈ
એક દોષે, ઘણાં ગુણ, ઠેલી નાખે વિષ કરી
એક ગુણ જોઈ દોષ, અનોક ન ગણિયે હિત ભરી

એક ગુણ જે સ્વરૂપ સન્મુખતા, બીજું કાંઈ નહીં લહે
તેહના દોષ અનેક ગણિયે, દીઠે ને સુણે કહે
એક દોષ જે સ્વરૂપે સન્મુખ નહીં ને માંહે ગુણ ઘણા
તો તે ગુણ શે આવે ઉપયોગ, જદ્યપિ બહુ તેહ તણાં
કહેનો ઘેર સ્ત્રી કે વહુ બેટીએ સમરપણ કીધું
તેણે પુરૂષે પોતે પ્રણામ કરી, અને ઘેર લીધું
પણ બીજા સહુ મન ધર્મ આચાર જોયા પાખે
તેના હાથે કો સખડી લે નહીં મર્યાદા રાખે
ને તે પુરૂષ જાત પોતા માટે, પોતા તણે લે ઘેર
બીજા તે ઘેર સર્વ લે ત્યાંહાં એહવી છે પેર
કેહનો ઘેર કો લેતા નથી, અને એહોને મલતી પાણ
તે તો એકલા જઈ ત્યાંહાં, પ્રસિધ્ધ લે સ્નેહ તણી કાન
કો'એ સહુનો લેવડાવે છે ઘેર, પોતે કહી લે નહીં
કો'એ સહુને ઘેર લેવા જાએ, ને ઘેર કોઈ આવે નહીં
કો શ્રીગોકુલ ગયા બહુ વાર, નિવેદન કરી આવ્યા
પ્રભુજીસુ વારતા ગોષ્ટ, પ્રભુજીને મન ભાવ્યા
પણ તેહના જોઈ મન ધર્મ, ત્યાંહાં કોઈ લે નહીં
ખાનપાનમાં અનેક પ્રકાર, વિશદ કરશું કહીં
કોઈ જ્ઞાત ને કોઈ વરણમાં, વલ્લભજી વહાલા જેહને
નિજ કુટુંબ વિમુખ જોઈ અને, મેહેલી જઈ ભલે તેહને
કો પ્રસિધ્ધ પ્રગટ ભલે આવી, કો છાના છાના મલે
કીરતન કે ઉત્સવે ખાનપાન, સમાગમે સહુ ભલે
એકરસ ને પરસ્પર પ્રીત, રીત રસની ઘણી
દેહ પ્રાણ સમરપણ કરી રહે, જાણે શ્રી ગોકુલધણી
પ્રીતની પરમિત નહીં, અને ન કેહનો પોતાતણું
પરમારથે સહુ સોંપી રહે, દોષ નહીં અણું
જ્યાંહાં પ્રેમ ત્યાંહાં પ્રેમ તણી વસ્તુને સોંપી રહે
વિનિયોગ ઉલટ ભર આણે, કૃતારથ કરી લહે
પ્રભુસમ લહી અને એ, સમરપણ કરે છે અંગનું
વિષય રહિત પ્રેમ વ્યસનત્વે શું કહું એહના સંગનું

પ્રભુ શું અનન્યવૃત, તેમ અનુકરણ લહે
એહનો દીઠે સુફલ કરી માને, નો મન સોંપી રહે
જેહનો મિલણો સ્વરૂપ રસ વાધે, સાધે એ સ્વરૂપનો
મિલી એક રસભર, જુએ છે સુંદર સ્વરૂપનો
એહ છે સર્વસ્વરૂપનો, હેતે સ્વરૂપ અલભ્યો કર્યું
જ્યારે સ્વરૂપરસે અતિ વાધી, ત્યારે રહ્યું સહુ ધર્યું
જ્ઞાન અજ્ઞાન ચઈતન્યતા નો, ભૂલો અનુસંધાન
એથી અધિક ઈતર રસ કો નહીં તે સમ કરવા આન
એ પરસ્પર ભગવદ્ ભાવ, વિશદ થાએ નહીં
એ છે અનિરવચનીય, અનુભવ લહે, કહીએ તે શું કહીં

વૈષ્ણવ જનને કરૂં વિનતી

વૈષ્ણવ જનનો કરૂં વિનતી, શિર નામી કર જોડીજી
કાંઈ એક વાત વસી મન માહારે, યદ્યપિ બુદ્ધિ છે થોડીજી ૧
મન માનો તો મનમાં ધરજો, જો જો હૃદય વિચારી
અણ પ્રીછુ અણ ઘટતું કહું, તો પ્રીછવજો વિસ્તારી ૨
વેદ પુરાણ પ્રમાણો ન જડે, એહ છે અભિનવી વાત
સ્નેહપથ શુભ શીલ સુભાવી (સુભાગી), એ માંહે વિક્ષાત ૩
તે સિધ્ધાંત સુણો તો ભાખોં, કાલી ગેહેલી વાણી
શ્રી ગોકુલનાથ ભજવા ભાવે, શ્રીગોકુલનાથ જ જાણી ૪
અન્ય અનોક પ્રકારે ધાયે, માહાત્મ્ય મનમાં ધરતાં
તે સઘલા સ્વારથ સુખ સાધક, સુણીએ એમ ઉચરતા ૫
કોઈ કહે એ પુરૂષોત્તમ પ્રગટયા, કોઉ કહે વલ્લભ રાજ
કોઉ કહે વિઠ્ઠલ વંશવિભૂષણ, વિષ્ણુસ્વામી મત કાજ ૬
કો કહે એથી ભક્તિ પામીએ, ગિરિવરધર કેરી
કોઉ કહે એહનો શરણ ગયે, યમ કિંકર ન શકે હેરી ૭
કો કહે એહનો ઈશ ઓલખે, નિગમ નેતિ કરી ગાયે
કોઉ કહે એનું નામ જપતાં, પાતક દૂર પલાયે ૮
કો કહે માયાવાદ વિહંડન ખંડન પંથ પાખંડી
કો કહે છે કલિયુગમાં, એણે જીત્યો કુમતિ કુદંડી ૯

કો કહે એ શરણાગતવત્સલ, કરુણાસિંધુકૃપાલ
કો કહે એ વલીનો વ્રજમાં, વસિયા શ્રીગોપાલ ૧૦
કો કહે એ અવતર્યા જગતગુરુ, અધમ જીવ ઉધ્ધારવાં
ધર્મધુરંધર સકલ ધર્મની પ્રગટયા રક્ષા કરવા ૧૧
એહવા અન્ય અનેક પ્રકારે, પ્રભુજીને મોટા જાણી
સ્વારથનિપુણ સદા તે સેવે, માહાત્મ્ય મનમાં આણી ૧૨
હું નહી જાણું કોણ પુરૂષ એ પ્રગટયા છે શું કાજે
એક જ જાણું શ્રીગોકુલપતિ; શ્રીગોકુલ મધ્ય બિરાજે ૧૩
એની લીલા નયણો નીરખું, શ્રવણ સુણું મુખ ગાઉ
એહના સેવકના પદ વંદુ હું પાછલ થકો પલાઉં ૧૪
એહ છે મહારે પરમ પ્રાણધન, જીવ તણા આધાર
જેણે કરી એ પ્રભુજી રીઝે કીજે તેહ પ્રકાર ૧૫
એહ પ્રભુને હરિની લીલા, વાહાલી તે કારણ મેં ગાઈ
યેનકેન ઉપાયે રહેવું, એહનું ભલુ મનાવી ૧૬
જો રૂઠે તો એહોની ઈચ્છા, ત્રુઠે તો નહીં રાચું
એહશું નેહ નિરંતર વાંચ્છું, બીજું કાંઈ ન જાચું ૧૭
જોએ સ્વર્ગ તણાં સુખ આપે, અથવા નરકે નાખે
અથવા લેઈ વૈકુંઠ વસાવે, અથવા વૃજમાં રાખે ૧૮
જેમ રાખે તેમ રહું મુદિત મન ચરણરેણું અનુરાગી
એ વિના અવર ભજન નવ જાણું, એહવી મતિ મેં માગી ૧૯
વાદી કહે છે પ્રભુ પોતાના, મોટા તેમ તેમ રૂડું
તે મોટપ મન ધરી, સેવતાં, કહોજી શું છે કુડું ૨૦
ત્યાંહાં હું કહું છું તે જન પ્રભુની મોટપનો આરાધે
સ્વરૂપશું સંબંધ નથી ને, મનવાંછિત ફલને સાધે ૨૧
મોટા હોય તે મહા સુખ આપે, એહવો એહનો ભાવ
તે માટે મેં કીધી ભાઈ, એહ સઘલાની રાવ ૨૨
રાવ કરી પણ ભાવ ધરીને તેહોને કરૂં પ્રણામ
બડભાગી વાહાલા તે મુજને, જે લે શ્રી વલ્લભ નામ ૨૩

એ તો મત માહારે મન માન્યો, જેમને ગમે તો ગ્રહજો
નહીં તો સ્નેહ શૂન્ય થઈ અલગાં, ફલ માનવા રહેજો ૨૪
પણ નારાયણ કરે વિનતિ, કૃપા કરી સાંભળજો
પછે જેમનો જેમ રુચે તેમ, તેવે મારગ પાળજો ૨૫

ભક્ત અનેક પ્રતિ ભક્તને

ભકત અનેક પ્રતિ ભકતનો ભાવ તણો નહિં પારજી
ભાવ સમ જોગ્યતાએ કરી દાનનો અનેક વિસ્તારજી
એકને દાન પોતે કર્યું, જોગ્યતા કરીએ સમાનજી
જેહવો રસ આપુ અનુભવ કરે, તેહવાકર્યા ભાગ્યવાનજી
જે ધર્મ સ્વરૂપમાં રસતણાં, તે ધર્મ ભકતોમાં કરીયાંજી
રસો પ્રોજીનો પુરણ કરી રસિક ભાવે સહુ ભરીયાંજી
આનંદ-માત્ર-કરપાદ-મુખસ્વરૂપ, તેમ ભકત તે તેહવાજી
પ્રાણ વલ્લભે પ્રાણ સમ કરી, રસહીતે કીધા તે એહવાજી
અગણિતાનંદ સ્વરૂપ એ અગણિતાનંદ છે એહોના ભકતજી
ઉભય રસ અનુભવે પ્રતિક્ષણું, ઉભયતાએ અનુરકતજી
એક સમાજને જોઈ અને, બીજા ઉપર કરે શુભ દ્રષ્ટિજી
અનુભવ્યાને આરત ઘણી, અનુભવે તેહોને રસ વૃષ્ટિજી
એ ઉભય આરતસેં મત્ત રહે, એણી પેરે હોયે રસભોગજી
પ્રભુને એહોની આરત દહે, સુખ લહે કરી અને સંયોગજી
ભકતનો વિપ્રયોગ કરી, વિપ્રયોગારત ઘણીયજી
અંતર અસહી પરિતાપે વિહ્વલ રહે ગોકુલ ધણીયજી
એમ નિમેષ માંહે ઉભયને ઉભય રસ, ભાંતી ભાંતી હોય રસ રીતજી
ભક્તના રૂદયને ભક્તજુત, આવી બેસે છે કરીયને પ્રીતજી
ભકત દ્વારા રસ પ્રગટ હોયે, જ્યાં ત્યાં ઉભય સંયોગજી
તેહ રસ સર્વનો આપ પ્રભુજી પોતે કરે રસભોગજી
ભકતનો સુખે સુખ કરી લહે ભકત સંતુષ્ટ હોયે સંતુષ્ટજી
એ પ્રાણ વલ્લભે કરૂણા કરી એહવા કીધા છે ઉત્કૃષ્ટજી

સ્વકીય સુજાતી ભીતર જાયે છે

સ્વકીય સુજાતી ભીતર જાયે છે, માહા પ્રસાદ લેવા મન તેઉંમાહે છે ૧
એ પ્રસાદનું સખી હું તે સું કહું, કહેવા જોગ્યતા નહી હું મન એમ લહું ૨
એ પ્રસાદ શ્રી વલ્લભલાલનો, મેં લીધો શ્રી રૂક્ષ્મણી બાલનો ૩
એ પ્રસાદ અનુપમ અભિનવો, એહવો ભૂતો ન ભાવી કંઈ હવો ૪
શ્રી પ્રસાદના સ્વાદનું સું કહું, લીધો સોહવ બલે સુખ મન લહું ૫
એ માહા પ્રસાદ જગમગતી જ્યોત છે, સ્વકીય આપે છે પરમ ઉધ્યોત છે ૬
એ પ્રસાદ લઈ ભક્ત મસ્તકે ધરે, એ પ્રસાદને નમન કરી સ્વકીય ફરે ૭
શ્રી વલ્લભજીનો પ્રસાદ એ સાર છે, માહારે સર્વસ ધન એ અપાર છે ૮
એ પ્રસાદ ઉપર હું વારૂ છું, સરવસ ધન અંગ ઓવારૂં છું ૯
એ પ્રસાદ દુર્લ્લભ હવે કેમ પામું, પ્રિતમ કૃપા કરે તો દુ:ખ વામું ૧૦
એ પ્રસાદને મન ઘણું લોચે છે, આઠે પહોર એ આસા ધરી સોચે છે ૧૧
પ્રીતમ બલે એહ સુખ હવે લહું, સાંભલો શ્રી વલ્લભ હું તમને કહું ૧૨
માહારે તમ વિના એકોય બલ નથી, સંસાર માંહાં ક્ષણું મુહને કલ નથી ૧૩
એ સ્વરૂપ સુખદ અતી રસભર્યું, ભોજન કરી પોધાર્યા ભક્તે સુખ ધર્યુ ૧૪
શ્રી અંગ નીરખે રૂચી અતી ઘણી, ઉભય મુસકની પરમ સુંદર બણી ૧૫
પ્રિય લટકંતો લડંતો માહારાજ છે, એહો કને રસનો બહુ સાજ છે ૧૬
તે દેખી જુવતી જન મોહે છે, શ્રી અંગે શોભા બહુ શોભે છે ૧૭

શ્રીગોકુલેશવર રસિક સ્વરૂપજી

શ્રીગોકુલેશવર રસિક સ્વરૂપજી, ભકતનો અર્થે પ્રગટયા ભૂપજી ૧
સદા સર્વદા લીલા એ રાજેજી, ભક્ત સહિત શ્રીગોકુલ ગાજેજી ૨
એ લીલા છે રસનું રૂપજી, અનુભવી જાણે એહ સ્વરૂપજી ૩
પરમ ભક્ત મોહનભાઈ જેહજી, માહાપ્રભુ શું છે અતિ ઘણો નેહજી ૪
પ્રભુવિણ ન્યારા ના રહે ક્ષણું અજી, સ્વરૂપ ના જાણ્યું કોઈએ એહો તણું અજી ૫
એ પ્રભુનો ભાગ્યરાસ જ જાણેજી, જીભ્યાએ કરી કયેમ વખાણેજી ૬
પ્રભુના રસમાંહાં એહ સોહાગીજી, સદા રહ્યા શ્રીચર્ણે લાગીજી ૭
જ્યાંહાં પ્રભુ ત્યાંહાં એહો છે પાસેજી, એહો જાણે વાહાલાનો આશયજી ૮
એહોને હાથ છે સ્વરૂપ રસાલજી, વશ થઈ રહ્યા છે શ્રીવલ્લભલાલજી ૯
સેવા કરી એહોએ સુખસારજી, તનુજા વિત્તાજા મોદ અપારજી ૧૦

વરસ દિવસ લગી ઉપયોગ આવેજી, સામગ્રી જે સ્નેહ લાવેજી ૧૧
સદાસર્વદા વાત્સલ્ય કરેઅજી, વ્હાલાજીનું સ્વરૂપ તે ઉરમાં ધરેજી ૧૨
સામગ્રી જે આવે ઉપયોગજી, ભોગરાગ રસ અતિ સંજોગજી ૧૩
કરે મનોરથ ઉત્સવના બહુઅજી, તે અનુભવી જાણે છે સહુઅજી ૧૪
પરમ રસિક ગોકુલભાઈ ભક્તજી, તેહોએ ગ્રંથ કીધા અનુરક્તજી ૧૫
તે માંહે છે અતિ વિસ્તારજી, તેથી લેહજો સુખનું સારજી ૧૬
કહીએ હવે તે બીજો પ્રસંગજી, વ્હાલાજીની સેવા અતિ રસરંગજી ૧૭
પરમ ભક્ત ગોકુલભાઈ એહજી, કરે સેવા શ્રીચરણે તેહજી ૧૮
એહોની સ્થિતિનો કરૂં તે વિચારજી, સેવાને અર્થે મોદ અપારજી ૧૯
પરમભક્ત પરમ સંજોગીજી, એહોની સ્થિતિ છે પ્રિય ઉપયોગીજી ૨૦
તેહ કહું છું કાંઈ એક આશોજી, સાંભળજો ભક્ત એ બેઠા પાસજી ૨૧
તમારા અનુભવની છે વાતજી, ફુલ્યાં ભક્ત સહુ અંગ ના માતજી ૨૨
પરમ ભક્ત ગોકુલભાઈ દીઠાજી, તેહને અતિ ઘણું લાગ્યા મીઠાજી ૨૩
તે જાણે ભાઈશ્રીનું રૂપજી, તેહોને પ્રિય એહ સ્વરૂપજી ૨૪
ભાઈશ્રી ઉઠે પાછલી રાતજી, કરે તે દંડવત ભાવે પ્રાત:જી ૨૫
સ્વરૂપ વહાલાનું તે ઉરમાં ધરેજી, એહ સમેની સુરત બહુઅ કરેજી ૨૬
પછે ન્હાવાને વેગા તે આવેજી, ચરણામૃત લેઈ વ્હાલાને ભાવેજી ૨૭
ન્હાએ રુચિ શું નિત્યની બાણજી, તપ્ત જળ બહુ એહોને સોહાએજી ૨૮
અંગ અંગોછી ધોતી ધરેજી, ઓઢે ઉપરણો શિષ તે પરેઅજી ૨૯
બેસી ધરે તિલક મન ભાયેજી, શ્વેત ચંદનનું એહોને સોહાએજી ૩૦
વેગે કરીઅજી મંદિરને પાસજી, હસ્ત પખાલી અતિ હુલ્લાસજી ૩૧
તાળાં ખોલે વેગે ધરીઅજી, આસન આગળ દીવી ધરીઅજી ૩૨
આસન તણાં તે બિછાનાં કરેઅજી, સાજ તે સઘળા આણી ધરેઅજી ૩૩
દીપકજ્યોત ત્યાં અતિ ઝળહળેજી, શોભા આવી એમાંહે ભલીઅજી ૩૪
છાંણી જળ ભરે પાત્ર અપારજી, ગડુઆ તસ્ટી કાઢે તે વારજી ૩૫
પછી સમેની અપેક્ષા કરેઅજી, જોઈ નક્ષત્ર તે વેગા ફરેઅજી ૩૬
થયો અરુણોદય લહયો અંતે જ્યારેજી, સેજ્યા પાસે આવ્યા તે ત્યારેજી ૩૭
જગાવા મહાપ્રભુ વિનતી કરીયજી, કહ્યો પ્રબોધ તે રસમાંહે ભરીઅજી ૩૮
કરી દંડવત સુપૈતી લીધીજી, શ્રીમુખ જોઈ આશીષ બહુ દીધીજી ૩૯
હસ્ત ફેરવે શ્રીઅંગ પરજી, પછે પધરાવ્યા શ્રીવલ્લભ વરજી ૪૦

ચોકી ઉપર બેઠા સોહેજી, ઉપરણો ઓઢયો મન તાંહાં મોહેજી ૪૧
ચોકી ઉઠાવી ભાઈશ્રીએ હાથજી, પધરાવ્યા સ્નેહે પ્રાણનાથજી ૪૨
આસન ઉપર બેઠા રાજેજી, ઉપરણો ઓઢયો સુંદર છબિ છાજેજી ૪૩
જ્યારે જેહવો ઋતુ સમે આવેજી, ત્યારે તેહવું ઓઢે સોહાવેજી ૪૪
પછે તે શ્રીજી દંતધાવન કરેઅજી, ભાઈશ્રી તસ્ટી ગડુઓ-ધરેઅજી ૪૫
દંતધાવન કરી વેગા થાયેજી, ઉપરણો મુખવસ્ત્રનો તે સોહાએજી ૪૬
શ્રીમુખ પૂંછન કરીયું વેગેજી, એહોની બાંણ છે નિતને નેગજી ૪૭
પીઢા સ્થલે તાહાં ગડુઆ ધરીઆજી, દ્વાર મંગળ કરી ભાઈશ્રી ફરીઆજી ૪૮
પછે સેજયા મંદિરમાંહાં આવેજી, સેજયા તણો તે સાજ ઉઠાવેજી ૪૯
નિજ સેવક તાંહાં પોછી પોતેજી, બાંધી છાત પિછવાઈ સોહે તે જી ૫૦
દ્વાર ઉઘાડી ભાઈશ્રી આવ્યાજી, આસન પાસે ઉભા ભાવ્યાજી ૫૧
ગાદી તેલ બિછાવણું લાવ્યાજી, ભાવ અનેક અતિશે સોહાવ્યાજી ૫૨
બિછાવી ગાદી પધરાવ્યા નાથજી, ભાઈ અનેક અતિશે સોહાવ્યાજી ૫૩
કંગઈ ધરી ફુલેલ લગાવેજી, ભક્ત સરિક ત્યાંહાં નિરખવા આવેજી ૫૪
કરે પંખો તે રુચિ શું કરેઅજી, સુંદર ભાવે તે ઉલટ ભરિયાંજી ૫૫
જેહેવી રીતુ તેહેવું તાંહાં કરેઅજી, અંગુઠી આગળ લેઈ ધરેઅજી ૫૬
શ્રીઅંગનો લગાવે તેલજી, ચાલે તાંહાં અતિ રસની રેલજી ૫૭
એણી ભાંતે થાએ તેલાભ્યંગજી, તેલ સોહાય બહુ શ્રીઅંગજી ૫૮
એ શોભા દીઠે બની આવેજી, અનુભવીને એ ચિત્તે સોહાવેજી ૫૯
જળ સમોઈને સિદ્ધ તે કરિયાંજી, હાંડે ભરી બહુ તે ત્યાં ધરિયાંજી ૬૦
ન્હાવાની કસોડી છે અતિ સારજી, રાખી પાસ મોદ અપારજી ૬૧
કેસરરસ બહુ કહોરે ભર્યાઅજી, જલગુલાબ સાંધો માંહાં ધર્યા અજી ૬૨
તેલ ચંબેલી ભોળાં એહજી, સુખદ ઘણું વહાલાને તેહજી ૬૩

એવી સજ્યાને જોઈ જોઈરે

એવી સજ્યાને જોઈ જોઈ રે, નિત્ય ભામણડા લીજે;
તન મન ધન સર્વસ્વ એકત્ર રે, કરી ન્યોછાવર કીજે. ૧
રમકતી ઝમકતી અતિ ઠમકતી રે, જોબન ભાર ભરીય;
માનભરી સૌભાગ્ય ભરી રે, ગર્વભરી મદભરીય. ૨

ભૂષણે ભરી, શૃંગાર ભરી ગુણ ભરીય;
પ્રભુજીને અભિલાખે તે ભરી રે, રસ અભિલાખા તે ભરીય. ૩
પ્રેમે ભરી પ્રેમાનંદે ભરી રે, અતિ ગૂઢ આશાએ ભરીયે;
મનોરથતરૂ શતશાખા ભરી રે, રતિરસ આશાએ ભરીય. ૪
ઉલટ ભરી પ્રમોદ ભરી રે, દાન સમોહે ભરીય;
અગણિત ભાવ રસાલે ભરી રે, કામ કૌતમે ભરીય. ૫
ઉદ્‌બોદક બોધક રસ ભરી રે, કામ ઉત્સાહે ભરીય;
ઉપરકાર રૂપ દયાએ ભરી રે, અદ્‌ભુત કરૂણાયે ભરીય. ૬
આકર્ષણ વિદ્યાએ ભરી રે, મોહન વિદ્યાએ ભરીય;
સોંધે ભરી સુગંધે ભરી રે, અતિ વૈભવ પરીવરીય. ૭
રમણધામ રસકામ પૂરક રે, પ્રભુના સુખનું વિરામ;
ભક્તભાવ પૂરક નિતપ્રતિ રે, ભક્તતણું અભિરામ. ૮
ઉર આસન બેસાડીને રે, વહાલાને વિલસાવે;
એહનું વર્ણન વિશદ કરી રે, વચનને કહેતાં ના'વે. ૯
એહને મન મનોરથ અતિશય રે, વહાલો વેગે પધારે;
મહારો રસવૈભવ જે સુખદ રે, તે ક્યારે સત્કારે. ૧૦
હવે ક્ષણુ વિલંબ હોએ અસહી રે, તે રહ્યો નવ જાએ;
પ્રિય વિણ રહી ન સકે એક પલ રે, પલે તે જૂગ સમ થાએ. ૧૧
એમ આરત બાંધી અતિસેરે, વાહાલાને વિપ્રયોગ;
પ્રાર્થના પ્રેમે તે કરે રે, વેગે હોએ સંયોગ. ૧૨
એવી બડભાગી સજ્યા રે, તે ભક્તે સિદ્ધ કીધી;
નમન કરી ઉર અંતરમાંહાં રે, અતિશય આશીષ દીધી. ૧૩
તનીયૌ લેઈ પીઢા ઉપર રે, ઘુંટી કોમલ કરીઓ;
કુસુમ સુવાસે સુગંધે ભરી રે, સિદ્ધ કરી ને ધરીઓ. ૧૪
એહવી સુખદ સજ્યા ઉપર રે, વારૂં કોટિક માર;
દાસ ગોપાલનું સર્વસ એહ રે, જીવન સંપન્ન તે સાર. ૧૫

શ્રીગોકુલેશ જીવનધન

શ્રીગોકુલેશ જીવનધન, છે સર્વસ્વ આપણું એહ, વિઠ્ઠલજીનો લાડીલો.
જીરે ભક્તનો હેત પ્રગટ હવા, શ્રીવલ્લભવર ભર્યાનેહ. વિ. ૧
જીરે ગોકુલપતિ શ્રીગોકુલનાથજી, બિરાજે શ્રીગોકુલ ગામ. વિ.૨
જીરે મહાપ્રભુ સકલશિરોમણિ, એ છે રસિયાતણો સુખધામ. વિ. ૩
જીરે રસભર્યા શ્રીપુરુષોત્તમ, ત્રણ લોકમાં વિખ્યાત વિ. ૪
જીરે અલૌકિક પ્રાગટય અદ્ભુત, શ્રીગોકુલેશ સાક્ષાત્. વિ. ૫
જીરે વિઠ્ઠલજી શ્રીગુસાંઈજી, એ ધન્ય ધન્ય એમનાં તાત. વિ. ૬
જીરે શ્રરુક્મિણીજી સોહાગિયાં, ધન્ય ધન્ય એમનાં માત. વિ. ૭
જીરે પારવતજી એ વર પામ્યાં, સુહાગ પૂરણ છે અનુપ. વિ. ૮
જીરે લીલા એ રસિક અગાધ છે, તે વહુજી છે મહા રસરૂપ. વિ. ૯
જીરે એણે ભાવે સૌ ભક્તને, દાંન આપે શ્રીવલ્લભલાલ. વિ. ૧૦
જીરે સર્વસ્વ ભાવ એ ભક્તને, પૂરણ કરે મહા કૃપાલ. વિ. ૧૧
જીરે શ્રીઉત્સવ એ પ્રગટ દિન, દાન આપે છે ગોકુલભૂપ. વિ. ૧૨
જીરે માગશિર સુદ સાતમ ભલી, એ દિવસને સમતા સ્વરૂપ. વિ. ૧૩
જીરે ભક્ત સહુ મનોરથ કરે, શ્રીઉત્સવ બહુય પ્રકાર. વિ. ૧૪
જીરે પ્રાગટય સમય સુહામણો, પ્રગટયો આનંદ અપાર. વિ. ૧૫
જીરે કેશરે ન્હાયે શ્રીવલ્લભવર, નખશિખ લગી ભર્યો બહુ રંગ વિ. ૧૬
જીરે ધોતી ઉપરણા કેશરી, ભર્યા રંગ સુંદર ધર્યા અંગ. વિ. ૧૭
જીરે તુલસીમાલા કંઠે ધરી, ભૂષણ બહુ અંગ સોહાય. વિ. ૧૮
જીરે શ્રીરસિક સ્વરૂપ મહા રસભર્યું, રસિયા સૌ જોઈ જોઈ મોહે. વિ. ૧૯
જીરે કેશરી તિલક ભાલ પર, એ ઝલકતું મહા સુહાય. વિ. ૨૦
જીરે યશનું તિલક શ્રીમસ્તક, ચૌદ લોક લગી પચાગ. વિ. ૨૧
જીરે પાટ બેસાડયા વલ્લભવર, કરે આરતી મંગલ કાજ. વિ. ૨૨
જીરે મહાદાન આપે ભક્તને, પૂરણ કરે શ્રીમહારાજય. વિ. ૨૩
જીરે તન મન વારી સર્વસ્વ ધરે, શ્રીચરણે આવી રસબાલ. વિ. ૨૪
જીરે આનંદસાગર ઉલટયો, તેમાં ઝીલ્યા રસિયા રસાલ. વિ. ૨૫
જીરે મહા પુષ્ટ પુરણ કરી, ભાગ્ય ફલિયાં એ ભગવદી સાથ. વિ. ૨૬
જીરે મહદ સંગથી એ પામ્યાં, રસભર્યા શ્રીગોકુલનાથ. વિ. ૨૭

જીરે એહ સ્વરૂપ શ્રીઉત્સવ એ, કો જાણશો તે ધન્ય ધન્ય. વિ. ૨૮
જીરે થાશે મનોરથ પૂરણ, સહુ સાથ સુજાતિ સંપન્ન. વિ. ૨૯
જીરે વલ્લભદાસ અનુભવ લહે, મહા શ્રીઉત્સવનો સાર. વિ. ૩૦
જીરે મસ્તાક શ્રીચરણે ધરૂં કહું ચિરંજીવો પ્રાણાધાર. વિ. ૩૧

હું એ તમને પુછું રાણી રૂકમણિ

હું એ તમને પુછું રાણી રૂકમણિ, રંગ રોળ્યા રે,
તમે શ્રીવલ્લરાય જાયા, મનોરથ પૂર્યા રે૦ ૧
પાલક પગ દૈ જાઈયા, રંગ. નીલછડી, નાર વધેર્યા. મ. ૨
જલ સાથે કેશરે ન્હવરાવીયા, રંગ. ચોખા સાથે મોતીડે વધાવીયા. મ. ૩
રતન પલંગડી પોઢાડીયા, રંગ. જાંદર ચીર ઓઢાડયાં. મ. ૪
કંકુના છડા દેવરાવીયા, રંગ. મોતીના ચોક પુરવીયા. મ. ૫
મંડપ છાયો મોગરે, રંગ. ફૂલડે છાઈ છે વાટ. મ. ૬
કદલીના ખંભ રોપાવીયા, રંગ. તોરણ બાંધ્યા દ્વાર. મ. ૭
શેરીયે કાચ ઢળાવીયા, રંગ. અગર ઉખેવ્યા અપાર. મ. ૮
આવો મલોરે સુહાસણી, રંગ. મલીને મંગલ ગાવો. મ. ૯
કૃષ્ણદાસીયે નામ જ પાડીયાં, રંગ. શ્રીગોકુલેશજી કહીને બોલાવ્યા. મ. ૧૦
શોભાજીયે, નામ જે ધરાવીયું, રંગ. આયો આયો રે ગોકુલકેરો રાય. મ. ૧૧
શ્રીગુસાંઈજીએ પ્રાગટય જાણીયું, રંગ. શ્રીવલ્લભ કહીને બોલાવ્યા. મ. ૧૨
જગત પુરુષોત્તમ પ્રગટીયા, રંગ. પૂર્યા મારા મનડાના કોડ. મ. ૧૩

વિનંતિ કરું શ્રીવલ્લભ પ્રભુ

વિનંતિ કરું શ્રીવલ્લભ પ્રભુ, અંતરગત જાનો,
ચરણશરણ રાખે સદા, જીવ જગત લોભાણો. ૧

અવગુણ મારા અનેક છે, હરિ હૈયે ન ધરશો,
હું અબળાની વિનંતી, જાણી કરુણા કરશો. ૨

છેલછબીલા શ્રી વલ્લભજી, આંખલડી અણીયારી,
અંગે આભુષણ શોભીતાં, લટકે વનમાલા. ૩

કમલ કોમલ મુખ માધુરી, દરશન દીનને દેજો,
દૈવી જીવ ઉદ્ધારણ કારણ, બિરદ પૂરણ કરજો. ૪

હું અજ્ઞાની આ મર્મમાં, પ્રભુ કાંઈ નવ જાણું,
કહાડોને ભવમાંથી કરગ્રહી, શોભા વદન વખાણું. ૫
વિરહ આપો મારા વાલમા, વૃદ્ધિ ભાવ જણાવો,
વાટ મા જોશો સાધન તણી, રસ મનમાં ભરાવો. ૬
ભટકી કાળ કાંઈક વહી ગયા, વિષય રસમાતા,
શરણ સમર્પણ પામીયો, તોય રંગે છે રાતા. ૭
તમારે બળે ત્રિભુવન ધણી, જીવનરૂપ જણાશે,
લોક વહેવારે વૈદિક તણી, મરજાદા જાશે. ૮
શરણાગત હું શ્રીહરિ, એવું મન ઉપજાવો,
દાસ પોતાનો જાણીને, હવે વાર મા લાવો. ૯
તમો તો વચન પ્રભુ પાળિયા, ભુતલ પાંઉધારી,
વંશ પ્રકાશ કીધો ભલો, લીલા અવતારી. ૧૦
પ્રકટ અનુભવ આપીને, સુખ રાસ દેખાડચા,
જેવો મનોરથ જેહનો, તેવા રંગે રમાડચા. ૧૧
કરુણા તણી કૃતી શું કહું, કોઈ પાર ન પામે,
જીવ પડયો જંજાળમાં, ખેંચી આણ્યો છે કામે. ૧૨
જેમ જેમ જન વિનતિ કરે તેમ તેમ તમે કીધું,
અંગીકૃત્ય જે જીવ છે તેનો સર્વ સુખ દીધું. ૧૩
આ અઢળક અવતારમાં, અળવા તે અભાગી,
દઢ આશરો જેને નાથ શું, તે તો સદાય સુહાગી. ૧૪
આ લીલા આગે નવા સુણી, હવે પાછળ રડશો,
અખંડ લીલા કલિકાલમાં, બડભાગી જોશો. ૧૫
શ્રીવલ્લભજી સુખકારી વ્હાલા દર્શન આપો,
વ્રજરજમાં મન રાખજો, ભવ બંધન કાપો. ૧૬
કૃત્ય અમારા કરોડ છે, નરસામાં નરસા,
દાસનો દાસ વિનતિ કરે, પ્રભુ પદરજ પરસો. ૧૭

વિવાહ ઓચ્છવના પદ, શોભન અને ધોળ

(રાગ – ઈમન)

અબ ગૂંથી લાવોરી માલનિયાં સેહરા
શુભ ઘરી શુભ દિન શુભ મુહૂરત, લાગ્યો બનાસોં નેહરા.....
હાર ચમેલી ગુલાબ નિવારો, મહેકત આવે કેવરા,
બના બન્યોરી નવલ વલ્લભ પિય, શ્રીગોકુલમેં ગેહરા. અબ.

(રાગ – સારંગ)

હીરા રતન જટિતકો સેહરો, સોહત વલ્લભ નાગરશીષ
શુભદિન શુભ લગન સાધિ, ગાવત મંગલચાર બધાઈ,
સુનિલો અબલા મિલિ દસવીસ (૧)
બ્યાહન ચલ્યોરી વલ્લભવર બનિ ઠનિ બહુ ભાતિન,
જીયો કોટિ વરીસ,
વૃન્દાવન આજ વિઠ્ઠલનાથ શ્રીરૂક્મિનીકી ઈચ્છા પૂજઈ જગદીશ (૨)

(રાગ – સારંગ)

આજ સખી લાલ દૂલ્હે ભયો ડોલે,
નવ દુલહનિસોં નેહ બઢયો અતિ, સન્મુખ નેંનન ખોલે (૧)
ઠાડે રહત ન ઈત ઉત ચિતવત, વચન ન સુધે બોલે,
વલ્લભ હમસોં ચતુરાઈ કરી, મનહી મનજુ કલોલે. (૨)

(રાગ – બિહાગરો)

ન લોભી છોડે ડોરના, છિનુ છિનુ રસકો ચાહ,
ફિર બાંધે ફિર છોડે કંકન, મનમેં રસકો ભાવ (૧)
કરસોં કરગ્રહી રહે માનત, પ્રીત રસમસીઆ નાહ
વલ્લભદાસ પ્રિય ગોકુલેશવર, બ્યાહ રસકો નહિ થાહ (૨)

(શોભન - ૧)

કૃપા કરો જાઉં વારી વારી જી, વિવાહ ગાઊં મંગલ શુભકારીજી. ૧
સોલ વરસના શ્રીગોકુલબિહારીજી, શ્રીવિઠ્ઠલજીએ જોયું મન વિચારીજી. ૨
શોભાજીને વાત પૂછી શુભકારીજી, શોભાજી તે બોલ્યાં વચન વિચારીજી. ૩
વેણા ભટને ઘેર છે સકુમારીજી, રૂપ ગુણમાં તે રઢિયાળીજી. ૪
સાત વરસની છે સકુમારીજી, મીટડી તે ભરી ભરી નિહાળીજી. ૫
સુંદરી તે મારા ચિત્તમાં આવીજી, સજ્જન સહુકોને મન ભાવીજી. ૬
શ્રીવિઠ્ઠલજીએ એ કન્યા નિરધારીજી, રૂપાંબાઈ જાએ વારી વારીજી. ૭

(શોભન - ૨)

પ્રસન્ન થયા તે પ્રભુજી ઘણું, હરખ્યો તે સઘલેડો સાથજી;
ગોવિંદ મામા તેડાવીને, પૂછી વિવાહ તણી વાતજી. ૧
વહેલા થાઓજી વેગા હવે, કરવાં છે મોટેરાં કાજજી;
હૈયલડામાં ઘણું હરખીને, વચન બોલ્યા વ્રજરાજજી. ૨
મથુરાં તે નગરીમાં આવીને, કીધી વિવાહ તણી વાતજી;
સન્માન દીધાંજી અતિ ઘણાં, હરખ્યો છે કન્યાજીને તાતજી. ૩
વેણા ભટે મન વિચારિયું, એ છે મોટેરી પેરજી;
શ્રીગોકુલચંદ શ્રીવલ્લભવર, આનંદે આવશે ઘેરજી. ૪
કુંવરી કારણરૂપ પ્રગટિયા, એ વાત મન માંહે જાણીજી;
ત્રિભુવનપતિ વર પામિયાં, એ કહીએ વ્રજની રાણીજી. ૫
વિવાહ માગીને ઘેર આવીયા, બેઠા શ્રીવિઠ્ઠલ તાતજી;
કહોજી વેહવાઈએ શું કહ્યું, પૂછે છે સઘડેલો સાથજી. ૬
સન્માન દિધાંજી અતિ ઘણાં, વાત વિવાહ તણી સત્યજી;
પ્રસન્ન થયા પ્રભુજી ઘણું, હૈયલડે હરખ તે અત્યંજી. ૭
કંકુના છડા દેવરાવીઆ, મોતીના ચોક પુરાવ્યાજી;
શ્રીવલ્લભવરનો વિવાહ મલ્યો, સોહામણી ગાવાને આવેજી. ૮
પદ્માવતી માતા પધરાવીયાં, સર્વ પરિવાર ત્યાં સોહેજી;
ભૂતલ એવો વર કો નહીં, દીઠડે ત્રિભુવન મન મોહેજી. ૯
શ્રીવલ્લભ વરનું વદન જોઈ, જમુલે ન આવે કોએજી;
હૈયલડામાં ઘણું હરખીને, રૂપાંબાઈ એ લીલા ગાયેજી. ૧૦

(શોભન - 3)

એમ બોલ્યા શ્રીવિઠ્ઠલજી તાતજી, શોભાજીને પૂછી તે વાતજી. ૧
જોષીજી ઉતાવલો આવેજી, શ્રીવલ્લભવરનાં લગન લાવેજી. ૨
આદર તે અતિ ઘણો થાએજી, જોષીડાને વેગો તેડી જાએજી. ૩
જોષીજીએ વિચાર્યું ત્યાંહાં મનજી માતાજીએ જનમ્યો તે હું ધન્યજી. ૪
એહ છે મોટેરી વાતજી, તેડે શ્રીવિઠ્ઠલજી તાતજી. ૫
જોષીજી ઉતાવલો આવ્યોજી, શ્રીવલ્લભવરનાં લગન તે લાવ્યોજી. ૬
જોષીજી જોજો મન વિચારીજી, એમ બોલ્યાં શ્રીવિઠ્ઠલજીની રાણીજી. ૭
લગન રૂડું ત્યાંહાં આવ્યુંજી, સર્વે પરિવારનો મન ભાવ્યુંજી. ૮
સંવત સોલસેં ચૌવીસીજી, અસાડ વદિ બીજ ને રૂડો દિવસજી. ૯
દામોદરદાસી કૃષ્ણદાસી હરખેજી, શ્રીવલ્લભવરનું વદન નિરખેજી. ૧૦
શોભા શોભે છે રસાલજી, પરણે છે શ્રીરૂક્મણિજીનો લાલજી. ૧૧
શ્રીવિઠ્ઠલજીને મોન મોદ ન માયેજી, હરખભર્યા સમધીને ઘેર જાએજી. ૧૨
આગલ ચાલે તે વરજીનાં માતાજી, પૂંઠે તે સઘલેડો સાથજી. ૧૩
તે વહુજીને ખોળે બેસાડેજી, ને સાસુ સસરાને દેખાડેજી. ૧૪
આપણાં કૃત કૃત સઘલાં થાએજી, રૂપાંબાઈ નીરખી હરખી ગાએજી. ૧૫

(શોભન - ૪)

કન્યા માંગીને ઘેર આવિયા, વેગે શ્રીવિઠ્ઠલ ભૂપજી;
શ્રીવિઠ્ઠલસુત અતિ લાડકો, ત્રિભુવન મોહન રૂપજી. ૧
સકલ શાસ્ત્રનું સિદ્ધાંત તે રીત ભલી ભલી થાએજી;
માંડવો પરમ સોહમણો, શોભા તે લહેરડે જાએજી. ૨
ત્યાંહાંરે બેઠા શ્રીગોકુલનાથજી, પ્રગટયો કોટિ પ્રકાશજી;
સેવકજન સુખ પામીયા, પુરી છે મનતણી આશજી. ૩
માંડવડેરે વિદ્યોગતો કૃત્ય તો સઘલેડાં થાએજી;
આવે તે વ્રજ કેરી સુંદરી, મધુરે સ્વરે મલી ગાએજી. ૪
સજ્જન (સાજન) દીસેરે શોભિતા, શોભા તે કહીય ન જાયજી;
વાજિંત્ર વાજેરે અતિ ઘણાં, ત્રૈલોક્ય હવો જય જયકારજી. ૫

કલિયુગમાં કરુણા કરી, પ્રગટયા પુરણ રસગાતજી;
શ્રીવલ્લભવરનું વદન જોઈ, હરખ્યા શ્રીવિઠ્ઠલ તાજી. ૬
એહના રૂપનું શું વર્ણન કરૂં, એહ છે સર્વની શરગારજી;
અંગોઅંગની છબી શી કહું, શોભા તણો નહીં પારજી. ૭
અરુણ અધર છબી શી કહું, અંબુજ નયન વિશાલજી;
કેસર તિલક સોહામણું, લાંબી તે વેણ વિશાલજી. ૮
ગૌર સુંદર અંગ શોભિતું, શોભિતા કંઠે મનોહર હારજી;
કોટિક રવિ શશિ વારણે, કુંડલનો ઝણકારજી. ૯
કુંવરી છે સર્વ શિરોમણિ, કુંવર છે રસીકશિરોમણિ રાયજી;
કંદર્પ કોટિક લાવણ્યે, રૂપાંબાઈ બલિહારી જાયજી. ૧૦

(શોભન – ૫)

આ કૃપારે કરો પ્રભુજીય તમો એ, વર્ણવું રૂપ અનુપએ,
શ્રીગોકુલભૂપતિ જાનનું એ. ૧
આ નવલકિશોર તે વર થયા એ, ચહુંઓર ચમર ઢોળાયે,
આ ભગવદી છત્ર ધરી રહ્યા એ. ૨
આ જયજયકાર ત્રૈલોક્યમાંએ, ગાજ્યું શ્રીગોકુલ ગામ,
આ કોટિકામ લાજી રહ્યા એ. ૩
આ પંચ શબ્દ વાજે તાલ પખાવજ એ, સુંદર નફેરીના નાદ,
આ શરણાઈ સાદ સોહામણા એ. ૪
આ મળિયાં તે વ્રજ કેરી સુંદરી એ, હરખે તે મંગલ ગાય,
આ આશ્ચર્ય થાયે, જોવા દેવતા એ. ૫
આ શુક સનકાદિક સ્તુતિ કરે એ, કૃપારે કરો વ્રજરાજ,
આ કાજ દીજે દાસનો દયા કરી એ. ૬
આ સાબેલા અતિ શરગારીઆ એ, નવલ લહું ઘોડે અસ્વાર,
આ જાનનો પાર તે નવ લહું એ. ૭
આ મથુરા તે નગર મોહી રહ્યુંએ, ગાંધર્વ માંડયું છે ગાન,
આ તાનસું પાત્ર નાચે ભલાં એ. ૮
આ સુખનો તે સાગર ઉલટયોએ, ચહુંદિશે ચાલિયાં પૂર,
આ શૂર ઘણું સર્વ સાથનો એ. ૯

આ શ્રીગોકુલચંદની જાન મલી એ, દુંદુભિ છંદ શું બાજે,
આ ગાજે તે ઘન નિર્ઘોષશું એ. ૧૦
આ રૂપાંબાઈ જોઈને હરખિયાંએ, નિરખિયા શ્રીવલ્લભવર,
આ મહાભર સુખ જોઈ જાનનું એ. ૧૧

(શોભન - ૬)

શ્રીગોકુલચંદ શ્રીવલ્લભવર, તોરણે આવીઆ એ;
આ આરતી ઉતારે વ્રજનાર તો હરખે (વરજી) વધાવિયાએ. ૧
વલી વલી કન્યાનો તાત તે, આવી ચરણે નમે એ;
શ્રીવલ્લભવરનું વદન જોઈ જોઈ, મનમાંહે ઘણું ગમે એ. ૨
આદર અતિ ઘણો ય તે, માંહ્યરામાંહે પધરાવિયા એ;
ટોકરા બે ચાવલદાલેભરિયા તે પાસે સોહાવિયા એ. ૩
નવલ કિશોર-કિશોરી તે, વેગે પધરાવિયાં એ;
પરમ પનોતિ બેઠી જોડ તે, પાસે રૂડાં ભાવિયાં એ ૪
અતિ શોભિત શ્રીવિઠ્ઠલજીનો સાથ તે, વહુજીનાં લે વારણાં એ;
આભુષણ પેહેર્યાં અંગ તે, સોહિયે અતિ ઘણાં એ. ૫
રૂપતણો નહીં પાર તો, શોભા શી પેરે કહું એ;
પ્રગટિયા કોટિ પ્રકાશ તો કહેતાં કાંઈ નવ લહું એ. ૬
જોવા આવ્યો સઘડેલો સાથ તો, જોડ તે ભલી મલી એ;
સરખા સરખી સમાન તે, જેમ કંચન માંહે મણિ જડીએ. ૭
બીડાં આરોગે શ્રીવ્રજનાથ તો શશિવદની સામું જુએ એ;
નીરખે છે રૂપ અનુપ તો શ્રીગોકુલભૂપનું એ. ૮
ચંદ્રવદનીની ચતુરાઈ દેખી, શ્રીવલ્લભવર જોઈ રહ્યા એ;
મીટડી ન ચાલે નિમેષ, મૃગનૈનીને મોહી રહ્યા એ. ૯
રસિકશિરોમણિ રાય તે, દિસે અતિ રસભર્યા એ;
અતિ રસ ભર્યાં બાલ તે, કોઈએ નવ જાએ કહ્યાં એ. ૧૦
શ્રીવલ્લભવરના મન તણી રીઝ તે, વરણી જાએ નહીં એ;
વહુજીને લીધાં છે ગોદ તે મોદ માયે યે નહીં એ. ૧૧
સુંદરી છે અતિ સકુમારી, તો વલ્લભવરનાં મન હર્યાં એ;
રૂપાંબાઈ બલિહારી જાએ તો એ દિવસથી મન વશ્યાં એ. ૧૨

(શોભન - ૭)

નીલડા વાંસ અણાવિઆએ, જીરે ધવલડા કલાશ ચિત્રાવિયાએ. ૧
કંકુના છડા દેવરાવિયાએ, જીરે મોતીના ચૌક પુરાવિયાએ. ૨
ચતુરવર ચૌરીએ આવીઆ એ, જીરે પારવતીજી પાસે રૂડા ભાવીઆએ. ૩
એ શોભાનો પાર ન કહ્યો જાય એ, જીરે સહસ્ત્ર મુખે કરી શેષ ગાયે એ. ૪
નિગમ તે નિર્મલ જશ બોલેએ, એહવો નહિ ત્રિભોવન જે દીજે તોલે એ. ૫
વેદની ધુની ય લાગી રહી એ, જીરે વ્રજભોમ સઘળી ગાજી રહીએ. ૬
શ્રીવલ્લભર પરણીને ઉઠિયા એ, જીરે મોદ તે મોદ ઘણું ભર્યાએ. ૭
પુષ્પની વૃષ્ટિ કરે દેવો મળી એ, જીરે શોભાની પોહોતી છે મનરલી એ. ૮
નિશાનના નિર્ઘોષ થઈ રહ્યા એ, જીરે શ્રીવિઠ્ઠલજી તાત ફૂલી રહ્યા એ. ૯
અતિ રસભરી વ્રજસુંદરી એ, જીરે નાચે તે સહુય મંડપ ભરી એ. ૧૦
વહુજીની સખી કરે વિનતિ એ, જીરે તમો વરીયાં છો શ્રીગોકુલપતિ એ. ૧૧
ગાંઠ છોડો ચોળી તણીએ, ત્યારે મનમાંહે હસ્યા ત્રિભોવનધણી એ. ૧૨
ગાંઠ છોડો ચોળી તણીએ, ત્યારે મનમાંહે હસ્યા ત્રિભોવનધણી એ. ૧૨
ગાંઠ છોડી સટકે કરીએ, જીરે તેહને વાર ના લાગી ક્ષણ ભરીએ. ૧૩
જીત્યા જીત્યા વ્રજનાથજીએ, એમ ગાય ગુજરાતીનો સાથજી એ. ૧૪
વહુજીને ગોદે લઈ રહ્યા એ, જીરે એ સુખ અલૌકિક તહાં થયાં એ. ૧૫
હરદીનો ખેલ ભલા હવા એ, જીરે પાંચ દિવસ પ્રભુ ત્યાં રહ્યા એ. ૧૬
જુગલ કિશોર ઘેરે આવિયા એ, જીરે રૂપાંબાઈ મન અતિ ભાવિયા એ. ૧૭

(ધોળ - ૧)

કાંઈ નાનડિયા સરખા વલ્લભવર કુંવારા, ઘોડીલે ચઢીયારે,
કાંઈ ઘોડીલે ચઢીયારે.
તોડાવો એમના પદમાવતી માતા, શોભા બોન બોની;
અચરજ સહુ દેખોરે, કાંઈ અચરજ સહુ દેખોરે. ૧
માગો માગો મારા કુંવર, માગો માગો મારા વીરા,
જે જોઈએ તો આપુંરે, કાંઈ જે જોઈએ તો આપુંરે. ૨
માગું માગું મારી માતા, માગું માગું મારી બોની,
શ્રીનાથજીની સેવારે, કાંઈ શ્રીનાથજીની સેવારે. ૩
ઘોડીલો ચઢીયારે, શ્રીવિઠ્ઠલજીના નંદ, પુનમકેરા ચંદ,
ચહુંદિશ થયાં અજવાળાંરે, કાંઈ ચહું દિશ થયાં અજવાલાંરે. ૪
ઘોડીલે ચઢીયારે, થયો નિશાનનો નાદ, ગોકુલનગર રહ્યું ગાજીરે,
કાંઈ ગોકુલ નગર રહ્યું ગાજીરે.૫
કાંઈ મથુરાનગરમાં હાલ પડયો, હલકાર પડયો,
શ્રીવિઠ્ઠલેશજાયો આવે છે, કાંઈ ગોકુલનાથ પધારે છે. ૬
ઘોડી ચાલીરે, કાંઈ શહેર બજાર, ઘોડી સ્થંભીને રહી ઉભીરે,
કાંઈ સ્થંભીનો રહી ઉભી રે. ૭
ઘોડી બાંધીરે, સોનાકેરે સ્થંભો, રૂપાકેરે દાંડે,
ઘોડી છંદે છંદે નાચેરે, ઘોડી ઠમકે ઠમકે ચાલેરે. ૮
એ ઘોડીલેરે શ્રીવલ્લભવર અસ્વાર, માતા પદમાવતીનાં મન મોહ્યાંરે,
કાંઈ માતાજીનાં મન મોહ્યાં રે. ૯
ઘોડી આવીરે વેણાભટ્ટ કેરે દ્વાર, ઘોડી સ્થંભીને રહી ઉભીરે,
કાંઈ સ્થંભીનો રહી ઉભીરે. ૧૦
કાંઈ સાસુજી આવ્યાં પાંખવારે, પાંખી માંયરામાં, પધરાવીરે,
કાંઈ મંડપની શોભા શી કહુંરે. ૧૧
એઉના મંડપ લહેરડે જાયરે, કાંઈ આનંદ ઓચ્છવ થાયરે,
કાંઈ આનંદ ઓચ્છવ થાયરે. ૧૨

વલતાં વહુજીને પધરાવીયાંરે, સોહાસણી મંગલ ગાયરે,
ત્યાં બ્રાહ્મણો વેદ પઢી રહ્યારે ત્યાં દેવનાં તે દુંદુંભિ વાગેરે,
કાંઈ મથુરા નગર સહુ ગાજેરે. ૧૩
કાંઈ પાંચ દિવસ પ્રભુ ત્યાં રહ્યા રે, કર્યા રમણ કેલીના ખેલ રે,
કર્યા હરદી કેરા ખેલ રે. ૧૪
કાંઈ લાખેણી લાડી લઈ આવીયા રે,
એવા જગત ધુતારા શુ નાથ રે. ૧૫
શ્રીવલ્લભવર પરણીને આવીયા રે શોભાબેનીને હરખન ન માયરે;
કમલા બેનીનો હરખ ન માય રે. ૧૬
કાંઈ દાસનો દાસ કરે વિનતિ રે, મને આપો શ્રીગોકુલવાસ રે;
રાખો ચરણકમલની પાસરે. ૧૭

(ધોળ - ૨)

જીરે પાતળી સોટીનો ચાબકો રે, એનું ડાળ નમી નમી જાય;
જીરે ડાળ નમે એમને સૌ નમે રે એમને નમીયા છે વૈષ્ણવજન. ૧
જીરે વેણાભટ લખી કાગળ મોકલે રે, શ્રીવિઠ્ઠલવર વહેલા રે આવ;
જીરે હું કેમ આવું એકલો રે, મારે બહુ રે સુજાતિનો સાથ. ૨
જીરે ઘોડીને સાજન શોભિતાં રે, શોભિતાં સામૈયા અપાર;
જીરે હાથીને જડાવના ઝુલછે રે, શ્રીવલ્લભર કેરા શણગાર. ૩
જીરે હાથી ઉપર સોના પાલખી રે, એની શોભા તણો નહીં પર;
જીરે લીલી ઘોડી ને પીળો ચાબકો રે, એમનાં પલાણે રત્ન જડાવ. ૪
જીરે ઘોડીનો બેસનાર ફાંકડો રે, એમને મોહ્યાં છે વ્રજની નાર;
જીરે સૌભાગ્યવતી ચમર ઢાળે રે, શ્રીવલ્લભવર કેરા શીશ. ૫
જીરે આતસબાજી ઉડી રહી રે, ત્યાંતો નગરીમાં થઈ રહ્યો શોર;
જીરે નગરીના લોકે આવી પુછીયું રે, આ રાયો પરણવા જાય. ૬
જીરે નથી રે રાયા ને નથી રાજીયા રે, એ છે શ્રીવિઠ્ઠલરાજકુમાર;
જીરે રાણી રૂક્ષ્મણીજીના લાલ છે રે, એ છે શોભાબેનીના વીર. ૭
જીરે એમનો જઈનો ઉતારીયા રે, શ્રીજમુનાજીનો તીર;
જીરે વેવાઈ જમશે ઘેબરાં રે, એમના જાનૈયા જમશે કંસાર. ૮
જીરે હાથીને આરનો ખીચડોરે એની ઘોડીને ચણાની દાળ;
જીરે વલ્લભવર આવ્યા તોરણેરે, એમના મંડપ લહેરડે જાય. ૯
જીરે મંડપની શોભા શી કહુંરે, તેનો કહેતાં ન આવે પાર;
જીરે સાસુજી આવ્યાં પોંખવારે, પાંખી માંયરામાં પધરાય. ૧૦
જીરે વળતાં વહુજીને પધરાવીઆંરે, સોહાસણી મંગળ ગાય;
જીરે પાંચ મંગળ પ્રભુ ત્યાં ફર્યા રે સહુ ભક્તને આનંદ થાય. ૧૧
જીરે પરણી શ્રીવલ્લભવર ઉઠિયારે, વરત્યો છે આનંદ અપાર;
જીરે પાંચ દિવસ રહ્યા સાસરે રે, રમિયા હરદી કેરા ખેલ. ૧૨
જીરે દાસનો દાસ જાય વારણેરે, અમને આપો શ્રીગોકુલવાસ, રાખો ચરણની પાસ.
જીરે પાતળી સોટીનો ચાબકો કે એનું ડાળ નમી નમી જાય. ૧૩

(ધોળ – ૩)

મદભર્યો હાથી ને લાલ અંબાડી, ફુલડાંનો સેહરો મેલો વલ્લભવર,
ગોકુલોના રાજવી; ગોકુલના રાજવીને મથુરાના પાટવી.
શોભા બહેનજીના વીરરે-વલ્લભવર ગોકુલના. ૧

તમને તે કોણ કોણ કહાવી મોકલે ?
તમને તે મોહનભાઈજી કહાવી કહાવી મોકલે,
જોઈએ તો સમૃદ્ધિ અમારી લેજો. ગોકુલના. ૨

તમને તે કોણ કોણ કહાવી કહાવી મોકલે ?
તમને તે ગોકુલભાઈજી કહાવી કહાવી મોકલે,
જાનૈયા જોઈએ તો અમારા લેજો. ગોકુલના. ૩

તમને તો કોણ કોણ કહાવી કહાવી મોકલે ?
તમને કો માધવદાસ કહાવી કહાવી મોકલે,
કાંઈ છત્ર જોઈએ તો અમારૂં લેજો. ગોકુલના. ૪

તમને તે મોટા ભાઈજી કહાવી કહાવી મોકલે,
સુખપાલ જોઈએ તો અમારી લેજો. ગોકુલના. ૫

તમને તો કોણ કોણ કહાવી કહાવી મોકલે ?
તમને તો વલ્લભાઈજી કહાવી કહાવી મોકલે,
ઘોડીલા જોઈએ તો અમારા લેજો. ગોકુલના. ૬

તમને તે બહેનજીરાજ કહાવી કહાવી મોકલે
જાનડીઓ જોઈએ તો અમારી લેજો રાજ. ગોકુલના. ૭

તમને તે વૈષ્ણવ કહાવી કહાવી મોકલે,
કીરતનીઆ જોઈએ તો અમારા લજો.
ગોકુલના રાજવીને મથુરાના પાટવી. ૮

(ધોળ – ૪)

મારે માંડવે કોણ કોણ આવ્યું ને, કોણ કોણ આવસે રે;
જેણે આવ્યે માહારો વડોરે વશેખ... આ શો રૂડો માંડવો રે. ૧

મોહનભાઈજીને મંડપ શોભા થઈ રહીરે;
મંડપે જડિત્ર હેમ રત્નની પાંત.... આ શો. ૨

જીરે માહારે માંડવે બેનજી રાજ આવ્યાં ને રૂપાંબાઈ આવશે રે,
હુંતો જોઉં મારાં વીરબાઈની વાટ.... આ શો. ૩

મંડપે વાજિત્રના ઘોષ થઈ રહ્યા રે,
ધોસાં નગારાં નફેરી ને ઝાંઝ...આ શો.

જીરે નરનારી બાલક સહુ આવીયાં રે,
તેહોની શોભાનો પાર ન જાણું...આ શો. ૪

જીરે શ્રીરાજ મોહનભાઈ રસભર્યા રે,
ભક્તરાજ ગોકુલભાઈ સાથ,
તે આવ્યે માહારે રંગ રહેશે.... આ શો. ૫

જીરે આવે હરિભાઈ, નાથાભાઈ આવીયા રે,
વલ્લભાઈ આવે વડોરે વસેક...આ શો. ૬

જીરે ગોપાલદાસ સાથે ગોકુલદાસ આવીયા રે,
વૃન્દાવનદાસ કીશોરભાઈ સાથ,
એ આવ્યે આનંદ હોશેરે...આ શો. ૭

જીરે સુંદરભાઈ, વિઠ્ઠલભાઈ આવશે રે,
તે આવે ક્યાંહાં લગી કહું વિવેક,
માહારી બુધ ચાલે નહીં રે...આ શો. ૮

જીરે હું મતિમંદ કાંઈ પ્રીછું નહીં રે,
એહોને ચરણ શું ધરી શીષ,
માહારા મનડાના કોડ પૂરો રે...આ શો. ૯

જીરે દાસનો દાસ કરે વિનંતી રે,
મને રાખો તમારી શરણ,
તુમ પ્રતાપ માહારી ગતિ હોશે રે...આ શો. ૧૦

માલા પ્રસંગનાં કવિત

(૧)

શાહ કહી સો તો ન કરી, કરી સો વેદ પુરાનન ભાખી;
માલ તિલક જનોઉ કે કારન, એંડન પોંડન નાખી,
શ્રીપત કહે જહાંગીરકે ખાન, જેતે ઉમરાવ તે તે સબ સાખી,
શ્રી વિઠ્ઠલનાથજુકે શ્રીગોકુલનાથજુ, સબ હિન્દુનકી પત રાખી.

(૨)

કાહુ કહે દિનેશ ઈશ, કાહુ કહે ગનેશ શેષ
કાહુ કહે ગયા પ્રયાગ, કાહુ કહે ગોદાવરી
કાહુ કહે જોગ જાગ, કાહુ કહે વિરાગ ત્યાગ,
ચંડકા પ્રચંડ પુંજ બાંટત ન્યોચ્છાવરી
કહે નારાયન એતેનમેં કાહુ સોં નેહ નાંહી
નંદન જન ભલે કહો તિનહિ મન બાવરી
શ્રીગોકુલેશ ભૂષણ, મનમેરે, શીર સદા રહો, રાવ રીઝે પાઁવરી.

(૩)

ઓરન સ્વાંગ ધરે સબ પેટકે, એક હકુમત જીદ રહાલા,
તેં કુલ જગતધર્મ તજયો, સીધ સાધક ભૂલ ગયો મતવાલા,
ખેદતહું ધનિ ધનિ કહે પ્રેમ પલતાસોં ભકત રસાલા
શ્રીવિઠ્ઠલનાથકે શ્રીગોકુલનાથજી, તુમને પહેરી જગમેં જશમાલા.

(૪)

મતજાનો યહ ખ્યાલ શ્રીગોકુલનાથજુકી માલા હૈ
વેદ વખાની ઈનકી મરજાદહુ વખાની હૈ,
ડારે ગુડી બીચ માલા અમૃત રસાલા હે,
બુલાયે જહાંગીરને જાયકે જુવાબ દિયો
હિંદુકી હદ રાખી શ્રીગોકુલનાથ પ્રતિમાલા હે
પ્રાનનાથ કહે બાત સુનો સબ કાન દે,
મતજાનો ખ્યાલ એતો શ્રી ગોકુલનાથજુકી માલા હે

(૫)

ગોકુલકા ફકીર દેખો આયે કોન ભાવસે,
તે ડારે ગુદી બીચ ગુંજ ઓર બનમાલા હે
માંગત હું માલા વેદેતાહે હે જીવકું, કરે યાદ સાંઈકું સંગ નંદલાલા હૈ
હુઆહે નીડર મેં તો દેતાહું દુસાલા મેરે માલા બંદ ઓરેગે રેહે સાલા હૈ
પ્રાનનાથ બાત સા કહે સુનો સબ કાન દે
મતનો ખ્યાલ શ્રી ગોકુલનાથજુકી માલા હે.

(૬)

ટેકકી ટેકકી ટેક ટરે, ગિરિ ટેક ટરેતો ટરે ધ્રુવ તારો,
શ્રીગોકુલનાથજુ માલા તજેતો, શેષન શીષ ધરે ભૂ ભારો
પોન થકે તો થકે, વ્રજકો પન કોન કરે મહીંમે રત ન્યારો
શ્રીવલ્લભવંશ વિહારી કહે, કવિ જાગતહેં જગમેં જશ થારો

(૭)

શ્રી ગોકુલનાથ રમે જીયમેં, કિયો શ્રી વિઠ્ઠલનાથ કો નામ ઉજારો
હાલી મવાલી કરે પ્રણામ શ્રીગોકુલનાથ નામ સમારો
જહાંગીર કહેજુ બિરાજો વહીં, જહાં આનંદ સ્વરૂપ તિહારો
પ્રાન આધીન જે વલ્લભકો, યાતે ગોકુલ ગાંવકો પેંડોહી ન્યારોં.

(૮)

અવતાર ભયો મથુરા મનમોહન, છૂટયો રે માનો ગગનકો તારો
શંખ ચક્ર ગદા પદ્‌મ બિરાજત, દેવકી કે ભયો કાન્હર કારો
લે આધીરાત ચલે વસુદેવ, તો આઠેંકી રાત ભયો ઉજીઆરો
પ્રાન આધીન જે વલ્લભકો, યાતે ગોકુલ ગાંવકો પેંડોહી ન્યારો.

(૯)

શ્રી ગોકુલનાથ બિરાજત અપને સંગ, સખાસોં મડયો હે અખારો
શ્રી યમુનાજી તો આઈ નિકટ જહાં ઉજ્જવલ નીર વહે અતિભારો
વ્રજ વખાયો ચોરાસી કોસલોં, શ્રી ગોકુલ ગાંવકો પેંડોહી ન્યારો

(૧૦)

શ્રી વલ્લભરાજાધિરાજન રાજત રાજધાની
સુનિ સુનિ જે શરણ આયે, ગર્વિત અભિમાની,
અતુલિત અતિ તેજ કીરતિ, ચહું ચક્ર વખાની,
વૃન્દાવનચંદ માલ રાખી સબ જગત જાની.

(૧૧)

શ્રી વલ્લભકે વંશમાંઝ પ્રગટયો પ્રભાકર
સો શ્રી વિઠ્ઠલેશનંદન નવલ ગોકુલેશજુ
દુર કિયો તિમિર અજ્ઞાનહુકો જગમેં તે
કીર્તિ બરની ન જાય મોપેં વિશેષજુ,
શુકમુનિ શારદનારદ રટત રહે, ધ્યાન પાવત ન પાર શેષજુ
તેરે ગુન ગાયેતેં મિટત ત્રિબિધતાપ હોત હે સદામન ચરન નરેશજુ.

(૧૨)

શ્રીનાથજીસો પ્રીત રાખી, આચાર્ય રીત રાખી હૈ
ધર્મકી પ્રતીત રાખી, રાજ રીત રાખી હૈ
કુલકી મરજાદ રાખી, ભક્તનકી લાજ રાખી,
ભક્તિ સિંધુપેં પાજ બાંધી, ટેક દઢ રાખી હૈ
કહત ગહર ગોપાલ ખાખી, મુખ ધૂર નાખી,
આખી ભૂમિ જાકી, વાહ વાહ ભાખી,
ચારોં વેદ સાખી, શુક પુરાનન ભાખી,
તુલસીકી માલા, શ્રી ગોકુલેશને રાખી હૈ.

મન: પ્રબોધ

પ્રથમ નમન કરિ નવકુંવર, શ્રીગોકુલેશ રસરાસ;
મમ ચિંતા ચૂરોહુ ચતુર પૂરો મનકી આસ. ૧

આશ એક તુમ દરસકી, પરમ પરમ સુખરૂપ,
દરશ-પરસ રસદાનકે, દાતા શ્રીગોકુલભૂપ. ૨

યહ અભિલાષા મન રહે, કહી કૌનપેં જાય;
જીવનધન સંપત્તિ સુખદ, મેરો શ્રીગોકુલેશરાય. ૩

ચરણ શીષ ધરિ ચિત્તધરિ, ધરિ અંતર્ગત ધ્યાન;
મન પ્રબોધ યા ગ્રથં કહું હોં દેહુ કૃપા કરિજ્ઞાન. ૪

સબતે ચિંતા અતિ પ્રબલ, તાતેં પ્રબલ સ્વભાવ;
ઉભય ઉગ્રકો વિજય કરો, વંદોં મૃદુ જુગપાય. ૫

જાકે મન ચિંતા રહે, ભાવ સુદ્રઢ નહીં ગાત,
મનપ્રબોધ યહ ગ્રંથ સુનિ, અબુધ સુબુધ વ્હૈ જાત. ૬

અલૌકિકમેં વ્યાસંગ મન, દેખ્યો સમય વિરુદ્ધ;
મનપ્રબોધ કરિ આપતેં તબ કરિ લિયો વિશુદ્ધ. ૭

કબહુક અતિ ઉદ્વેગ મન, રહતો કછુ જંજાલ;
મનપ્રબોધ યહ ગ્રંથ તબ, કીનો કરી દાસગોપાલ. ૮

મનપ્રબોધ શુભ ગ્રંથ યહ, કીનો કરી પ્રકાશ;
મન પ્રકાશ બોધક નિપટ, સબતેં કરી ઉદાસ. ૯

ચરણકમલમેં મન રહૈ, આન રહૈ નહિ આશ;
ઉદ્દીપન સદ્‌ભાવ કરિ, મનકો કરી પ્રકાશ. ૧૦

જિહિં સુનિકે ચિંતા સકલ, લૌકિક અલૌકિક શેષ;
કોઈ દુઃખ વ્યાપે નહિ, દોષ રહૈં નહિ લેશ. ૧૧

જામેં શ્રીમુખકે બચન, ઉત્પત્તિ સહિત અનુપ;
સ્વકીયનકો શિક્ષા નિમિત્ત કહૈહૈં કારનરૂપ. ૧૨

મનપ્રબોધ યહ ગ્રંથકો પઢૈ સુનૈ જો દાસ;
જગત તુચ્છ કર કાહુકી, કરે ન કબહુ આશ. ૧૩

કવિત્ત

ગુનીગન જ્ઞાની કવિ પંડિત વિચારી દેખો, સુનો સીખ મેરી મેરો વચન નિદાન હૈ;
ગોકુલકેનાથ ગુનગાથ જો સુને પ્રસિદ્ધ, જાકી આદિ મધ્ય સિદ્ધ સદા એક બાન હૈ.
આદિહુ તે આદિ, અનાદિ જાસોં કહીયત હૈ, સોઈ એ સ્વરૂપ ઉપમા ન કોઉ આન હૈ;
ઉપમા અભૂત અદભુત ન કો ભાવી ભૂત, કાહુ ન સમાન ન કો ઈનકી સમાન હૈ. ૧

રૂપ ગોકુલેશજીકો યથારથ જાન્યો અરુ, આન્યો ઉરમાં જ મન બચ કર્મ કિરકૈં;
પ્રણય સહિત રસભાવ પરમાવધિ, સ્વરૂપરસપાન કીયો નૈન ભરિ ભરિકૈં.
સોઈ મેરે મહદ, મહારસકે જાન સોઈ, વાકે ચરણાર્વિંદ રાખું ઉર ધરિકૈં;
વાહીસોં આલાપ અરૂ મિલાપ મેરે વાહીસોં હૈં, એસી મતિ મેરી વાકે પદ અનુસરિ કે. ૨

નિયામક ન ક્રતુ આદિ વ્રત આચરણ કછુ, સાધન સહાયકો નિયામક ન માનિયે;
નિયામક ન નેમધર્મ પીઠિકા પ્રસિદ્ધ સિદ્ધ, સોઉ કોઉકાજ આવૈ એસી મનમેં ન આનિયૈ;
નિયામક ન સંગ ન સુશીલતા ન ગ્રંથ પાઠ, ભાવ ભગવદ નામ નિયામક ન માનિયે;
નિયામક ઢરની એકમાત્ર ગોકુલેશજીકી, જેહી ભાંતિ ઢરી આવૈ, સોઈ પેં પ્રમાનિયે. ૩

સાધનકી સાધના આરાધના અન્યહુકી, પરમ પવિત્રતા કો બલ ના વિશેષકે;
ગુનકો ન જ્ઞાનકો ન આન સન્માનકો, ન લીલા અવગાહનકો ભરોંસો એક લેશકે;
કાહુકો ન ત્રાસહૈ ન આશ કાહુ ઔરનકી, સંસ્કારકે બલના ના ભરોસેં બેસકે;
મહદ કૃપાકે બલ ડર નહીં એક પલ, નીડર રહતહૈં ભરોંસેં ગોકુલેશકે. ૪

જિહિ છિનુ સુરતિ ન આવે ગોકુલેશજુકી, તિહી છિનુ અસુર આવેશ કરી ઠાનયે;
વલ્લભકે રસ બિનુ રુચે જાહિ આન રસ, સોઈ રસ અનરસ વિષ કર માનિયે;
સ્વરૂપરસ ભાવવિનુ આનભાવ આવે જબ, તબ હિ જુ મન આન આસરો હિ જાનિયે;
ઈહાં રુચિ માન આન ઉપજે જો વસ્તુબુધિ, તો જીય આપ આપુને અનન્ય ન પ્રમાનિયે. ૫

જાહીકો સ્વરૂપ રુચ્યો તાહીકોં ન રુચે આન, આન રુચે તો તો એ સ્વરૂપ રુચ્યો નાહિયે;
પ્રથમ અનન્યતા, અનન્યતા તહાં હૈ સ્નેહ, સ્નેહ તહાં રસ એસી આવે મનમાંહી એ;
જાનિકે વિલંબ કિત કરત કુબુદ્ધિ ક્રુર, શુર વ્હૈ સ્વરૂપ દ્દઢ કરિ અવગાહિયે;
ગોકુલકે નાથ નિજ હાથ દાન લિયે હે પે, જીયકી જુ ઓર સન્મુખતા તો ચાહીયે. ૬

ફલકી અપેક્ષા તૂ કરત પ્રાણવલ્લભકી, સો તો આપ કહ્યો સન્મુખ ભયે દીજીએ;
પૈ વા સન્મુખતાકો સ્વરૂપ જાન્યો જાત નાહિ, કૌન ભાંતિ કૈસે પ્રાણ સન્મુખ કીજીએ;
સ્વરૂપ દર્શનલૌ અયોગ્ય અંતરાય સબ, ગુનગાન આન લીલામેં કહા લીજીએ;
ઈન્દ્રિય સકલકો વિલાસ એ સ્વરૂપમાંજ, આરતસોં સન્મુખ ભયે દાન લીજીએ. ૭

સુરતિકીયે તે રોમ રોમ સચુ પૈયત હૈ, સુરતિ કે માન લીએ દુ:ખ પરહરીયે;
રંચ એક સન્મુખતામેં હિત કરીમાન લેત, હિત કરી સુખ કે સમુદ્ર પાર કરીયે;
માનસકી પ્રીત કૈસી મનકી ન જાને બાત, મનકી ન જાને, તાસોં કહા પચિ મરિયે;
યહ જાન જીય સમજાઉં તોકું વારંવાર, પ્રીતિ કરિએ તો ગોકુલશજીસોં કરિયે. ૮

મનવૃત જાનવેકો, હિત પહિચાનવેકો, ગુનગાન માનવેકો ગોકુલેશ નિધિ હૈ;
યાકે સુખ બિના રંચ આન સુખ માનત હૈ, સોઈ દુ:ખરૂપ એ તો અનુભવસિધ્ધ હૈ;
યાસોં હેત કરિ ધરિ ધીર તૂ નીડર રહી, યાહિસું જો હિત સોઈ હિત નિરવિધ હૈ;
છાંડિ તુ કલેશ લેશ મનમે ન આન કછુ, ગોકુલેશ ભજ ફલ આગે તેરો સિધ્ધ હૈ. ૯

નેહતેં નવલ ગોકુલેશ રસ ઢરિ આવે, ભાવે જીય નેહ એસો ઉરમાંજ ધારિયે;
નિર્હેતુક નિરુપાધિ સાધનકો રૂપ આદિ, દેહ ગેહ પ્રાણ ધન નેહ પર વારીયે;
રૂપ ગુન ચાતુરી વિવેક ભાવ ભૂષન યેહ, દૂષન સમાન લાગે નેહ બિન જારિયે;
ગેહિ વિન ગેહ જેસો પ્રાણ વિન દેહ તેસો, નેહી બિન નાતો કૈસો હોતો કરિ ડારિયે. ૧૦

સત્ય સંકલ્પ અન્યથા ન કરે ગોકુલેશ, સ્વકીય ઉપદેશ કહેં બચન જો નિત્ય હૈં;
લૌકિક અલૌકિક અરૂ કછુ કાહુ ભાંતિકી, ચિંતા મતિ કરે એસો કહ્યો જામેં હિત હૈ;
એસી જાનબુઝ અનુભવ કરિ આપૂ મન, તોહુજો કરત ચિંતા તૌકો અનુચિત હૈ;
હોત હૈ અવજ્ઞા એહે આજ્ઞા ઉલ્લઘંન કીયે, સિદ્ધ ફલ ખોએ એકો ફલકી ન ગતિ હૈ. ૧૧

મનસોં પ્રબોધિ અતિ મનુહાર કરિ કરિ, માન મેરો કહ્યો તૂ તો ચિંતા મતિ કરરે;
ચિંતામણિ ગોકુલેશજીનેં ચિંતા કરિ દૂર, ક્રૂર તૂ સમુઝિ વે વચન ઉર ધરરે.
આપ ચિંતા કીયે પાવે ચિત્તમેં કલેશ અતિ, સોઈ ઉબરેગી તાતે ચિંતા પરિહરરે;
પ્રબલ અતુલબલ પ્યારે પ્રાણવલ્લભકો, સોઈ ચિત્ત ધરિ, ધીર ટેકતેં ન ટરરે. ૧૨

ઉદ્યમ કીયેતેં ન હાથ આવે કછુ જબ, તબ મન આપુને કલેશ માનિ લીજીયે;
જીયકો બુરો ના કબહુ વિચારે જગદીશ, શ્રીમુખ વચન કહ્યો સોઈ માનિ લીજીયે;
ચાહત સો કરત હૈ ઈચ્છા આપુનીકેબલ, તૂ તો હૈ નિર્બલ, બલ સોઈ માનિ લીજીયે.
જીયકો વિચાર્યો ન કરેંગે કરે આપ બલ, યે હિત અપનાયતકોં પેંડો માનિ લીજીએ. ૧૩

પ્રાર્થના વર્જિત કહી હૈ જગદીશ હુ લોં, તૂ તો આશા જીયકી કરત નિશદિનરે;
આશા કો જો દાસ હૈ, સો દાસ સબ જગતકો, શ્રીમુખતેં શ્લોક કરી રહ્યો એ બચનરે.
માનુષકી પ્રિતકી પ્રતીત કરી આશા કીએ, પાયો અરૂ પાવેગો કલેશ પ્રતિછિનરે;
ગોકુલેશજીસોં રતિ માન સન્મુખ વ્હૈકે, રિદ્ધિ તીનલોકકી તૃણવત્ ગિનરે. ૧૪

ઉદ્યમ કરનો કહા તોહે લૌકિકકો અબ, અલૌકિક દિયો તોહે સોઈ લીએ રહિરે;
શ્રીમુખતેં બચન પ્રગટ કરિ કહ્યો જોઈ, સોઈ ઔર અંતરમેં નીકે કરી ગ્રહિરે.
ઉદ્યમ અલભ્ય વસ્તુહી કોં કરનો, હે જીય ! સુલભ તો સુગમ હૈ એહિ શિખ લહિરે;
ગોકુલેશજીનેં કીયો લૌકિકકો દૂર-સબ, સોઈ ચિત્ત આનિ, અબ ભૂલ જીન ગહિરે. ૧૫

પ્રબલ પ્રતાપ મહારાજ ગોકુલેશજીકો, જાનિ ઉર આનિ ફિર વહત તૂ કિત હૈ;
લોક પરલોક ચિંતા કાહુ ભાંતિ કરે મતિ, એસો યહ બચન કહ્યો સો ભર હિત હૈ.
અપની અજ્ઞાનતાતેં હોય કે અધીર અતિ, કરત વિચાર ભૂલ્યો ડોલે જીત તિત હૈ;
કૌન તૂં હતો, કહા જૂ કીયો પ્રભુ તોહિ, અબ કરનો હે તેહી કર, સોઈ જો ઉચિત હૈ. ૧૬

અતિહી અધીર નહીં ધીર કછુ તોહે જીય, કોન ગતિ તેરે તોહે કહા ભયો હે ?
કરત વિચાર મન મનહિ સો રેન દિન, ચેન નહીં એક પલ એસો સોચ લહ્યો હૈ.
તેરી તો અલૌકિકલોં ચિંતા સબ કરિ દૂર, લૌકિક તો તુચ્છ તામેં કહા બહ ગયો હૈ;
ગોકુલેશજીનેં તેરે હિત તોસોં કહ્યો હૈ જો, તેઈ દ્રઢ કરિ ગહિ કૌન ફલ દયો હૈ. ૧૭

જેતો સમજાવત હોં તેતો ફિર ફિર સોચ, કરત હે જીય તેં યહ કોન હઠ ઠાન્યો હૈ;
ઢરત ન નેકહું લગ્યો રહત યાહિમાંઝ, યાહિતેં આપનો કહાધોં હિત માન્યો હૈ;
તૂં તો હૈ અજ્ઞાન કછુ લહત ન લાભ હાનિ, ભૂલ્યો ભૂલ્યો સ્વાર્થકું ફિરત અજાન્યો હૈ;
વલ્લભકે બચન ઉલ્લંઘે નહિ સિદ્ધ ફલ, સોઈ તો વહ હોયગો તેં કહા કરી જાન્યો હૈ. ૧૮

તેરો તો વિચાર્યો નહિ હોત એક છિન જિય, હોય હે ઈચ્છાકો કિયો, ઈચ્છા કછુ ન્યારી હે ;
તોહે નાહીં જ્ઞાન હિત, જાનત ન હાનિ કછુ, જાનત હે ઈચ્છા તેરી અતિ હિતકારી હે.
ઈચ્છાહીકો કીયો સબ માન લે ચઢાય શીષ, સમઝ મનહી મન યામેં સુખ ભારિ હે ;
ઈચ્છા કે આધીન તૂ ઈચ્છે હે આધીન વલ્લભકે, સોઈ સબ હોયગો જો બલ્લભ વિચારી હે. ૧૯

અરે જીય ! સુનિ સાવધાન વ્હે કે મેરી બાત, મેરી શિખ સુનિ, મૈં નિદાનકી કહત હોં ;
કઠિન વિયોગ કૌન સમેં મેં જીવતવ્ય તેરો, ભયો હે અજોગ છિનુ છિનુ એ લહત હૈ ;
અંગ બિન અંગી બિન સંગ કે સહાય વિણ, મનમેં વિચારી દુ:ખ કાહેકોં સહત હૈ ;
ગોકુલેશ પ્રાણધન જીવન આધાર વિન, નિર્લજતા જાને વિન કાજ હો રહત હૈ. ૨૦

તું જો અપેક્ષા કરત સ્વારથ કો હિત માન, વે ન હોય આવત પ્રભુ તેરી રક્ષા કરી હૈ ;
તૂં તો હે અજ્ઞાન, હાનિ આપની ન જાનત હૈ, ઉપકાર માન પ્રભુ તેરી ચિંતા હરિ હૈ ;
કૌન તૂ કહાંકો, કૌન ઠોર આનિ કહા કીયો, કૌન દાન દિયો બાત મનમાં જ ધરી હૈ ;
ગોકુલેશજીકે અનુરાગ સોં બિલસ રસ, યહિ રસમાંઝ ભાંતિ ભાંતિ નિધિ ભરી હૈ. ૨૧

સુખકી અપેક્ષા પ્રીત સ્વારથકો ભોગ અબ, મનોરથ કરિવેકો કૌન સમેં રહ્યો હૈ ?
પ્રીતમકી-પ્રીતમસુ પ્રીત કે અભાવ હુ તે, પ્રાન નિર્લજ તેં કૌન હઠ ગહ્યો હેં ?
તેરો અપમાન હાનિ આપ તૂ ન જાનત હૈ, અરે પ્રાન નિર્લજ તેં કૌન હટ ગહ્યો હેં ?
ગોકુલેશજીકે દર્શન વિણ અનુદિત તેં, જો આપ એતૌ દુ:ખ કાહે પર સહ્યો હે ? ૨૨

ગોકુલેશજીને શિક્ષા કરી હે સ્વકીત હિત, રક્ષાકે નિમિત્ત ઈચ્છા પ્રગટ જનાય કેં ;
ઈચ્છાહૂકે પ્રબલ પ્રતાપકો પ્રગટ કરી, લૌકિક અલૌકિક કહ્યો સબ સમુઝાય કે ;
ઈચ્છા વિન પાત નહીં ડોલત હૈ એકપલ, ઈચ્છા જો કરત સૌ તૌ કારન હિ પાયકે ;
તૂ તો અંગીકૃત હૈ, અંગીકૃત હિત પ્રાગટય હે, તે જો કરત સો તો ઈચ્છા મન ભાય કે. ૨૩

તૂ જો અપરાધ અતિ ઓરનકો સહેગો, તો વાકો અપરાધ જગદીશ આપુ જાની હૈ ;
અપરાધ જાની દોષ માની કહેગો તૂ, વાસો તેરો દુ:ખ જગદીશ મનમેં ન આની હૈ ;
તેરો દુ:ખ તેરે મન જાનિ તૂ સહન કરિ, સહન કો દુ:ખ પ્રભુ નીકે કરિ માનિ હૈ ;
સહનમેં સુખ હૈ, હૈ સહનમેં તેરો કાજ, સહન સહન ઐસી વલ્લભકી બાની હૈ. ૨૪

જા કલેશતેં કલેશ પ્રતિછિનુ બાઢત હે, સો કલેશ પાયે તેં કલેશ હાથ આવેગો;
સો કલેશ કરિ, જો કલેશ હરે આદિ હું તે, લેશ ન કલેશ ગોકુલેશ મન ભાવેગો;
વિપ્રયોગ રસ અનુભવકો કલેશ કરિ, યાહિ કલેશમાંઝ છિનુ છિનુ સુખ પાવેગો;
યા કલેશમાં જ કલેશ તેરો ન રહેગો કછુ, જો તૂ યહ કલેશ મન નીકે કરિ લાવેગો. ૨૫

આપુને અજ્ઞાન હૂ તે સ્વારથ સુખારથકો, વિનતિ કરતહોં સો વિનતિ ન માનિયે;
તુમ સર્વજ્ઞ સબ ભૂત ભાવિ વર્તમાન, નિત હિત ચિત્ત લહો મેરો હિત ઠાનિયે.
જોઈ તુમ જાની હો કરિ હો વિચાર મેરો, તાહીમેં હે હિત એસે જાનત નિદાન એ;
જામેં મેરો હિત સોઈ કીનો તુમ આપહી તે, કરત હોં, કરોગે, સબ યે તુમ્હારી બાની હે. ૨૬

પ્રભુકી ઈચ્છાકી રુચિ જામેં નહિ એક લેશ, જાનિ કે અજાનિ જીયે કો લોં અબ ફિરિ હૈ;
જો પેં રુચિ ઈચ્છા હોય તાપેં એ સહજ હોય, એસે દિન ખોએ ચાહ કછુએ ન સરી હૈ;
જો જો તેં વિચાર્યો સો સો ભયો ઔર ભાંતિ, સેવા સંગ છૂટયો સુખ કૌન ગતિ કરિ હૈ;
વલ્લભ સુજાન કરિ હૈ સો જામેં તેરો હિત, તેરે હિત વિન નેક હૂ ન કહું ટરી હૈ. ૨૭

સ્વારથ સુખારથકે સ્વાદ બહુ ભાંતિમનમેં, લાયો મન મેરો પૈ ન લગ્યો એક પલકે;
જહાં અભિરામ તોકો તહાં ન વિરામ નેક, વામ અરૂ કામ તેં છુડાયો છલબલ કે;
આપનો બિગારવેકો આપને અનેક ભાંતિ, ઉદ્યમ કીયો, પેં રક્ષા કીની આપ ઢલકે;
આપ તે નિરોધ કરિ બોધકે પ્રબોધ કરી, કેવલ સ્વરૂપબલ રાખ્યો મોહે બલકે. ૨૮

આજ લોં અયોગ્યતા અલેખે આપ કરી તેં તો, એ તો સમજાયો અબહુ તો કછુ લજ રે;
વિપ્રયોગ રસ અન્ય રસ રસહીમેં કીનો, ભીનો સ્વાદ હીમેં અજહૂ પ્રપંચ તજ રે;
મનહિ સોં મન સમજાઉં માન કહ્યો મેરો, મરિવેકો ભયો અબ તૈસા સાજ સજરે;
નિર્દોષતાસું દોષ આપનો વિચાર મન, ગોકુલેશ ગોકુલેશ ગોકુલેશ ભજ રે. ૨૯

પ્રથમ હિલગનકી ડોરિ જોરી વલ્લભ સોં, નીકે અરૂઝાયે આછે પાછેં સબ કરિયે;
તન મન પ્રાણ વચ ક્રમ ભાવાધીન કરિ, રસહીમેં સાનિકે રસીલે આગે ધરિયે;
ઇંદ્રીય સકલકો નિરોધ કેં પ્રબોધ કરિ, પ્રણય સહિત ઉનહીમેં અનુસરીયે;
સ્વરૂપહીમેં રતિ અરૂ રતિહુ સ્વરૂપહી સોં, યા મેં રસબસ હોય આન પરહરિયે. ૩૦

શ્રીગોકુલેશજીકો જશ મેરે અભિગમ યેહી, પ્રમાન ગ્રંથ મતિ કહો મેરે આગે કોઉ;
એઈ મેરે ધન સર્વસ મેરે એ સ્વરૂપ, યાકો રૂપ લીલા ગુન કહો મેરે આગે કોઉ;
ઈન હી સોં રસ, અનરસ ઔર બાતનમેં, કાન ન સુહાય, જીન કહો મેરે આગે કોઉ;
એહી રસહીમેં રસ, આન રસ ફીકો લાગે, નિરસ અદીઠ બિન દેખે પાછે લાગેકો. ૩૧

પ્રકટ પ્રમેય પ્રાણવલ્લભ સુખદ એસે, સ્વરૂપ સમીપ બિન, સુખ કો ન લેશ હૈ;
સબે દુ:ખદાયક, ન લાયક, ન સહાયક કો, લૌકિક અલૌકિક સે દુ:ખકે વિશેષ હૈ.
સેવા સુખ સંગ ભગવદીય કો આઠો જામ, મન વિરમાયવેકો, ઉલટોએ કલેશ હૈ;
જશ ગુન કથા ગ્રંથ પાઠ ભગવદ નામ; નેહીકે વિરામકું એ વૃથા ઉપદેશ હૈ. ૩૨

અહંકાર અભિમાન ઈર્ષા તૂ તજ સબ, ભજ ગોકુલેશ મેરી શીખ માનિ લીજીયે;
પાખંડ પ્રતિષ્ઠકો પ્રસિદ્ધ દોષ જાનત હૈ, આપ અપરાધ કહ્યો કૌન કામ કીજીયે;
જામેં હે પતન સો જતન કરિ નીકે કરિ, હિત હી સુ હિત કરિ ઔર છાંડિ દીજીયે;
જામેં પ્રાણવલ્લભકી રુચિ રસદાયક હે, તામેં મન સાનિ સાનિ એહી રસ પીજીયે. ૩૩

અહંકાર અભિમાન ઈર્ષા કપટ ક્રોધ, પાખંડ પ્રતિષ્ઠા દંભહીમેં ઘાલી રચ્યો હું;
મદ અરૂ મત્સર કુકર્મ ક્રિયા હીન લોભ, દ્રોહ દ્વેષ અધમ ક્રિયા મેં સાનિ સચ્યો હું;
કુબુદ્ધિ કૃતઘ્નતા અરૂ કુટીલાઈ વ્યાપી સબ, ઈન્દ્રિય વિષયનેં જ્યોં નચાયો તેસે નચ્યો હૂં;
ગોકુલકે નાથ જુ તુમારે બીછોહ એસી ગતિ, કાઢીએ કૃપાલ દોષીહીમેં આય પચ્યો હૂં. ૩૪

બિગાર લે બિકાતો, અંગકો લગાવે રૂચિકરિ, શુચિકરિ માને જાને ન અહિત હિત કું;
કરે અપરાધ આપ, અપનો ન માને દોષ, દોષ કહે તાસુ રોષ કરે આપ નેહિ ચિત્તકું
હાર નહિ માને એ સ્વભાવે એસો નિત્ય કૂં, શરણ સંભારે નહિ મરવેકો ડર નેક;
દીનતા ન કરે કહા કહું જીય ક્રિતકૂં, કૃત્યહૂકો પક્ષપાત કરે અહંકાર લીયે;
એક મેં કહત જો પેં સીખ મેરી માનો મીત, હિતકી જો જાનો તો તો આનો મન માંહિયે. ૩૫

આન દોષ કહે દોષ ઉનકો ઘટક જાત, આપકો લગત દોષ તાતે ન કહાઈયે;
સ્વકીયનકું શીખકો કહી પ્રાણવલ્લભજુ, દોષ કાહુકો ન મનમાંઝ આન્યો ચાહીયે;
દોષ કાહુકો કહે સો આપ નિર્દોષ જાને, આપુ દોષ જાને તો બીરાનો કહે નાહીંયે. ૩૬

જો લોં પ્રાણવલ્લભ કે દાનકો ન જ્ઞાન તોહે, તૌલોં તૂં અજ્ઞાન ભૂલ્યો ફિરે જીત તિતકું;
મારગકી રીતહીમેં સાધનકી સાધ રહે, આરાધન આધુનિક જાનત ન ચિત્તકું;
યથારથ એ પ્રગટ સ્વરૂપકૌ જો જાન્યો હોત, તો તો હેત દાનહુકો જાને આપ હિતકું;
જાને તો તો તુચ્છ કરિ માને સબ સાધનકું, માધુરી સ્વરૂપકી જો ચાખી હોય નિતકું. ૩૭

સવૈયા: મન લૈ મન દૈ મનમોહનકું, મનમેં ધરિ રૂપ કરે રસપાનો;
આરતસો આપુનો અંગ આનકે પ્રાન પ્રિયાકે સ્વરૂપકૌ સાનો;
ગેહ કે દેહ સુખારથકો સુખ નેહ વિના મનમેં નહિ આનો,
ગોકુલનાયકકી રતિસું રતિ યા સુખકો સુખ કૌ ન બખાનો ? ૩૮

કવિત્ત

જીયકે સંબંધમાંઝ હિતકી અપેક્ષા કીએ, મન બહેકાયો પે ન હાથ કછુ આયો હૈ;
વિષયી કુટિલ વ્યાભિચારમાંઝ હિત કૈસો, નેહકો ન નાતો જાને સ્વારથસું ખાયો હૈ;
મૃગજલ તૃષ્ણાકરી આશા મનમાંઝ ધરી, ધાયો ધામ છાંડી ધામ, બોહોત દુ:ખ પાયો હૈ;
તાતેં તૂ સમજ શુભ આપનો બિચારી મન, ગોકુલેશ ભજ દુ:ખ સબે બિસરાયો હે. ૩૯

સવૈયા : જામેં નહીં હિતકો અંશ એકહું; નેકહુ ન નેહ સંબંધકો નાતો;
પ્રીતિકી રીતિ લહે ન રહે કહું, સ્વારથમાંઝ ફિરે લલચાતો;
નેહકી કાન ન હાનિ ગિને નહીં, ન ડરે ધર્મ તે એક હૂં ભ્રાંતો;
એસો કો સંગ છુડાય તતછિનુ, લે અપનો મન રાખીયે હાંતો. ૪૦

યા જગમેં જગતીતલમાંઝ પ્રવીન તેઈ જેઈ નેહકો જાને;
નેહીસોં નેહ અનેહીસો ના હિત, નેહી જહાં હે તહાં મન માને;
લગે નહિ ચિત્ત અન્યત્ર, કહું બિનુ નેહ, રુચે નહિ નેકહુ આને,
ધીરે ધરે ન, અધીર રહે, બિન પ્રેમ પ્રિયારસકે રસપાનો. ૪૧

કવિત્ત

સોઈ ભગવદી ભગવદ ગુન ગાયક હે, સોઈ જ્ઞાન પૂરો શુરો પરમ ઉદાર હે;
સોઈ રસ લીન હે, કુલીન વિદ્યાવાન સોઈ, સોઈ પ્રેમપાનરૂપ ભાગ કે અપાર હે;
વેદ ભાગવત ભેદ ગીતા ગ્રંથ દોહનકો, જાન્યો જગમાંઝ તિન સારહુકો સાર હે;
ગોકુલેશજાુકે પદરેનું સનમુખ રતિ, વાકી મતિ સમ કૌનકીએ અનુહાર હે. ૪૨

જામેં ગોકુલેશજાુકે નામ ગુન લીલા નાહિ, સોઈ પદ અક્ષર સબ કોન કામ ગાઈએ ?
જેસે તૃષા આતુર તે આરત સમાયવે કો, કહા સચુ પાય મૃગજલ પાછે ધાઈએ ?
જાકે મન બચ ક્રમ ધેય પુરૂષારથ એ, સ્વરૂપ સુહાતો નાતો તાસો તાકે જોઈએ;
એઈ ફલ સાધન અરૂ ફલ સર્વાત્મકો, ગોકુલેશ નામ પ્રતિછિનું અબગાઈયે. ૪૩

એઈ નામ નિરભય અભયદાન દાયક હે, એઈ નામ ધામ ધામ, રટે આઠો જામ હો,
એઈ નામ ઉદિત સુધારક પ્રભાકર હે, સાગર ઉજાગર જગત અભિરામ હે;
એઈ નામ ભક્તિરસ બોધક નિરોધક હે, પ્રણયરસ પુષ્ટિરસ પ્રબોધક ધામ હે;
અખિલ અલૌકિકકો સાર સુખ જીવન એ, ગોકુલેશ ગોકુલેશ ભજવેકો નામ હે. ૪૪

એક બેર ચિંતન કે કીયે ચિંતા દૂરી હોય, અપૂરન રહે ન જો અપેક્ષા રસદાનકી;
અક્ષર એ ચારિ, ચારિ જાુગમેં પ્રસિદ્ધ સિદ્ધ, રિદ્ધ હુકી નિધિ, કોન કીજે યા સમાનકી;
ભક્તિ અરૂ લીલાજાુત સ્વરૂપ એ અક્ષરમેં, યામેં ગતિ મિલન વિયોગ રસપાનકી;
ગોકુલેશ યહ નામ પૂરનસકલકામ, માનિ મેરો કહ્યો મેં કહત હૂં નિદાનકી. ૪૫

ગોકુલેશ ગોકુલેશ ગોકુલેશ યહ નામ, રસના તૂ આઠો જામ અંતરમેં રટરે;
તર હૂ તે તર, પટતર નાહી આન કોઉ, જાને કૌન કૃપા હૂ તે આયો તેરે બટરે
સ્વરૂપ સહિત તૂ ઉચ્ચાર યેહી ભાંતિ કરિ, શ્વાસ આવાગમનમેં એસે દિન કટિરે;
સમય બિચારિ સાવધાન વ્હે સુરતિ કર, મનકે સ્વભાવકી તૂ છાંડિ ખટપટરે. ૪૬

પૂરણ પ્રકટ પુરુષોત્તમ પ્રમેય જૈસે, તૈસો નિજ નામ સ્વપ્રતાપકે ઉમંગમેં;
જૈસે દિનમણી આપ કિરણ સહિત રાજે, પ્રગટ ઉદ્યોત જ્યોત આભા જૌં તરંગમેં.
સ્વરૂપ પ્રભાવ લીલા ગુન કૃત વાસ્તલ્યકે, નામ ધરે પ્રકટ પ્રમાણ કરે અંગમેં;
કાહુ નહીં કહ્યો કાહુ ધર્યો નાહીં નામ યહ, ગોકુલેશ નામ આપ લિયે આહે સંગમેં. ૪૭

પુષ્ટિ પુષ્ટિ મારગ સો પ્રકટ દિશ પ્રકટ, પ્રમેય સ્વરૂસોં જહાં રસકો વિલાસ હૈ;
સંભાષન ઈક્ષણ સ્પર્શ નિત હાવભાવ, સુરસ પરમ નિત નવીન હૂલાસ હૈ;
સાધન સ્વરૂપ અરુ ફલ હૂ સ્વરૂપ જહાં, વિરહ સંજોગ ભોગ અધરામૃત આશ હૈ;
યેહિ શુદ્ધ પુષ્ટિ, આન પૂજા મર્યાદા સબ, શ્રીમુખતેં બાત કહી બાત યે પ્રકાશ હે. ૪૮

નેહ નિરવિધ નિરહેતુક નિરંતર હે, સાધન રહિત જહાં સ્વરૂપ સુહાયો હે;
આરત અસહી ઉર આતપ સહિત અંગ, સ્વારથ ન લેશ સુખ આપનો ન ભાયો હે.
વાત્સલ્ય વિવિધ રસ વલ્લભકે હિતમાંઝ, હેતુ ન બિચારિ કછુ યામેં હેતુ પાયો હે.
યેહિ શુદ્ધ પુષ્ટિ, આન પૂજા મર્યાદા સબ, ગ્રથં મતિ ઔર કહે મેરે મન નાયો હે. ૪૯

આરત અસહી પ્રાણ વલ્લભકે દેખવેકી, દેખેહૂ ન ચૈન નેન રૂપ રસ પાગ્યો હે;
જહાં જહાં પલક પસારૂં તહાં પ્રાણપ્રિય ભાવ ઉદ્‌બોધ રસમાંઝ અનુરાગ્યો હે.
એહી રસ આરતકો રૂપ ન કહ્યો પરત આવે ન, અક્ષરમેં, મનહી મન લાગ્યો હે;
એહી શુદ્ધ પુષ્ટિ, આન પૂજા મર્યાદા સબ, ગ્રથં મતિ ઔર કહો મેરે મન ત્યાગ્યો હે. ૫૦

નખહૂતેં શિખલોં શૃંગાર સુખરૂપ કરિ, અંગ ઉપયોગ ભોગ હિત આગે ધરિયે;
અંતર રમણ મેં સ્વરૂપ સન્મુખ કરિ, ભાવકે તરંગ ઉપજાય અંક ભરિયે;
હઠ કરિ માન કરિ, પ્રતિઅંગ દાન કરિ, એઈ રસ પાન કરિ, રસવસ કરિયે;
વિનય દીનતા સોહાગ મદ સર્વાત્મના, એહી રચના સોં રચી આન પરિહરિયે. ૫૧

હૃદયકમલ બીચ ભાવ ભરિ આગે ધરિ, પ્રાર્થના કરિ હો પ્રાણવલ્લભસું દાનકી;
અન ઉપયોગ એ શરીર ઉપયોગ દીજે, રસજોગ કીજે લાજ ગહે નિજ બાનકી;
એહી સેવા બિનું, સેવા રહિત જો નિશદિન, જાત છિનું છિનું કહા કહું મેરી હાનકી;
તુમ હોં પ્રવીન દીન જાનિ અપનાઈએ જુ, માન લીજે આપતે એ વિનતિ નિદાનકી. ૫૨

કાહૂસોં હંસત બિલસત રસ કાહુસું રે, કાહુસું કૃપકી દૃષ્ટિ મુસિકાત હૈ;
કાહૂસું બસિઠ નૈંન કાહુસો રચત બૈન, કાહુ સો જગાવે મેન સેનનમેં બાત હૈ;
કાહૂકો અધરપાન કાહૂકો ચુંબનદાન, કાહૂ અંક ભરિ પરસત સબ ગાત હૈ;
કાહુ વસ કરિ, બસ હોત આપુ કાહુ સાથ, ગોકુલકે નાથ કાહૂ દેખે લલચાત હે. ૫૩

એકનકો કુચ કરિ પદ અંબુજ પેલોટત હેં, એકનકો કુચ કરઅંબુજ મેં ગહ્યો હે;
એક વિપરીત રસ આસન રચિકે રતિ, કરત બિનોદ અતિ જામેં રસ રહ્યો હે;
એક બીરા શ્રીમુખમેં દેત ચીપકારિ કરિ, ચુંબન કરત મુખ જૈસે મન ચહ્યો હે;
એક પંખા કરતિ ધરતિ અભિલાખ મન, એકનસોં પ્રિય મુસિકાય કછુ કહ્યો હે. ૫૪

નૈન મેનભરે સતરાયે સનમુખ કરિ, ભ્રકુટિ મરોરમેં કરોર દીજીયત હે;
વરૂની સુધારિ ઝિઝિકાર દે બદન મોર, અધર ફરકનેં રસ પીજીયત હે;
ભામિનીકો ભાવ દેખ રિઝે પ્રાણવલ્લભજી, મન બસ કરિ રસવસ કીજીયત હે;
એઈ ઉભય રસ અવિલોક દાસદાસીજન, કરિ અભિલાષ રસહીમેં ભીજીયત હે. ૫૫

ઉત્તમ મધ્યમ અધમાદિ ભગવદીય હૂં, સૂષ્ટિકે સમાન અંગીકાર ભેદ કીયો હે;
જોગ્યતા વરન અધિકાર ભેદ ભાવ ભેદ, જુત જૈસો તૈસો દાન દીયો હે;
જેઈ જેસી ભાંતિકો સોં તેસી ભાંતિ પર્યો આય, ઔર ન સુહાય વાકો વેઈ માન લિયો હે;
જિન ચાખી માધુરી મધુર ગોકુલેશજુકી, રૂપ ઉરઝાનો ઉન વેઈ રસ પીયો હે. ૫૬

સ્વકીય સમાજકો શૃંગાર સન્મુખ કરિ, પૂછયો પ્રાણવલ્લભ પ્રણયસર ભરિકે;
કહ્યો તુમ્હારે પુરુષારથ કહા હૈ, કહ્યો રાવરે ચરન યહ સ્વરૂપ અનુસરિકે;
યહ સુનિ કહ્યો તબ, તુમ તો હો અંગ મેરે, આંખ નાક મુખ કર હૃદયસો ધરિકે;
નિજ પુરુસાત્તમતા અરૂ નિજ પુષ્ટ રસઈ, જ્ઞાપન સ્વકીયનકું કહ્યો પ્રકટ કરિકે. ૫૭

ઈતિશ્રી મનપ્રબોધ ગ્રથં શ્રીગોપાલદાસજી કૃત સંપૂર્ણ

કૃપા દાનતે પાઈએ, કહે ન સમજે કોય ।
કૃપા જુ સાધન દાનકો, દાન કૃપાતેં હોય ।।